CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

જૈનધર્મ સહુથી વધુ પ્રાચીન અને જીવંત ધર્મ

5279

મૂળ લેખક:-
શ્રી જ્યોતિપ્રસાદ જૈન M.A., LL.B.
અનુવાદક:-
શ્રી હેમંત જે. શાહ M.A., B.Ed.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

જૈનધર્મ સહુથી વધુ પ્રાચીન
અને
જીવંત ધર્મ

મૂળ લેખક :
શ્રી જ્યોતિપ્રસાદ જૈન M.A., LL.B.

અનુવાદક :
શ્રી હેમન્ત જે. શાહ M.A., B.Ed.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

અનુવાદ પ્રકાશિત કરનાર :

શ્રી સી. એમ. શાહ એન્ડ ફેમિલી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ

૪૭, 'ચન્દ્રાલય' સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯

અંગ્રેજીમાં મૂળ લેખક :

શ્રી જ્યોતિપ્રસાદ જૈન, M.A., LL.B.

અંગ્રેજીમાં પ્રકાશક :

જૈન સંસ્કૃતિ–સંશોધન મંડળ
બનારસ (સન ૧૯૫૧)

ગુજરાતીમાં અનુવાદ કરનાર :

હેમન્ત જે. શાહ, M A., B.Ed.

પ્રથમ સંસ્કરણ : નકલ ૫,૦૦૦
જાન્યુઆરી : ૧૯૭૯

મૂલ્ય :
સદ્વાચન

State Museum Library Lucknow
5279

પ્રિન્ટર્સ :
અવનિ ટ્રેડર્સ
બીજે માળે, રતનપોળના નાકે,
ગાંધીરોડ, અમદાવાદ–૧. [ફર્મો ૧ લો ચે. ૧ થી ૧૬]

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પ્રકાશકીય નિવેદન...

અત્રેની જાણીતી 'શ્રી પ્રકાશ હાયર સેકન્ડરી સ્કૂલ'ના પ્રિન્સીપાલ અને અમારા સ્નેહી શ્રી હેમન્તભાઈ જેઠાલાલ શાહે થોડાક સમય પહેલાં એક અંગ્રેજી પુસ્તિકા વાંચવા મને આપી. શ્રી જ્યોતિપ્રસાદ જૈન (એમ. એ., એલએલ. બી.)એ લખેલી અને બનારસના 'જૈન સંસ્કૃતિ-સંશોધન મંડળ' તરફથી પ્રગટ થયેલી, 'જૈનીઝમ : ધિ ઓલ્ડેસ્ટ લિવીન્ગ રીલિજિયન' નામની એ પુસ્તિકા હું બે-ત્રણ વાર ધ્યાનપૂર્વક વાંચી ગયો. વાંચ્યા પછી મને લાગ્યું કે જૈનકુળમાં જન્મેલા અને જૈન-સંસ્કારોથી સુવાસિત બનેલા જીવો, શ્રી જૈનધર્મ અનાદિ કાળથી ચાલ્યો આવે છે—એમ શ્રદ્ધાપૂર્વક માને એ સ્વાભાવિક છે; પરંતુ બીજા કુળાદિમાં જન્મેલા અને જૈનકુળમાં જન્મવા છતાં જૈન-સંસ્કારોથી દૂર રહેલા જૈનો પણ, આવી શ્રદ્ધા ન ધરાવતા હોય અને આજના ઇતિહાસ વગેરે અધૂરાં સાધનો દ્વારા મેળવેલાં કેવળ બુદ્ધિગમ્ય તારણોને જ અંતિમ સત્યરૂપે સ્વીકારતા હોય—એ પણ સ્વાભાવિક જ છે. આ પરિસ્થિતિમાં "જૈનધર્મ, હિન્દુ કે બીજા કોઈ ધર્મની શાખારૂપે ઊતરી આવેલો કોઈ સંપ્રદાય હોય" એવી, કે "જૈનધર્મ, આશરે ૨૫૦૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા શ્રી મહાવીરે પ્રવર્તાવ્યો હોય અને તેથી જ એ પહેલાં એનું અસ્તિત્વ જ ન હોય" આવી આવી અનેક ગેરસમજ આજના જૈન કે જૈનેતર શિક્ષિતોમાં પ્રવર્તતી હોય—એમાં આશ્ચર્ય નથી. પ્રસ્તુત પુસ્તિકામાં, આવા સુશિક્ષિતોને ય સ્વીકાર્ય બને એવાં ઐતિહાસિક પ્રમાણો અને ઉદાહરણો રજૂ કરીને, ઉપર જણાવી તેવી બધી ય ગેરસમજ દૂર કરવાનો જે સફળ પ્રયત્ન થયો છે તે મને ઉપયોગી લાગ્યો અને ગુજરાતીમાં આ સાહિત્ય મળે તો તે વધુ ઉપયોગી બનશે એમ પણ મને લાગ્યું. અમારા ટ્રસ્ટ તરફથી આ કાર્ય કરવાની ભાવના મેં શ્રી હેમન્તભાઈ આગળ રજૂ કરતાં તે તેમણે આવકારી અને આ અનુવાદ પ્રગટ કરવા માટે, મૂળ લેખક શ્રી જ્યોતિપ્રસાદ જૈનની જરૂરી અનુમતિ પણ મેળવી આપી. આ રીતે આ શુભ કાર્યમાં સહાયક બનવા બદલ શ્રી હેમન્તભાઈ, શ્રી જ્યોતિપ્રસાદ જૈન તથા જૈન સંસ્કૃતિ-સંશોધન મંડળ (બનારસ)નો અમે આભાર માનીએ છીએ.

આવા વિદ્વત્તાપૂર્ણ લખાણના અનુવાદનું કાર્ય પણ સહેલું નથી હોતું. એ કામ કરી આપવા બદલ, જાણીતા અનુવાદક શ્રી પ્રદ્યુમ્ન એમ. ત્રિવેદી,

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

એમ. એ. (ફતાસા પોળને નાકે, ગાંધી રોડ, અમદાવાદ-૧)નો પણ અમે આભાર માનીએ છીએ.

હવે આવા જવાબદારીભર્યાં અને સૈદ્ધાંતિક દૃષ્ટિએ મહત્ત્વના પ્રકાશનમાં શાસ્ત્રીયતા જળવાઈ રહે એ દૃષ્ટિએ તેનું સંશોધન કરી જરૂરી સૂચનો અને સુધારા કરી આપવા અમે શ્રી જિનશાસનના પરમ પ્રભાવક, સુવિહિત શિરોમણિ, વ્યાખ્યાન-વાચસ્પતિ, મોક્ષમાર્ગના પ્રરૂપક અને અમારા પરમોપકારી ધર્મદાતા પરમપૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજને વિનંતી કરતાં, તેઓશ્રીએ મૂળ પુસ્તક તથા તેનો તૈયાર કરાવેલો અનુવાદ ખૂબ ઝીણવટથી જોઈ અનેક ઉપયોગી સૂચનો તથા સુધારા સૂચવ્યા, તે તેઓશ્રીના અમારી ઉપરના મહાન ઉપકારોમાંનો એક વધુ મહાન ઉપકાર છે. આ પ્રકાશનના સંશોધનના કાર્ય દરમિયાન, પ્રસંગ પામીને તેઓ શ્રીમદ્ આપેલા માર્ગદર્શનને અનુસારે પ્રસ્તુત પુસ્તક અને તેના આ અનુવાદની મર્યાદા અંગે પણ થોડી સ્પષ્ટતા કરી લઈએ.

ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ, સત્ય-અસત્ય જેવાં સારાં અને નરસાં તત્ત્વો જગતમાં અનાદિકાલથી ચાલ્યાં આવે છે. તેમાંથી એકેયને પ્રાચીન કે અર્વાચીન ગણી શકાય એમ નથી. સારાં તત્ત્વો આદરવાલાયક અને ખોટાં તત્ત્વો તજવાલાયક હોવાનું સાચું કારણ એ છે કે સારાં તત્ત્વોનો આદર અને ખોટાં તત્ત્વોનો ત્યાગ આત્મોન્નતિમાં સહાયક બને છે. વસ્તુના ગુણ-દોષ વિચારીને જ તેનો આદર કે ત્યાગ કરવો એ વિવેકીનું કામ છે. કેવળ પ્રાચીન કે અર્વાચીન હોવા માત્રથી કોઈ વસ્તુ આદરવાલાયક કે છોડવાલાયક બની જતી નથી, કારણ કે પ્રકાશ અને અંધકારની જેમ સારાં અને નરસાં તત્ત્વો પરસ્પર સાપેક્ષ અને માટે જ અનાદિકાલથી વિદ્યમાન છે. ધર્મની બાબતમાં ય આ જ વાત લાગુ પડે છે. જૈનધર્મ અનાદિકાલથી ચાલ્યો આવે છે પણ ક્યારે ય સમસ્ત વિશ્વમાં એકલો જૈનધર્મ જ હોય અને ધર્મ તરીકે ઓળખાતો બીજો કોઈ માર્ગ-વ્યવહાર વિદ્યમાન ન હોય એવું બન્યું નથી. તેથી "જૈનધર્મ બધા ધર્મો કરતાં વધુ પ્રાચીન છે અને માટે જ શ્રેષ્ઠ છે" એવું માનવું બરાબર નથી. જૈનધર્મ બધા ધર્મો કરતાં શ્રેષ્ઠ જરૂર છે પણ તેમ હોવાનું કારણ એ છે કે જૈનધર્મ અનંતજ્ઞાનીઓએ-સર્વજ્ઞોએ—ઉપદેશેલો ધર્મ છે અને માટે જ એ ધર્મમાં જીવનું, કર્મનું, તે બેના સંયોગનું અને તે બેના વિયોગનું જેવું સૂક્ષ્મ અને સચોટ સ્વરૂપ જોવા મળે છે તેવું બીજા કોઈ ધર્મમાં જોવા મળે એમ

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh
નથી. જૈનધર્મના નાના-મોટા કોઈ પણ સિદ્ધાંતો કે આચારો જોતાં સ્પષ્ટ છે કે તે ધર્મ કોઈ પણ ધર્મનું અનુકરણ નથી અને ખરું જોતાં બીજો કોઈ પણ ધર્મ તેનું અનુકરણ કરી શકયો નથી. આ વિશેષતામાં જૈનધર્મને સૂર્ય-પ્રકાશ સાથે સરખાવી શકાય. સૂર્ય-પ્રકાશ જ્યાંથી નીકળે છે તે સૂર્યનું તેજ, સૂર્યનું પોતાનું છે; બીજા કોઈનું ય લીધેલું તે તેજ નથી. માટે જ સૂર્ય-પ્રકાશ, બીજા બધા પ્રકાશ કરતાં ઉજળો છે. સૂર્ય-પ્રકાશ, બીજા કોઈ પ્રકાશ જેવો નથી અને બીજો કોઈ પ્રકાશ, સૂર્ય-પ્રકાશ જેવો નથી. આ રીતે જૈનધર્મના ઉપદેશક શ્રી અરિહંતદેવો સર્વજ્ઞ હોવાથી સ્વયંપૂર્ણ છે અને માટે જ તેમના આ ધર્મ જેવો બીજો કોઈ ધર્મ નથી અને બીજા કોઈ ધર્મ જેવો ય આ ધર્મ નથી.

જૈનધર્મની આ ભૂમિકા જોતાં તે અનાદિકાલથી ચાલ્યો આવતો હોવાની વાત શંકા વગરની છે. ભલે આજનો ઇતિહાસ તે સ્વીકારે કે ન સ્વીકારે, પણ સાચી વાત એ છે કે આજના યુગમાં વૈજ્ઞાનિક સાધન મનાતો ઇતિહાસ, વિજ્ઞાનની જેમ જ સતત પ્રયોગશીલ રહ્યો છે. વિજ્ઞાનની જેમ જ ઇતિહાસનો પણ કોઈ ચોક્કસ આધાર નથી. એના માપદંડ સદા બદલાતા રહ્યા છે. આજના છેલ્લામાં છેલ્લા મનાતા સાધનને આધારે બાંધેલો ઇતિહાસનો આજનો નિર્ણય આવતી કાલે બીજું સાધન મળતાં જ બદલાવાનો છે. બીજા વિષયોને બાજુ રાખીએ તો ય પ્રસ્તુત જૈનધર્મના અસ્તિત્વ વિશે ય આ ઇતિહાસવિશારદોની માન્યતાઓ કેવી પરિવર્તનશીલ રહી છે; તે આ પુસ્તકમાંથી જોઈ શકાય છે. જો કે આમ છતાંય જૈનધર્મના મૂળ વિષે, શ્રદ્ધાની દૃષ્ટિએ નહિ પણ તાર્કિક દૃષ્ટિકોણથી વિચારતાં ય ઇતિહાસના ઊંડા સંશોધક ગણાતા ભારતીય અને વિદેશી વિદ્વાનોને આ ધર્મ કેટલો મૌલિક લાગ્યો છે; એ જાણવા આ પુસ્તક ઉપયોગી છે. અને એ દૃષ્ટિએ જ તેનો આ અનુવાદ કરવામાં આવ્યો છે. બાકી તો આજનાં વૈજ્ઞાનિક કે ઐતિહાસિક સંશોધનોની અધૂરપ જોતાં તે માન્યતાઓ સંપૂર્ણ રૂપમાં સ્વીકારવાની હોય જ નહિ. આજનાં વિજ્ઞાન કે ઇતિહાસ કોઈ 'અંતિમ સત્ય' જાણવા-બતાવવાનાં સાધન નથી, વધુમાં વધુ તે 'આજની અંતિમ ધારણા' બતાવનારાં શાસ્ત્ર છે. માણસની દૃષ્ટિમર્યાદાનો છેડો આવે ત્યાં એને ધરતી અને આભનો છેડો આવી ગયેલો દેખાય છે. એને આપણે ક્ષિતિજ તરીકે ઓળખીએ છીએ, પણ આપણે જાણીએ છીએ કે આ ક્ષિતિજ વાસ્તવમાં દૃષ્ટિભ્રમ સિવાય બીજું કાંઈ નથી. એ દેખાતા ક્ષિતિજે પહોંચતાં જ બીજું, અને ત્યાં પહોંચતાં વળી ત્રીજું ક્ષિતિજ નજરે પડે છે. આજનાં સંશોધનો અને તેના જાહેર કરાતા નિર્ણયો એ આવી ભ્રમ-યાત્રાઓ છે. તેથી આ પુસ્તિકામાં જે જે

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

વિદ્વાનોનાં અનુકૂળ અવતરણો ટાંકવામાં આવ્યાં છે, તે જ વિદ્વાનોએ બીજાં સ્થળોમાં જૈન-સિદ્ધાન્તથી વિપરીત વિધાનો કર્યાં હોય, તેમાં લેશ પણ અમારી સંમતિ સમજવાની નથી, આ પુસ્તિકાનો ઉપયોગ કરનારા વાંચકો અમારી આ ભૂમિકાને વિચારશે અને આવકારશે એવી આશા રાખીએ છીએ.

અંતમાં નિર્ગ્રન્થ સુવિહિત સદ્ગુરુઓની સેવામાં રહી, શ્રી વિતરાગદેવ પ્રણીત જૈનધર્મની સર્વોત્તમતાને હૃદયમાં સુસ્થિત કરવા દ્વારા શ્રી સમ્યગ્દર્શનની નિર્મલ પ્રાપ્તિ અને આરાધના કરી કલ્યાણકામી જીવો વહેલી તકે પોતાના પરમ પદને સુલભ બનાવે એ જ એકમાત્ર શુભાભિલાષા સેવીએ છીએ.

૪૭, 'ચન્દ્રાલય' સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ડિસેમ્બર, ૧૯૭૮

નિવેદક :
ચંદુલાલ મોહનલાલ શાહ
(એડવોકેટ)
મેનેજિંગ ટ્રસ્ટી,
શ્રી સી એમ. શાહ એન્ડ ફેમિલી
પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

•પરમપૂજ્ય આચાર્યદેવ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજએ અમદાવાદમાં સંવત ૨૦૩૪ની સાલના શ્રી દશા પોરવાડ સોસાયટીમાં કરેલ ચોમાસા દરમિયાન આપેલા ઉપદેશમાંથી શ્રી એમ. શાહ એન્ડ ફેમિલી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સી. એમ. શાહે તૈયાર કરેલ ટૂંકસાર.•

દરેક આત્મા કાયમ માટે સુખમાં રહી શકે એવું સ્થળ માત્ર મોક્ષ જ છે, જ્યાં આત્માને કોઈ પણ પરવસ્તુની જરૂર પડતી નથી. સંસાર કર્મ અને આત્માના સંયોગથી ચાલે છે. જન્મ એ જ સંસાર છે, તેથી અજન્મા થવાની જરૂર છે. સંસાર છોડવા જેવો છે અને મોક્ષ જ મેળવવા જેવો છે. સંસારમાં આત્મા અને તેના ગુણો, તથા સુદેવ, સુગુરુ, સુધર્મ અને સાધર્મિકો તથા સુધર્મની સામગ્રી સિવાય તમામ સુખની સામગ્રી કે જે આત્માથી પરવસ્તુઓ છે : જેમાં પોતાનું મનાતું શરીર, ઘર, પેઢી તેમજ ધંધા, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર વગેરે-વગેરેનો સમાવેશ થાય છે તે બધું હેય કોટિનું હોવાથી છોડવા જેવું છે. પરંતુ આત્મા જ્યાં સુધી હીન સત્ત્વવાળો હોય ત્યાં સુધી તે ન છોડાય તો પણ તે ઉપર અનાસક્તભાવ કેળવી જે ભોગવવું પડે તે એ રીતે ભોગવવું કે જેથી એવાં નવાં કર્મો ન બંધાય કે જેથી સંસાર વધી જાય અને આત્મા દુર્ગતિમાં જાય.

આ જન્મમાં મેળવવા જેવું કાંઈ પણ હોય તો તે ભાવસાધુપણારૂપ સંયમ જ છે અને આવું સંયમ ખૂબ સારી રીતે પાળી છઠ્ઠા ગુણસ્થાનકની પ્રાપ્તિ કરવી અને સાતમા ગુણસ્થાનકનો સ્વાદ મેળવવો. આ સિવાય આ સંસારમાં કોઈ પણ સંસારના સુખ માટેની કોઈ પણ સામગ્રી મેળવવા જેવી નથી, તેની ઇચ્છા પણ કરવા જેવી નથી તો તે મેળવવાની તેમ જ ભોગવવાની તો વાત જ ક્યાં રહી ?

આ સંસાર આત્મા સાથે જોડાયેલાં કર્મોથી ચાલે છે. ભાવસાધુઓ તથા શ્રી વિતરાગ પરમાત્માની આજ્ઞાને પાળતા સુશ્રાવકો વગેરે સિવાયના તમામ સંસારીજીવો કર્મસત્તાએ ત્રણે ભુવનમાં બિછાવેલી જાળમાં કારમી રીતિએ ફસાયેલા છે અને તેઓ તમામનો વાસ વિષયોરૂપી કુટિરમાં છે. તેમાં રાગદ્વેષ રૂપી બે મલ્લો છે તેને આધીન અજ્ઞાન જીવો ક્રોધ, માન, માયા, લોભ રૂપી કષાયોને અને પાંચે ઇન્દ્રિયોના વિષયોને પરવશ છે. તેઓ ઉપર મોહનો એટલે વિષયોનો પાશ પડેલો છે. વળી આત્મા સ્નેહરાગમાં ફસાયેલો છે. આ જાળ દળી નાખવી જોઈએ અને વિષયરૂપ કુટિરમાંથી બહાર નીકળી જવું જોઈએ. સમ્યગ્જ્ઞાન મેળવવું જોઇએ. પાંચે ઇન્દ્રિયો [અને મનના માલિક બનવું જોઈએ, જેથી

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

ઇન્દ્રિયો] તથા મનનો સારો ઉપયોગ કરી ચારે કષાયોને દબાવી તેનો પણ આત્મ-કલ્યાણમાં સારો ઉપયોગ કરી શકાય. સંસારમાં જીવને અનુકૂળ સંયોગો ઉપર ખૂબ રાગ થાય છે અને પ્રતિકૂળ સંયોગો ઉપર ખૂબ દ્વેષ થાય છે. તેવા રાગ-દ્વેષનાં પરિણામો છોડી દઈ સમભાવ કેળવવા જેવો છે. રાગદ્વેષ રૂપી મલ્લોને ગળચીએથી પકડી દૂર ફેંકી દેવા જેવા છે.

સંસાર જીવને વળગેલા કર્મોથી ચાલે છે. તેથી ભૂતકાળનાં કરેલાં કર્મોના ઉદયકાળમાં જે કાંઈ દુઃખ આવે તે તમામ આનંદથી વેઠી લેવા જેવાં છે કારણ કે તે દુઃખ આત્માએ કરેલા પાપના ઉદયથી આવે છે તેથી આનંદથી વેઠી લઈ શકાય. નિર્જરા કરવી તે જ વાજબી છે. શક્તિ હોય તો આવાં દુઃખો તથા આવેલા પરિષહો દૂર કરવા જરાયે પ્રયત્ન ન કરતાં ખૂબ જ આનંદથી વેઠી લેવાં, તેમ છતાં આવાં દુઃખો અને પરિષહો સહન કરવાની આત્માની શક્તિ ન હોય તો પણ તે દુઃખો કાઢવા માટે આત્માએ અનીતિનો કે ધર્મનો ઉપયોગ તો ન જ કરવો જોઈએ. છતાં જરૂર પડે તો નિર્દોષ ઉપાય કરી શકાય અને તે પણ ધર્મ સારી રીતે કરી શકાય તેવો શુભ હેતુ પાર પાડવા માટે જ. તેવી જ રીતે સંસારનાં સુખો પૂર્વસંચિત પુણ્યથી જ મળે તે પણ ભોગવવા જેવાં નથી બલકે ત્યજવા જેવાં છે કારણ કે સંસારનાં સુખો દેખાવમાં કિંપાકના ફળની જેમ ઘણાં મીઠાં હોવા છતાં પરિણામે ઘણાં દુઃખો આપનારાં છે, તેથી આવા સંસારનાં તમામ સુખો જેમાં ઘર-જમીન-વાહનો-કુટુંબ-સ્ત્રી ઉપરાંત પોતાનું કહેવાતું શરીર, તેનો પણ સમાવેશ થાય છે તે બધું છોડી દઈ ભાવસાધુપણાનું જીવન જીવવા માટે સંયમ લેવું ખૂબ જ જરૂરી છે પરંતુ જ્યાં સુધી આવું સાધુજીવન (સત્ત્વની ખામીને કારણે)ન સ્વીકારી શકાય ત્યાં સુધી આત્માએ સંસારમાં એવી રીતે જીવવું જોઈએ કે સંસારમાં આવનાર તમામ દુઃખો ખૂબ આનંદપૂર્વક સહન કરી ભોગવી લેવાં અને સહન ન જ થઈ શકે તો તેને દૂર કરવા ફક્ત નિર્દોષ ઉપાયો કરી શકાય પરંતુ અનીતિનો કે ધર્મનો આશ્રય લઈ દૂર કરવા પ્રયત્ન ન જ કરવો જોઈએ. વળી સંસારમાં આત્માને સંસારનાં સુખોની સામગ્રી અનીતિ કર્યા સિવાય પુણ્યથી જે મળે તેમાંથી જેનો ભોગવટો કર્યા વિના ચાલે તેમ ન જ હોય તે ય આસક્તિપૂર્વક તો ન જ ભોગવવાં.

વળી સંસારમાં મોજમજા કરવા માટે સંસારનાં સુખો મેળવવા તથા ભોગવવા માટે તથા સંસારમાં આવનાર દુઃખો કાઢવા માટે ધર્મનું શરણું કદાપિ લઈ શકાય નહિ. ધર્મકરણી કરવામાં મુશ્કેલી પડતી હોય તે દૂર કરી ધર્મ વધુ સારી રીતે કરવાના એક શુભ હેતુ માટે જ ધર્મનો આશરો લેવાય તો તે જુદી

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

વાત છે. વળી ધર્મની કોઈ પણ નાનીમોટી ક્રિયા આત્માના મોક્ષ માટે જ કરવાની છે. સંસારનાં સુખો મેળવવા કે સંસારમાં આવતાં દુઃખો કાઢવા માટે નહીં જ.

શ્રી અરિહંત પરમાત્માઓની આજ્ઞાને હૃદયમાં ધારણ કરનારા અને આ આજ્ઞાનું યથાશક્તિ પાલન કરવા મથી રહેલા સુસાધુઓ જ ગુરુપદે સ્વીકારવાના છે. શ્રી અરિહંત પરમાત્માએ કહેલી આજ્ઞાનું પાલન કરવું એ જ ખરો ધર્મ છે. આવી રીતે આજ્ઞાનું સર્વાંશે કે ઘણા ભાગે પાલન તો સાધુપણાના જીવનમાં જ શક્ય છે પરંતુ જ્યાં સુધી આવું ભાવસાધુપણું પમાય નહીં ત્યાં સુધી સમ્યગ્દર્શનમૂલક શ્રાવકનાં બાર વ્રતો અગર તો બાર વ્રતો પૈકી જેટલાં વ્રતો અંગીકાર કરી શકાય તેટલાં વ્રતો અંગીકાર કરી તેને સુંદર રીતે પાળી જીવન જીવવું જોઈએ.

આત્માને અજન્મા બનાવી મોક્ષ પ્રાપ્ત કરવા સારુ દરેક આત્માએ સમ્યગ્-દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર સંપૂર્ણપણે પ્રગટ કરવું જોઈએ. જે મોક્ષમાર્ગ છે; તે માટે સંસારમાં મળતી તમામ સુખની સામગ્રીને લાત મારી છોડી દઈ બનતી વહેલી તકે ભાવસાધુપણું મેળવવું જોઈએ અને ગુણશ્રેણીઓએ ચડી તમામ કર્મોનો નાશ કરી વિતરાગ બની કેવળજ્ઞાન પામી મોક્ષપદ મેળવવું જોઈએ.

આત્મા હીનસત્ત્વશાળી હોય ત્યાં સુધી આત્માએ પોતાનાં કર્મો સાથે લડાઈ શરૂ કરી તેનો નાશ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

જે અશુભ કર્મ બંધાય તે અલ્પસ્થિતિ અને અલ્પરસવાળાં બંધાય તેવું જીવન જીવવું જોઈએ, જેથી કરીને જ્યાં સુધી આત્માનો મોક્ષ થાય નહીં ત્યાં સુધી આત્માનો પરલોક બગડે નહીં અને ધર્મની સામગ્રીવાળી સદ્ગતિ કાયમ રહે.

ટૂંકમાં, બાર ભાવનાઓનું સ્વરૂપ આત્મસાત્ બનાવી બની શકે તેટલો ધર્મ જ આત્માએ કરવો જોઈએ અને નાછૂટકે જ સંસારની પ્રવૃત્તિ કરવી તેવી દરેક આત્માએ અભિલાષા રાખવી.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

શ્રી. સી. એમ. શાહ એન્ડ ફેમિલી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ એક પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ છે. આ ટ્રસ્ટને અપાતાં દાનને મે. કમિશ્નર ઓફ ઇન્કમટેક્ષ ગુજરાત-૩ અમદાવાદ તરફથી તેઓશ્રીના ઓર્ડર નં એચ. ક્યુ. ૩/૩૩-૫૬/૭૪ તા. ૬-૨-૧૯૭૮ થી ઇન્કમટેક્ષ કાયદાની કલમ ૮૦ (જી) ૫ મુજબ કરમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

આ ટ્રસ્ટને મળનાર દાનનો સદુપયોગ શ્રી જૈનશાસનમાં બતાવેલાં સાત ક્ષેત્રો તથા અનુકંપા અને જીવદયાનાં કાર્યો માટે કરવામાં આવે છે.

શા. ચંદુલાલ મોહનલાલ
(એડવોકેટ) મેનેજિંગ ટ્રસ્ટી

શા. રસિકલાલ ચંદુલાલ
(એડવોકેટ) સેક્રેટરી

શ્રીમતિ શારદાગૌરી ચંદુલાલ
શ્રીમતિ કુમુદબહેન રસિકલાલ
(એડવોકેટ)

—ટ્રસ્ટીઓ—

શ્રી સી. એમ. શાહ એન્ડ ફેમિલી
પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

શુદ્ધિપત્રક

પાના નં.	લીટી નં.	અશુદ્ધિ	શુદ્ધિ
૩	૧૭	સાક્ષત્કાર	સાક્ષાત્કાર
૮	૧૦	બુદ્ધેએ	બુદ્ધે એ
૮	૧૬	(P. T. S II. P. ૨૧૫)	(P. T. S. II. P. ૨૧૪)
૯	૫	આમ ગામ સુત્તમાં	સંગામ-સુત્તમાં
૯	૨૧	કરચ્યાયન	કાસ્સાયન
૯	૨૨	B. E., S.	S. B. E.,
૯	૨૩	VOT	VOL.
૧૦	૧૮	સિંહસરચક,	સિંહ, સચ્ચક,
૧૧	૧	લેસ્યનો	લેશ્યાનો
૧૧	૭	ઉપોસથ	ઉપોસથ (પૌષધ)
૧૨	૬	કનૂન	કાનૂન
૧૨	૬	શીલસંપટ	શીલસંવર
૧૩	૪	નિગઠ	નિગંઠ
૧૪	૧૬	કરે છે ?	કરે છે.[૧]
૧૫	૪	શરૂ થયેલો[૩]	શરૂ થયેલો.[૪]
૧૫	૧૭	કરે છે.[૪]	કરે છે[૩]
૧૬	૨	જોઈએ	જોઈએ.[૪]
૧૭	૭	ડી. એલઆઈ. ટીટી.,	ડી. લીટ્ર.,
૧૮	૯	ચતન્યના	ચૈત્યના
૧૮	૨૨	પ્રાત્યો	વ્રાત્યો
૧૮	૨૨	ક્ષત્રિય	ક્ષત્રિય
૧૮	૨૫	૩૩૫-૩૩૬	૩૩૫-૩૩૬
૨૦	૧	શકે કે જૈનધર્મ મહાવીર	શકે કે મહાવીર
૨૦	૩	હતો	હતો.[૧]
૨૧	૧૦	શ્રી. એલ. ડી.	શ્રી એલ. ડી. બરનેટ

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

પાના નં.	લીટી નં.	અશુદ્ધિ	શુદ્ધિ
૨૧	૧૬	એકસફર્ડ	ઓકસફોર્ડ.
૨૧	૧૭	ભારત–	ભારત–પા. ૩–૬.
૨૨	૧	'બુધ'ને	'બુધ'
૨૨	૪	હતા.	હતા[૪].
૨૨	૧૧	છે કે,	છે,
૨૩	૨૬	(૮, ૮, ૮, ૨૪)	(૮, ૮, ૨૪)
૨૪	૬	સ્યાપિત	સ્થાપિત
૨૫	૨૨	દધાતુ	દ્ધાતુ
૨૬	૫	સંભવિતા	સંભવિત
૨૬	૭	જળવાય છે.	જળવાય છે.[૩]
૨૭	૧૮	કર્યા છે	કર્યા છે.[૧]
૨૭	૨૨	'રાક્ષસો'	'રાક્ષસો[૩]'
૨૮	૨	તીર્થંકરો	તીર્થંકરો
૨૮	૨૦	ગ્રંથનાં	ગ્રંથમાં
૨૯	૮	મુનિસુવ્રત	મુનિસુવ્રત નાથ[૪]
૨૯	૧૯	છે.	છે.[૧]
૩૦	૧૧	પદમ	પદ્મ
૩૦	૨૭	આઈ. બી, આઈ. ડી	ઈબીડ.
૩૧	૨૩	PI ૫.	Pt. ૫
૩૧	૨૯	જાવું	જોવું
૩૨	૧૧	કરે છે.	કરે છે.[૨]
૩૨	૧૬	પુસ્તકર	પુસ્તક–૨
૩૨	૧૭	વેખર	વેબર
૩૨	૨૬	મુડકતો	મુંડક તો
૩૩	૨	ઘટાવે છે.	ઘટાવે છે.[૧]
૩૫	૨૦	ગંગનાથ ઝી	ગંગાનાથ ઝા
૩૭	૪	ધર્માનું	ધર્મોનું
૩૭	૮	અનુગાગી	અનુગામી
૩૯	૨૧	લેવાની	લેવાથી
૪૨	૧૩	દીપકામાં	દીપિકામાં

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પાના નં.	લીટી નં.	અશુદ્ધિ	શુદ્ધિ
૪૨	૧૮	દર્શાવે છે.	દર્શાવે છે.[૩]
૪૨	૨૩	કોણુ	કોણુ
૪૪	૧૨	નથી.	નથી.[૩]
૪૫	૧૯	જાતિના	જાતિના[૪]
૪૫	૨૭	સારસો	સાહસો
૪૬	૭	અયોધ્યા	અયોધ્યા[૨]
૪૬	૨૪	દુષ્ટાંતના	દુષ્યંતના
૪૭	૩	તીથંકર	તીર્થંકર
૪૮	૬	મનાય છે[૧]	મનાય છે.[૧]
૪૮	૧૫	હરરાપ્પા	હરરાપ્પા
૪૮	૧૫	પ્રાત્ર	પ્રાગ્
૪૯	૨૨	xx, 2,	XV–2
૫૦	૧૭	દેવીએ શ્રી. હી	દેવીઓ, શ્રી, હ્રી,
૫૧	૨૯	જે. એ.	૪. – જે. એ...
૫૨	૨૬	ડી. લીટ.,	ડી. લીટ્.
૫૨	૨૮	ગ્રથ ૧	ગ્રંથ–૧.
૫૩	૧૧	દ્રાપિડિયન	દ્રાવિડિયન
૫૪	૧૩	પશ્ચિમા	પશ્ચિમ
૫૪	૨૪	લાબા	લાંબા
૫૪	૨૬	આઈ. એ. એસ.	આઈ. ઈ. એસ.
૫૫	૭	XXI	XXII
૫૫	૧૨	પ્રસરેલા	પ્રસરેલો
૫૫	૧૪	જણાય છે.	જણાય છે[૧]
૫૫	૧૬	આવેલું છે."	આવેલું છે"[૨]
૫૬	૧૬	જણાય છે.	જણાય છે.[૧]
૫૬	૨૩	ભડારસહિત	ભંડારસહિત
૫૯	૧૪	જણાય છે	જણાય છે[૩]
૫૯	૨૫	શરૂ કર્યું	શરૂ કર્યું[૪]
૬૦	૭	સ્વીકારાયું છે	સ્વીકારાયું છે[૧]
૬૦	૨૩	મિલક	તિલક

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પાના નં.	લીટી નં.	અશુદ્ધિ	શુદ્ધિ
૬૦	૨૬	બી. સી. લાં,	બી. સી. લો.
૬૧	૯	જોઈએ.	જોઈએ[1]
૬૧	૧૭	અસ્તિતત્ત્વ	અસ્તિત્ત્વ
૬૨	૩	નિગંડ	નિગંઠ
૬૨	૫	સ્પાદવાદમત	સ્યાદ્વાદમત

પાન-૨ લીટી ૨૩ ફૂટનોટ-૪ કરી લખવું Practical Path, Appendix p. 174.

પાન-૧૩ ઉપર-લીટી ૧૩ (પેટા કોલમ-૭)માં ફૂટનોટ-૧ છે તે પાન-૧૪ ની ફૂટનોટ-૧ છે તેમ સમજવું.

પાન-૧૪ ઉપર લીટી ૧૬ ઉપર 'કરે છે?' તેને બદલે 'કરે છે[1]' અને આ ફૂટનોટ પાન ૧૫ ઉપરની, જે ફૂટનોટ-૩ છે તે જાણવી.

પાન-૧૫ ઉપર લીટી-૧૧માં જ્યાં 'પાર્શ્વનાથ' છે ત્યાં ફૂટનોટ-૧ જોઈએ અને તે ફૂટનોટ પાન-૧૬ પરની ૧ છે તે જાણવી.

પાન-૧૫ ઉપર લીટી-૧૪ ઉપર જે ફૂટનોટ-૨ છે તે પાન-૧૬ ની ફૂટનોટ-૨ જાણવી.

પાન-૧૫ ઉપર લીટી-૧૭ ઉપરની ફૂટનોટ-૪ ને સ્થાને ફૂટનોટ-૩ સમજવી અને તે પાન-૧૬ ઉપરની ફૂટનોટ-૩ જાણવી.

પાન-૧૬ ઉપરની ફૂટનોટ જે-૧, ૨ છે તે પાન-૧૭ ઉપર જે ફૂટનોટ ૧-૨ છે તે સમજવી.

પાન-૧૭ ઉપરની ફૂટનોટ-૨માં 'તેમના પોતાના ચૈત્યો પણ હતા [1]' આ લીટી કાઢી નાખવી.

પાન-૧૭ ઉપરની લીટી ૬ ઉપર જે ફૂટનોટ-૧ છે તે બાકી રહી ગઈ છે, તે આ પ્રમાણે છે :

Medieval Sculpture in Eastern India-J. D. L. III 1920, p. 225-246.

પાન-૧૭ ઉપર લીટી નં. ૧૫ ઉપર જે ફૂટનોટ-૨ છે તે પણ બાકી રહી ગઈ છે. તે આ પ્રમાણે છે—

Vaisali-Mahavira's Birthplace-J.A.X.,1, p.-16

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પાન-૨૦ ઉપરની લીટી નં.-૧૫ ઉપર જે ફૂટનોટ-૧ છે તે પાન-૨૧ ઉપરની ફૂટનોટ નં.-૧ છે તે સમજવી.

પાન-૨૦ ઉપર લીટી નં. ૨૪ ઉપર 'મળ્યો હશે' ત્યાં ફૂટનોટ-૨ જાણવી અને તે પાન-૨૧ ઉપરની ફૂટનોટ-૨ સમજવી અને પાન-૨૧ ઉપર લીટી-૧ ઉપર જે ફૂટનોટ-૧ છે, તે, તે જ પાના પરની ફૂટનોટમાંની-૩ જાણવી.

પાન-૨૧ ઉપરની લીટી-૮ ઉપર જે ફૂટનોટ-૨ છે તે, તે જ પાન ઉપરની ફૂટનોટ-૪ છે તે સમજવી.

પાન-૨૧ ઉપર લીટી-૧૧ ઉપર ફૂટનોટ-૩, ૪ અને લીટી-૧૫ ઉપર જે ફૂટનોટ ૪ (૫) છે તે-૫ જોઈએ અને તે ત્રણે ફૂટનોટો પાન-૨૨ ઉપરની ફૂટનોટમાંની-૧, ૨, ૩ સમજવી.

પાન-૨૨ ઉપરની ફૂટનોટ-૧, ૨, ૩, ૪ છે તે પાન-૨૩ ઉપરની ફૂટનોટ-૧, ૨, ૩, ૧ જાણવી.

પાન-૨૩ ઉપરની ફૂટનોટ-૧, ૨, ૩ છે તે પાન-૨૫ ઉપરની ફૂટનોટ ૨, ૩, ૪ સમજવી.

પાન-૨૩ ઉપર લીટી નં.-૧૮ પર જે ફૂટનોટ-૧ છે તે પાન ૨૬ માંની ફૂટનોટ ૧ સમજવી.

પાન-૨૪ ઉપર લીટી નં.-૫ ઉપર 'ભગવાન નેમિનાથ'ની શબ્દ આગળ ફૂટનોટ -૨ જોઈએ અને તે પાન-૨૬ ઉપરની ફૂટનોટ-૨ સમજવી.

પાન-૨૪ ઉપર લીટી નં.-૨૦ ઉપર જે ફૂટનોટ-૧ છે તે પાન-૨૬ ઉપરની ફૂટનોટમાંની-૧ (બીજી વારના) સમજવી.

પાન-૨૫ ઉપર લીટી નં.-૨ માં જે ફૂટનોટ-૨ છે તે પાન-૨૬ ઉપરની ફૂટનોટ-માંની-૨ (બીજી વારના) સમજવી.

પાન-૨૬ ઉપરની જે ફૂટનોટ-૧, ૨, ૩ છે તે, તે જ પાના પરની ત્રીજી વારના ૧, ૨, ૩ નંબરોમાંની સમજવી.

પાન-૨૯ ઉપરની લીટી ૨૦ પરની ફૂટનોટ-૨ છે તે પાન-૩૦ ઉપરની ફૂટનોટ-૨ સમજવી.

પાન-૩૨ ઉપરની લીટી-૧૧ ઉપરની ફૂટનોટ-૨, ૩, છે તે પાન-૩૩ ઉપરની પ્રથમની ફૂટનોટ ૨-૩ જાણવી.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પાન-૩૨ ઉપર [ ] કાઢી નાંખવું.

પાન-૪૪ લીટી ૧૨ ઉપરની ફૂટનોટ ૨-૩ પાન-૪૫ પરની સમજવી.

પાન-૪૫ ઉપરની ફૂટનોટ-૧, ૨, ૩, ૪ પાન ૪૬, ૪૭, ૫૨, સમજવી.

પાન-૪૬ લીટી-૬, ૭ ઉપરની ફૂટનોટ ૧-૨ પાન-૪૮ ઉપરની પ્રથમની ફૂટનોટ ૧-૨ સમજવી.

પાન-૪૬ ઉપરની બીજી વારની ફૂટનોટ ૧, ૨ અને પાન-૪૭ ઉપરની ફૂટનોટ-૩, પાને-૪૮ ઉપરની બીજી વારની ફૂટનોટ-૧, ૨, ૩ સમજવી.

પાન-૪૮ ઉપરની ફૂટનોટ-૨, પાન-૪૯ ઉપરની ફૂટનોટ-૨ સમજવી.

પાન-૪૮ ઉપરની ફૂટનોટ-૧ (બીજી વારની) પાન-૪૯ ઉપરની ફૂટનોટ-૧ (બીજી વારની) સમજવી.

પાન-૫૭ ઉપર લીટી-૧૧ પરની જે ફૂટનોટ-૧ છે તે બાકી રહી ગઈ છે. તે આ પ્રમાણે છે—

On The Original Inhabitants of Bharatawarsa (Westminister and Leipzig 1893) p. 100, also p. 62.

પાન-૫૮ ઉપરની-૧, તથા પાન-૫૯ ઉપરની ફૂટનોટ-૨ તે પાન-૫૭ ઉપરની ફૂટનોટ ૧, ૨ સમજવી. તેમાં ફૂટનોટ-૨ માં 'also see Pre-historic India by P. C. Mitra' એટલું બાકી રહ્યું છે. અને પાન-૫૯ ઉપરની ફૂટનોટ-૧ તે પાન-૫૮ ઉપરની ફૂટનોટ-૧ છે તે સમજવી.

પાન-૫૯ ઉપરની ફૂટનોટ ૩, ૪ છે તે પાન-૬૦ ઉપરની ફૂટનોટ ૩, ૪ સમજવી.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પૂજ્યપાદ પરમ શાસનપ્રભાવક કલિકાલ કલ્પતરૂ સુવિશાલ
ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ



જે તારકની અમોઘ દેશનાથી અનેક ભવ્યાત્માઓ પોતાની શક્તિ અને યોગ્યતાનુસાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્-ચારિત્રની આરાધના કરી રહ્યા છે, તે તારકના અવિસ્મરણીય ઉપકારોની સ્મૃતિમાં સાદર સમર્પણ કરતો સેવક.....

શાહ ચંદુલાલ મોહનલાલ
મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી સી. એમ. શાહ એન્ડ ફેમીલી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ
અમદાવાદ-

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

ઉપોદ્ઘાત

જૈન ધર્મ ભારતનો સૌથી પુરાણો અને સ્વતંત્ર ધર્મ છે એ સાબિત કરવાની જરૂર ન હોવા છતાં ઘણાં કારણોસર આજે એ સાબિત કરવાની આવશ્યકતા ઉભી થઇ છે. છેલ્લા બે સૈકાઓ દરમિયાન યુરોપિયન વિદ્વાનોએ તેમના પોતાના દૃષ્ટિબિંદુઓ પ્રમાણે ભારતીય વિચાર અને સંસ્કૃતિ વિષે સંશોધનાત્મક કાર્યો કરેલાં. ભારતવાસીઓ માટે વિક્રમ સંવતની શરૂઆત સાધારણ વસ્તુ હતી. પરંતુ એ વિદ્વાનો માટે એ મહાન ચર્ચાસ્પદ વિષય હતો. તેઓ આ બાબતમાં પણ સર્વાનુમતે નિર્ણય કરી શકેલા નહિ. એજ વિવાદ ભર્યા વાતાવરણમાં આપણી રાષ્ટ્રીય સંસ્કૃતિ અને ધર્મનો ઇતિહાસ અપૂર્ણ અસંબદ્ધ રીતે લખવામાં આવેલો. આપણા શિક્ષણ વિષયક કેન્દ્રોમાં દા. ત. કોલેજો અને વિશ્વવિદ્યાલયોમાં આ પ્રકારના ઐતિહાસિક ગ્રંથો નિર્ધારિત કરવામાં આવતા. દુર્ભાગ્યે આપણને પરદેશીઓના અર્થઘટન પ્રમાણે આપણો સાંસ્કૃતિક અને ધાર્મિક ઇતિહાસ વિચારવાનું શિખવવામાં આવતું, પરિણામે આજે પણ આપણે ભારતીય ભાષાઓમાં લખાયેલા ઇતિહાસ વિષયક પ્રાથમિક પુસ્તકોમાં જૈન ધર્મની સ્થાપના મહાવીર સ્વામીએ કરી હતી એમ જોઇએ છીએ. કેટલાંક પુસ્તકો એમ દર્શાવે છે કે પાર્શ્વનાથ પ્રભુએ જૈન ધર્મ સ્થાપ્યો હતો, અને મહાવીર પ્રભુએ તો કેવળ એને નવેસરથી વ્યવસ્થિત કર્યો હતો. કેટલાક કહે છે કે જૈન ધર્મ વૈદિક સંસ્કૃતિ સામે કરવામાં આવેલી ક્રાંતિથી વિશેષ કાંઈ નથી. ખરું કહીએ તો તેની સ્થાપના પાર્શ્વનાથ પ્રભુએ કે મહાવીરે કરેલી નહિ, તેમજ તે કાંઈ વૈદિક સંસ્કૃતિ સામેનો બળવો ન હતો. જૈન ધર્મ સંપૂર્ણ રીતે સ્વતંત્ર ધર્મ છે અને સ્વયં વૈદિક સંસ્કૃતિ કરતાં વધારે જૂનો છે. શ્રી જ્યોતિપ્રસાદ જૈન, એમ. એ. એલ.એલ.બી એ આ પુસ્તિકામાં આ સર્વ હકિકતો સાબિત કરી છે. તેમણે સંખ્યાબંધ નક્કર દલીલો કરી છે. આ પુસ્તિકાને પ્રગટ કરવાની છૂટ આપવા બદલ આપણે તેમના અત્યંત આભારી છીએ. આપણે આશા રાખીએ કે વિદ્વાનો એ દલીલોને તટસ્થ દૃષ્ટિએ નિહાળશે અને પોતાની ગેરસમજો

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

અને પૂર્વગ્રહો દૂર કરશે. તેઓને જો એમાં કાંઈ ખામી કે ભૂલ જણાય તો તેઓ કૃપા કરીને એ વિષે અમારૂં ધ્યાન દોરશે. આ પુસ્તિકાના પાના ઉપર આવેલી ઋગ્વેદની રુચાનો પ્રણાલિકાગત અર્થ શ્રી જ્યોતિપ્રસાદ જૈને સ્વીકારેલા અર્થ કરતાં ભિન્ન છે, અને અમે એ વિષે વાકેફ છીએ, પરંતુ અમે એ વસ્તુ પણ જાણીએ છીએ કે ગ્રંથ-કર્તાએ દર્શાવેલો અર્થ તદ્દન પાયા વગરનો નથી. કેટલાક જૈનેતર લેખકો પણ એવું જ અર્થઘટન કરે છે. હું ખાસ કરીને વિદ્વાનોનું આ સમસ્યા પરત્વે ધ્યાન દોરું છું. જો આપણે એમ માનીએ કે ગ્રંથકર્તાએ એ રુચાનું કરેલું અર્થઘટન સાચું નથી તો પણ તેમણે દર્શાવેલી બીજી દલીલો, જૈન ધર્મના પ્રાચીનપણાને અને સ્વાતંત્ર્યને સાબિત કરવા પૂરતા પ્રમાણમાં સમર્થ છે.

દલસુખ માલવણિયા,
મંત્રી
જૈન સાંસ્કૃતિક સંશોધન
સમાજ, બનારસ.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

જૈનધર્મ

સૌથી પ્રાચીન ધર્મ :-માનવ સંસ્કૃતિની શરૂઆતથી જ ભારતે રાષ્ટ્રોની આધ્યાત્મિક માતા તરીકે હંમેશાં ભાગ ભજવ્યો છે. ડૉ. એસ. સી. વિદ્યાભૂષણ જણાવે છે કે "જો ભારત પોતાના આધ્યાત્મિક અને તાત્વિક વિકાસમાં અજોડ સ્થાન ભોગવતો હોય તો, કોઈ પણ વ્યક્તિ એટલું તો સ્વીકારશે જ કે એમાં બ્રાહ્મણો અને બૌધ્ધો કરતાં જૈનોનો ઉદાત ફાળો જરા પણ ઓછો નથી.[1]" બીજાઓની સાથે એ પણ એવા અભિપ્રાય ધરાવે છે કે "જૈન ધર્મ 'સર્વશ્રેષ્ઠ પ્રાચીન ધર્મોમાંનો એક છે.[2]" સર સન્મુખમ્ ચેટ્ટીએ કહ્યું છે, "જૈન ધર્મની મહત્તા વિષે કાંઇ કહેવું એ મારા ગજા ઉપરાંતની વસ્તુ છે. જૈનોનો ભારતિય સંસ્કૃતિના વિકાસમાં કંઇક અજોડ ફાળો છે. એવા મારા કથનના સમર્થનમાં મેં પૂરતા પ્રમાણમાં વાંચન કર્યું છે. હું અંગતરીતે માનું છું કે ભારતમાં કેવળ જૈન ધર્મ જ પક્કડ જમાવી શકયો હોત તો કદાચ આપણને વધારે સંગઠિત ભારત પ્રાપ્ત થયું હોત અને તે ખરેખર આજની સરખામણીમાં વધારે મહાન હોત.[3]"

મનુષ્યની ભૌતિક અને નૈતિક પ્રકૃતિ જેટલી હદ સુધી તેનું અંતિમ ધ્યેય દર્શાવી શકે એટલી હદ સુધી તેનું અંતિમધ્યેય દર્શાવતા સર્વોચ્ચ આદર્શોનો સાક્ષાત્કાર જૈનધર્મની ચાવી છે, અને સ્વાભાવિક રીતે તે વિશ્વવ્યાપી મધ્યમવર્તી સામાન્ય સિદ્ધાંત બને છે.

પરંતુ બેરિસ્ટર શ્રી. સી. આર. જૈનના શબ્દોમાં કહીએ તો, "જૈન સિદ્ધાંત તીર્થંકરોના ધર્મનું મૂળ છે, અને પૂર્વની સંસ્કૃતિના નિષ્ણાતોએ જૈન ધર્મના ઉદય વિષે સર્વ પ્રકારની ધારણાઓ વિકસાવતી વખતે જૈનધર્મના સિધ્ધાંતોને વિશ્વસનીય કારણ ગણવા છતાં તે અંગેના પોતાના સંશોધનમાં તર્ક વિતર્ક અને ભૂલો કરી છે."

---

૧ જૈન ગેઝેટ ૧૯૧૪, પા. ૩૫,

૨ ઇબીડ Ibid.

૩ જૈન ગેઝેટ, ૧૯૪૩, પા. ૮૩-૮૫

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

હકિકતમાં સામાન્ય રીતે અજ્ઞાન અને અર્ધદગ્ધ માહિતીને લીધે અને કેટલીકવાર આગળથી રૂઢ થઇ ગયેલા અભિપ્રાયો અને અંધ પૂર્વગ્રહોની અસરથી પ્રણાલિકાગત અને લાગણી પ્રધાન પૂર્વગ્રહયુક્ત, વિદ્વાનો અને ઇતિહાસકારો ઘણીવાર જૈન ધર્મ અને તેના ઇતિહાસને ન્યાય આપવામાં નિષ્ફળ નીવડયા છે.

એટલે સુધી કે, અઢારમી સદીના છેવટના તબક્કામાં, જ્યારે યુરોપિયન વિદ્વાનોએ, અર્વાચીન વૈજ્ઞાનિક ઢબે, ભારતીય ઇતિહાસની નવરચના કરવા માટે, માહિતી એકત્રિત કરવાનું કામ શરૂ કર્યું ત્યારે તેમણે વ્યવહારિક દૃષ્ટિએ જૈન ધર્મ વિષે પ્રથમથી ધ્યાન જ ન આપ્યું. તેઓ માનતા કે બૌધ્ધ ધર્મ, બ્રાહ્મણ ધર્મ અને ઇસ્લામમાં જ ભારતનો વર્તમાન કાલિન તેમ જ ભૂતકાલિન ઇતિહાસ સમાયેલો છે. અને એટલા પૂરતો જ એમને રસ હતો. વળી તેઓ ઐતિહાસિક બાબતો વિષે તેમજ ખાસ કરીને હિંદુઓના ઇતિહાસ વિષે પણ સાચા આગવા સાધનો પર વિશ્વાસ મુકતા નહિ, કારણ કે શરૂઆતથી જ એમ માની બેઠેલા કે ભારતીય લોકોમાં ઐતિહાસિક સમય કે ઐતિહાસિક નોંધો નથી, જેનો ઐતિહાસિક નવ રચનામાં ઉપયોગ થઈ શકે. એટલે તેઓ એવા નિર્ણય પર આવ્યા કે આ બધી માહિતી એકઠી કરવા માટે અનિવાર્ય રીતે બીજા સાધનોની શોધ કરવી રહી. તેમને શોધ-ખોળ માટે આઘે જવું પડે એમ નહતું. ઇસુખ્રિસ્ત પહેલાંના પાંચમા ચોથા સૈકાથી માંડીને, તેમના પોતાના સમય સુધીના જુદા જુદા પરદેશીઓએ લખેલા અહેવાલો તેમની સમક્ષ હતા, અને એ તેમને તરત જ મદદગાર થયા. ઇસુખ્રિસ્ત પહેલાં ત્રણસો છવીસ વર્ષ પૂર્વે જ્યારે મહાન સીકંદરે પૂર્વમાં કૂચ કરેલી તે વખતે તેની સાથે આવેલા. શરૂઆતના ગ્રીક લેખકો અથવા પાછળથી ઇસુ પહેલાં ૩૦૫માં આવેલા મેગેસ્થિનિસ જેવા રાજકીય એલચીઓ, ઇ.સ. ૪૦૦માં આવેલા ફાહ્યાન ઈ. સ. ૬૨૯–૬૪૫માં આવેલા હ્યુએનસંગ અને ઈ. સ. ૬૯૫માં આવેલા ઈત્સીંગ જેવા ચીની યાત્રિઓ, ઇસુ પછીના આઠમાથી પંદરમા સૈકા સુધી દક્ષિણના રાજ્યોમાં વેપારમાં રોકાયેલા આરબ વેપારીઓ

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

ઇ. સ. ૧૦૦૦માં આવેલા અલબેરુની, ઇ. સ. ૧૨૮૮–૧૨૯૩માં આવેલા માર્કોપોલો ઇ. સ. ૧૩૨૫માં આવેલા ઇબ્નબતૂતા અને મોગલ દરબારની મુલાકાતે આવેલા પોર્ટુગીઝ ગોવાના ઇસાઇ ધર્મપ્રચારકો અને સત્તરમી સદીથી માંડીને તો ટેરી, બેરનીયર, ટાવેરનીયર, મનુચી, પિટરમુન્ડે વગેરે યુરોપિયન સાહસવીરો અને પ્રવાસીઓએ ભારત જે સ્થિતિમાં જોયું તે વિષે પોતપોતાના ક્રમિક અહેવાલો આપ્યા છે. આ બધાંમાં ગ્રીકલોકોના મૂળ અહેવાલો ઘણાં સમય પહેલાં નાશ પામ્યા હતાં, પરંતુ કેટલાક સૈકાઓ પછી રચાયેલી ગ્રીક અને રોમન ઐતિહાસિક કૃતિઓ દ્વારા એમાંથી અંશતઃ માહિતી એકઠી થઇ શકેલી, આમાં મૂળ ઇતિહાસકારોએ જે કંઇ જણાવેલું તેનો છૂટથી ઉપયોગ કરાયેલો અને ઘણીવાર તેમના ટાંચણ ટાંકવામાં આવેલા.[૧] વળી બીજા શરૂઆતના મોટાભાગના અહેવાલો, આપણી પાસે, તેમના અસલ સ્વરૂપે સંપૂર્ણપણે આવ્યા નથી. ચીની યાત્રાળુઓનું દૃષ્ટિબિંદુ કેવળ બુધ્ધ ધર્મને લગતું હતું. તેમણે જે કાંઇ જોયું કે વર્ણવ્યું તે તેમના પોતાના ધર્મને મુખ્યત્વે ઉદ્દેશીને મુખ્યત્વે કરવામાં આવ્યું હતું. મોટાભાગના મુસલમાન લેખકો અને ઇતિહાસકારો પૂર્વગ્રહ યુક્ત હતા, અને તેમનું દૃષ્ટિબિંદુ મુખ્યત્વે મુસલમાન ધર્મનું હતું, અને પ્રાધ્યાપક રોલીનસન આ રીતે ટીકા કરે છે, "સત્તરમા અને અઢારમા સૈકાના યુરોપિયન પ્રવાસીઓ પણ સામાન્ય રીતે હિંદુઓ પરત્વે અપનાવવામાં આવેલું મુસલમાન દૃષ્ટિબિંદુ અપનાવતા.[૨]

વળી, આ સર્વે પરદેશી લેખકો વ્યાવહારિક દૃષ્ટિએ, અજાણી ધરતીમાં આવેલા અજાણ્યા માણસો હતા, એટલે એમાનાં કોઇને રાષ્ટ્રની ભાષાઓનો ભાગ્યે જ જરા સરખો પરિચય હતો, તેમાંના મોટાભાગના લોકો સામાન્ય બુધ્ધિવાળા હતા. તેઓ રાષ્ટ્રના વાસ્તવિક જીવન સાથે સંપર્કમાં આવેલા નહિ, તેથી તેમને મોટાભાગની મુદ્દાઓ વિષે યોગ્ય અને વિશ્વસનીય માહિતી પ્રાપ્ત કરવાનો ખૂબ જ થોડીક તકો અને

---

૧. રેપ્સન–પ્રાચીન ભારત, પા. ૮૪

૨. ભારતીય વારસો–યુરોપીયન સાહિત્ય અને વિચારમાં ભારત, પા. ૩૦

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

સાધનો હતાં, વળી તેઓ લોકવાયકા, હજામની દુકાન અને ચોરા ચૌટામાંથી જ કાંઈ સાધારણ અનિશ્ચિત અને ઘણી ખરી ભૂલભરેલી ભ્રામક માહિતી મેળવતા, તેમાં તેમની પોતાની કપોળ કલ્પિત કલ્પનાઓ અને ઘણીવાર પૂર્વગ્રહ યુક્ત વિચારો ભળતા. એટલે સુધી કે તેઓ જે કાંઈ સાંપ્રદાયિક મતભેદોનું નિરીક્ષણ કરતાં, તેમને બિલકુલ સમજી શકતા નહિ કે એમાંની મોટાભાગની વસ્તુઓનું અર્થઘટન કરી શકતા નહિ.

આટલું હોવા છતાં આ વિશાળ, વૈવિધ્યપૂર્ણ અને પ્રાચીન ઉપખંડની ઐતિહાસિક નવ રચનામાં આવા અહેવાલોને અત્યંત પ્રમાણભૂત અને કેવળ વિશ્વસનીય સાધનો તરીકે ગણવામાં આવ્યા. જ્યારે આપણા પોતાના આગવાં સાધનો અને પ્રણાલિકાઓને વિગતવાર નોંધવામાં આવેલા હોવા છતાં અવિશ્વસનીય કપોળ કલ્પિત, ઘણીવાર બનાવટી અથવા પૂર્વની સંસ્કૃતિના સ્વૈરવિહારી તરંગી નિષ્ણાતનું ઉપાર્જન ગણવામાં આવ્યું. પરંતુ ઘણા થોડા સમયમાં જ, સંખ્યાબંધ પ્રાચીન સ્મારકો, પ્રાચીન સંસ્કૃતિને લગતા વિચારો અને રીતરિવાજો, સૂત્રાત્મક સુવાકયોથી સભર નોંધો અને નવીનતમ સાહિત્યીક પૂરાવાઓ પ્રગટ થવા લાગ્યા, જેને આધારે ભારતીય પ્રણાલિકાઓ અને બીજા સાધનોને સમર્થન મળવા માંડયું. આટલું હોવા છતાં જેટલે દરજ્જે એમને પરદેશીઓના અહેવાલોનું અનુમોદન મળતું એટલે દરજ્જે જ એ અધિકૃત ગણાયા. એટલે એમાં આશ્ચર્ય પામવાની જરૂર નથી કે અર્વાચીન ભારતીય ઈતિહાસના પાયા અસત્ય, ચંચળ, અસ્થિર સાબિત થયા હોય, અને ખોટા ખ્યાલો, વિકૃતિઓ અથવા હકીકતો વિષે કરવામાં આવેલાં અવળાં વિધાનોથી વર્તમાન ભારતીય ઈતિહાસના ગ્રંથો રચાયા હોય.

ઘણા જુના સમયથી માંડીને, મોટા ભાગના આ પરદેશીઓના અહેવાલોમાં જૈનો અને તેમના ધર્મવિષે ઘણીવાર ઉલ્લેખ થયો છે પરંતુ લેખકોની ભાષા વિષયક મુશ્કેલીઓ અને ગેરસમજને લીધે મુશ્કેલી એ આવી કે શરૂઆતના પૂર્વની સંસ્કૃતિના વિદ્વાનો અપૂરતા

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

જ્ઞાન અને અર્ધદગ્ધ માહિતીને લીધે અટવાયેલા હોવાથી, તેમનું સાચું અર્થઘટન ન કરી શકયા અને તેઓ જૈનો અને જૈન સિધ્ધાંતોને તેમની સાથે સાંઠળવામાં નિષ્ફળ નીવડયા. એટલે સુધી કે ઓગણીસમા સૈકાની દ્વિતીય પચ્ચીસીમાં પણ તેઓ આ ધર્મનું દૃષ્ટિબિંદુલક્ષમાં લીધા સિવાય રહી શકયા નહિ. પરંતુ દુર્ભાગ્યે કેટલાક મુદ્દાઓમાં બુધ્ધવાદ સાથે છીંછરૂં સરખાપણું હોવાથી ગેરરસ્તે દોરવાયા, અને તેમણે પણ એવી પૂર્વગ્રહયુક્ત તારવણી કાઢી કે જૈન ધર્મ બીજું કશું જ નહિ પરંતુ બુધ્ધ ધર્મનો પાછળથી નીકળેલો ફાંટો હતો.

આ તબકકે છેલ્લા સૈકાના પાછલા તબક્કામાં પૂર્વની સંસ્કૃતિઓના સુપ્રસિધ્ધ વિદ્વાન ડો. હર્મન જેકોબી આગળ આવ્યા, અને તેમને જૈન ધર્મ બુધ્ધ ધર્મનો ફાંટો છે. એ સિદ્ધાંતનું અત્યંત સફળ પણે ખંડન કર્યું[૧]. પ્રથમ તેમને વિરોધીઓ તરફથી સખત સામનો કરવો પડયો, પરંતુ છેવટે તેમના નિર્ણયો સર્વ સ્વીકાર્ય થયા. જેકોબીએ જરા સરખી શંકાને સ્થાન આપ્યા સિવાય સાબિત કર્યું કે બુધ્ધ સદ્ગ્રંથોમાં દર્શાવેલા નિગંઠ નાતપુત્ત બીજા કોઇ નહિ પરંતુ જૈનોના છેલ્લા અને ચોવીસમા તીર્થંકર મહાવીર વર્ધમાન હતા, મહાવીર કેવળ ગૌતમબુધ્ધના વડિલ અને સમકાલિન હતા એટલું જ નહિ પરંતુ તેઓ તેમના સમર્થ પ્રતિસ્પર્ધી પણ હતા, અને મહાવીરના સમય દરમ્યાન તેમજ તે પૂર્વે જૈનધર્મ કેટલોક સમય દૃઢતાપૂર્વક પ્રતિષ્ઠિત થયેલો ધર્મ હતો, અને મહાવીરે કેવળ તેમાં સુધારો કર્યો અને શ્રમણ સંઘને નવેસરથી વ્યવસ્થિત કર્યો. જેકોબી અને બીજાઓએ એકઠા કરેલા આ બાબતના નિર્ણયાત્મક પૂરાવા સંક્ષેપમાં નીચે પ્રમાણે દર્શાવી શકાયઃ–

૧. "જૈન સદ્ગ્રંથોમાં બુધ્ધ અને મહાવીરના સમકાલિન એવા કેટલાક ધર્મગુરુઓ અને મગધના રાજાઓના નામ જણાવવામાં આવ્યા

---

૧ પૂર્વના પવિત્ર પુસ્તકો, પુસ્તક XXII અને XLV (પ્રસ્તાવનાઓ)— આ જગવિખ્યાત ગ્રંથાવલીમાં ડો. જેકોબીએ ચાર જૈન શાસ્ત્ર સમંત સાહિત્યના પુસ્તકો પ્રગટ કર્યા છે.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

છે. અને બુધ્ધ સદ્ગ્રંથોમાં મહાવીર નિગંઠનાતપુત્ત (નિર્ગ્રંથ જ્ઞાત પુત્ર) અને તેમનું અંતર્ધાન સ્થળ, 'પાવા' (પાવાપુરી) દર્શાવવામાં આવ્યું છે એટલે બંને જણા સમકાલિન અને સ્વતંત્ર હતા, એ વિષે શંકા નથી. ઘણીવાર બુદ્ધો જૈનોને પ્રતિસ્પર્ધી સંપ્રદાય તરીકે ઉલ્લેખે છે. પરંતુ એવો કોઇ દિવસ ઉલ્લેખ કરતા નથી કે આ સંપ્રદાય નવ સંશોધિત સંપ્રદાય હતો. આથી ઉલટું જે રીતે તેઓ તેને વિષે બોલે છે તે ઉપરથી એમ લાગે છે કે નિગંઠોનો (જેમને બંધન નથી) આ સંપ્રદાય બુધ્ધના સમયમાં કયારનોય પ્રચલિત થઇ ચૂકયો હતો અથવા બીજા શબ્દોમાં સંભવતઃ એમ જણાય છે કે જૈન ધર્મ બુધ્ધ ધર્મ કરતાં ગણનાપાત્ર રીતે વધારે જુનો છે. વળી બુદ્ધેએ જ્ઞાનની શોધમાં કેટલાક અનુભવો કર્યા. પરંતુ મહાવીરની બાબતમાં આ ન હતું." મહાવીરે નવાધર્મના સંશોધન માટે અથવા પ્રચારાર્થે પ્રયત્નો કર્યા નથી. હકીકતમાં એમ પણ કહેવાય છે કે પોતાના જ્ઞાન સંશોધનમાં બુધ્ધે જૈન શ્રમણસંઘમાં પણ પ્રવેશ કર્યો હોવો જોઇએ.

૨. બુધ્ધસાહિત્યમાં નિર્ગ્રન્થ જ્ઞાતપુત્ર (મહાવીર) અને તેમની મહત્તા વિષે ઉલ્લેખ આવે છે. [૧] મજ્ઝિમ નિકાય (P.T.S.II.P. રાય) માં નિગ્રંથ સાધુઓ બુધ્ધને કહે છે કે તેમના માલિક નાતપુત્ત સર્વ જ્ઞાતા હતા, અને પોતાના અમર્યાદિત જ્ઞાનથી નાતપુત્તે તેમને જણાવ્યું છે કે તે સાધુઓએ તેમના આગલા જન્મોમાં કયા પાપકર્મો કર્યા છે. સંયુત્ત નિકાય (P. T. S., IVP 398) આપણને એવી માન્યતા જણાવે છે કે પોતાના શિષ્યો તેમના મરણ પછી કયાં જન્મશે એ વસ્તુ સુવિખ્યાત નાતપુત્ત કહી શકતા અને જો ઝીણવટભરી તપાસ કરવામાં આવે તો અમુક વ્યક્તિનો કયાં જન્મ થયો છે એ પણ કહી શકતા. અંગુત્તર નિકાય વળી એવી માન્યતાનો ઉલ્લેખ કરે છે કે નિગંઠ નાતપુત્ત સર્વ સમજતા, સર્વ નિરખતા, તેમનું જ્ઞાન અમર્યાદિત

---

૧ નિગંઠનાતપુત્તઃ સર્વ વસ્તુઓ જાણે છે અને જુએ છે. સંપૂર્ણ જ્ઞાન અને શ્રદ્ધા હોવાનો દાવો કરે છે. કઠોર તપ કરી જુના કર્મને નિર્મૂળ કરે છે, અને નવા કર્મો પ્રત્યે ઉદાસ રહી તેમને અટકાવે છે. જ્યારે કર્મ અટકે છે ત્યારે દુઃખ અટકે છે, S. B. E. VOL XXII P. XVFF.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

હતું અને જે જે સમય દરમ્યાન આપણે જાગતા હોઇએ, ઊંઘતા હોઇએ અથવા આપણો દુન્યવી વ્યવહાર ચલાવતા હોઈએ એ સર્વના તે સંપૂર્ણ જ્ઞાતા છે. શ્રી. રોકહીલ, પોતાના "બુદ્ધનું જીવન" (પા. ૨૫૯)માં મહાવીરે અજાત શત્રુ રાજા સમક્ષ કરેલું એજ વિધાન સ્વીકારે છે. આમ ગામ સુત્તમાં પાવા મુકામે મહાવીર ગુજરી ગયા ત્યાર પછી તેમના અનુયાયીઓમાં પડેલા મતભેદોનો ઉલ્લેખ આપે છે. આ હકીકત બુધ્ધને વર્ણવવામાં આવેલી. તે સ્પષ્ટ રીતે મહાવીર પછી વિદ્યમાન હતા. "બુધ્ધ ધર્મગ્રંથો અને બીજા પુસ્તકોના અહેવાલો પરથી એમ જોઇ શકાય છે કે આ પ્રતિસ્પર્ધી (મહાવીર) ભયપ્રદ અને પ્રતિભાસંપન્ન વ્યકિત હતા, અને બુધ્ધના સમયમાં પણ તેમનો બોધ વિપુલ પ્રમાણમાં વિસ્તાર પામ્યો હતો." (બુહલર–જૈનો)માં જણાવે છે "મહાવીર પોતાની રીતે મહાન વ્યકિત અને તેમના સમકાલિનોમાં સુપ્રસિદ્ધ નેતા થયેલા હોવા જોઇએ." જેકોબી જણાવે છે, અને હોર્નલ સાહેબ જણાવે છે, "પોતાના મહાસમર્થ પ્રતિસ્પર્ધી બુધ્ધની જેમ તેઓ અત્યંત પ્રભાવશાળી અસરકારક વ્યકિત થયેલા હોવા જોઈએ." બૌધ્ધિક પ્રણાલિકા મુજબ બુદ્ધના સમયના છ વધારે અગત્યના જૈન તિર્થંકરો પૈકીના એક ભગવાન મહાવીર હતા.

બ્રાહ્મણ ધર્મ ક્ષેત્રની મર્યાદા બહારના આ પ્રખ્યાત ગુરૂઓ આ પ્રમાણે હતા. નિગંઠ નાતપુત્ત મખ્ખલિ ગોશાલ (આજીવિક સંપ્રદાયના સંસ્થાપક) સંજય બેલાષ્ઠિપુત્ત, અજીત કેશકંબલિન, પુરાણ કસ્સપ અને પકુધ કરચ્ચાયન અને નિગંઠો નામે ઓળખાતા મહાવીરના અનુયાયીઓના જુના બૌધ્ધિક સુત્ત મહાપરિનિબ્બાન સુત્ત (B. E.,S VOT XI, P. 106) માં આ પ્રમાણે વર્ણન આવે છે, "શિષ્યો અને વિદ્યાર્થીઓના મંડળોના વડિલો, વિદ્યાર્થીઓના ગુરૂઓ, ધર્મ સૈધ્ધાંતિક શાળાઓના સુવિખ્યાત પ્રસ્થાપકો અને વિશાળ જનસમુદાયમાં વંદનીય એવા સજ્જનો."

---

૧ બી. સી. લો, હીસ્ટોરીકલ ગ્લીનીંગ્ઝ, પા. ૨૧–૪૨–જૈનધર્મ અને બુદ્ધ ધર્મપર નિરિશ્વરવાદી પાંચ શિક્ષકોની અસર.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

૩. બન્ને સંપ્રદાયો વચ્ચે થયેલ પારસ્પરિક ચર્ચા–વિચારણાઓના ઉલ્લેખો :–

૧. મહાવગ્ગમાં, વૈશાલિના લિચ્છવીઓના સર સેનાપતિસિંહ, ભગવાન મહાવીરના અદના સેવક હતા તે તેમને મળેલા નિષેધની વિરૂધ્ધ બુધ્ધ પાસે જાય છે અને તેમનાથી તેમનું ધર્મ પરિવર્તન સંભવે છે.

૨. મજ્ઝિમ નિકાયમાં મહાવીર પ્રભુના અદના શિષ્ય ઉપાલી સાથેના સંવાદમાં બુધ્ધ સાથે શરીર અને મનના પાપો વિષે તુલનાત્મક ઝીણવટભર્યા પ્રશ્નો પૂછયા પછી ધર્મ પરિવર્તન કરે છે તેનો ઉલ્લેખ છે.

૩. શ્રીમતી રાય રેવીડઝ, "શરૂઆતના" બૌધ્ધોના ભજનોમાં (લંડન ૧૯૦૩) બૌધ્ધ ધર્મમાંથી જૈનધર્મમાં અને જૈનધર્મમાંથી બૌધ્ધ ધર્મમાં ધર્માંતર થયેલા કેટલાક દાખલાઓ ટાંકે છે. દા.ત. અજ્જુન નામનો બૌદ્ધ જૈનો સાથે સંપર્ક સાધે છે અને એમના સંઘમાં દાખલ થાય છે. નાતપુત્તએ રાજકુમાર અભયને ધર્મસંકટ વિષે સમસ્યા શીખવી હોવાનું કહેવાય છે. વગેરે વગેરે.

૪. ડો. બી. સી. લો પોતાના 'હીસ્ટોરીકલ ગ્લીનીઝ' નામક ગ્રંથમાં નિગંઠો અને બુધ્ધનો સંબંધ અને તેમનું અરસપરસ ધર્માંતર થવું એવા ઉલ્લેખો છે દા. ત. સિંહસરચક, શ્રીગુપ્ત, ગ્રહુદિન્ન, દીગ્ધ તપસ્સી, ઉપાલિ, અભય, રાજકુમાર, વિશાખા વગેરે.

૫. જૈન ધર્મ વિષેના ઉલ્લેખો બીજા સુમંગલા વિલાસિની લલિત વિસ્તરા, જાતક, દાઠાવંસો વગેરે બીજા પ્રખ્યાત ગ્રંથોમાં પણ જોવા મળે છે.

(૪.) પ્રોરાણિક બુધ્ધ ગ્રંથોમાં ખુબ જ જાણીતા અને સ્વીકૃત જૈન દર્શન અને નીતિશાસ્ત્રના સિધ્ધાંતોનો ઉલ્લેખ :–

૧. શીતળ જળમાં જીવાત્મા હોવાનો ઉલ્લેખ. દા. ત. દીગ્ધ નિકાયના બ્રહ્મજાલ સુત્તમાં જલકાયના જીવો વિષે.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

૨. આત્માને રંગ છે (એટલે લેસ્યનો સિધ્ધાંત) એવા આજીવક સિધ્ધાંતના જૈન અસ્વીકાર વિષે એજ ગ્રંથમાં ઉલ્લેખ.

૩. મજ્ઝિમ નિકાયમાં શરીર, મન અને વાણીના ત્રણ દંડનો ઉલ્લેખ, જેમાં જૈન લોકો શ્રધ્ધા ધરાવતા, અને વળી ઉપાલિના ધર્માંત્તર વિષેના સબંધમાં શરીર અને મનના પાપકર્મો વિષે જૈન ધર્મનો ખ્યાલ.

૪. અંગુત્તર નિકાયમાં, જૈન દિગવિરતિ પ્રતિજ્ઞા અને ઉપોસથ દિવસનો ઉલ્લેખ. દિગ્વિરતિ પ્રતિજ્ઞા દા. ત. "હું આ દિવસે કેવળ નિશ્ચિતપણે અમુક દિશામાંજ ગમન કરીશ." ઉપોસથ—એટલે એવો ઉપવાસ જેમાં સાધારણ મનુષ્યો પાસે તેઓ તેમના વિચાર અને કાર્યોમાં સાધુઓની જેમ જીવન જીવશે એવી ધારણા રાખી શકાય.

૫. રાજકુમાર અભય અને બુધ્ધના મિલન સબંધે એજ નિકાયમાં જુના અને નવા કર્મોનો ક્ષય કરવા વિષે જૈન વિચાર અને આમ કરીને કઠોર તપસ્વી સાધનો વડે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉલ્લેખ આવે છે.

૬. મહાવગ્ગમાં ક્રિયાવાદના જૈન સિધ્ધાંતનો ઉલ્લેખ છે.

(૫.) બુધ્ધ ધર્મમાં જૈનધર્મની અસરોના દૃષ્ટાંતો. ડૉ. જેકોબી કહે છે, "બુધ્ધોએ આશ્રય શબ્દ અપનાવ્યો છે. પરંતુ એના પારિભાષિક ભાવાર્થને સ્વીકાર્યો નથી, બુધ્ધને મુખ્યત્વે શું કરવાથી મુક્તિ મળે એમાંજ રસ હતો, તેથી તેમણે નીતિ શાસ્ત્રોના પાયા તરીકે કોઇ નવિન પ્રકારની માનસ શાસ્ત્રને લગતી સ્વાવલંબી યોજના શોધી નથી. તેમણે આ શિર્ષક હેઠળ પ્રચલિત વિચારોને વિપુલપ્રમાણમાં અપનાવ્યા હોય તેમ લાગે છે અને વિચારોને પ્રગટ કરવા માટે પ્રવર્તમાન શબ્દો સાથે એમનો ઉપયોગ કર્યો છે, એટલે બૌધ્ધ માનસ શાસ્ત્રમાં કંઇક અનિશ્ચિતતા અને વિચારોમાં ભેળસેળ પ્રવર્તે છે." જેકોબી એમ ભારપૂર્વક જણાવે છે કે જૈનોએ આશ્રય શબ્દનો પહેલેથીજ વ્યુત્પત્તિ

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

શાસ્ત્રની દૃષ્ટિએ ઉપયોગ ન કર્યો હોત તો બૌધ્ધ ધર્મીઓએ તેની સાચી વ્યુત્પત્તિથી આટલો બધો જુદો અર્થ કોઇ દિવસ કર્યો ન હોત. દા. ત. લેટિન જ્યોતિષ શાસ્ત્રીઓના "ઇન્ફ્લ્યુઅન્સ" શબ્દનો અંગ્રેજીમાં જે રીતે અર્થ ઘટાવાયો છે એ રીતે. [૧]

વળી બૌધ્ધોએ સંવર શબ્દનો પણ ઉપયોગ કર્યો છે. દા. ત. શીલસંપટ (નૈતિક કાનૂન નીચે નિયંત્રણ) અને કૃદંત (નિયંત્રિત) શબ્દોનો જે રીતે ઉપયોગ કરાયો છે તે અર્થમાં એવો ઉપયોગ બ્રાહ્મણ લેખકોએ કરેલો નથી, અને તેથી મહદ્અંશે જૈન ધર્મમાંથી તેનો ઉપયોગ થયો હોવો જોઇએ, જેમાં સાહિત્યિક અર્થમાં તેમનામાં આકાર પ્રમાણે વિચાર યોગ્ય રીતે પ્રગટ કરવામાં આવે છે.

(૬.) બૌદ્ધોએ જૈન ધર્મ સંભવત: ખૂબજ પ્રાચીન અને અગત્યનો છે એ વિષે નોંધેલા પરોક્ષ પ્રમાણ:–

૧. "તેઓ જૈનો (નિગંઠો)ને બુધ્ધના પ્રતિસ્પર્ધીઓ અને ધર્માંતર કરેલાઓ તરીકે જણાવે છે, અને એમાંથી કોઇપણ સમયે એવો ભાવાર્થ નીકળતો નથી કે એ નવપ્રસ્થાપિત સંપ્રદાય છે." એટલે એ નવો સંપ્રદાય છે એવો તો પ્રશ્ન ઉઠતો નથી.

૨. તેઓ વૈશાલિના લિચ્છવીઓના વધારે પુરાણા નિગંઠ ચૈત્યો વિષે જણાવે છે.

૩. દીગ્ધ નિકાયના સામણ્ણ ફલ સુત્તમાં ભગવાન પાર્શ્વનાથની (ચાતુર્યામ ધર્મ) "ચાર પ્રતિજ્ઞાઓનો ઉલ્લેખ છે." ખાસ કરીને આ ફકરો એટલા પૂરતો અગત્યનો છે કે ભગવાન પાર્શ્વનાથના સમય

---

૧ જૈન ગેઝેટ, જાન્યુ. ૧૯૧૪, પી ૮–૧૦.

૨ ધર્મ અને નીતિ વિષયક ગ્રંથ કોષ પુસ્તક VII પા. ૪૭૨ ડો. બી. સી. લો, "ભગવાન મહાવીર અને મહાત્મા બુદ્ધની પોતાની પ્રસ્તાવનામાં બૌદ્ધોએ જૈનો પાસેથી આવા ઉછીના લીધેલા બાજા ઘણા દૃષ્ટાતો આપે છે,

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

અને શિક્ષણની બાબતમાં બુધ્ધોને જૈનોની વધારે પુરાણી પ્રણાલિકાઓ વિષે પણ માહિતી હતી.'' એમ જેકોબી કહે છે.

૪. મખ્ખલિ ગોશાલ માનવજાતિનું છ વર્ગોમાં વિભાજન કરે છે. ત્રીજો વર્ગ નિગંઠ સંપ્રદાયનો છે. જેકોબી કહે છે કે માનવજાતિના વિભાજનમાં નવો સંપ્રદાય આખું અગત્યનું સ્થાન રોકે એમ બને નહિ.

૫. બુધ્ધને નિર્ગ્રન્થ પિતાના નિર્ગ્રન્થ વિરોધી પુત્ર સચ્ચક સાથે સંઘર્ષ થયેલો, જે હકીકત, ડૉ. જેકોબીની દૃષ્ટિએ એમ નિર્ણયાત્મક રીતે પૂરવાર કરે છે કે જૈનો બુધ્ધ ધર્મના છોડ ન હતા.

૬. બુધ્ધ ધમ્મપદ (અ ૪૨૨)માં જૈન ઋષભ અને મહાવીરને પ્રથમ અને છેલ્લા જૈના તીર્થંકરો તરીકે અનુક્રમે દર્શાવવામાં આવ્યા છે.

૭. બૌધ્ધિક વિદ્વાન આર્યદેવ જૈન ધર્મના મૂળ સ્થાપક તરીકે, ઋષભદેવનો ઉલ્લેખ કરે છે.

(૭.) ત્યાર પછીથી સ્વયં જૈન પુસ્તકોનો પૂરાવો છે. ડૉ. જેકોબી કહે છે. " મનુષ્યોના સંખ્યાબંધ વર્ગોની નોંધવામાં આવેલી પ્રણાલિકાઓ માટે એ અસત્ય જુઠાણાંથી ભરપૂર છે એવો મિથ્યાપવાદ મૂકવા માટે તર્કયુક્ત કારણો નથી. પોતાના પ્રાચીન ઇતિહાસને લગતા બનાવો અને પ્રસંગો વિષે વારંવાર અને વાસ્તવિક દૃષ્ટિએ હકીકતોથી સભર એવી એટલી બધી નોંધો કરવામાં આવી છે કે તેનો અસ્વીકાર યોગ્ય રીતે ન થઇ શકે. સિવાય કે પ્રાચીન જૈન ધર્મ વિષે શંકાશીલ વિદ્વાનોએ તારવેલા નિર્ણયો કરતાં વધારે પ્રબળ પૂરાવાઓ રજુ કરવામાં આવે. ઉત્તરાધ્યયન સૂત્રમાં, ગૌતમ અને કેશીઃ જે ક્રમશઃ ભગવાન મહાવીર અને પાર્શ્વનાથના અનુયાયીઓ હતા, તેમની ઉદ્યાનમાં મુલાકાત ગોઠવાઇ હતી અને ત્યાં આગળ વત્તા ઓછા પ્રમાણમાં ગહન વિષય પર સારો એવો વાર્તાલાપ થયા પછી બંને નેતાઓ પોતપોતાના ગુરુઓના ધાર્મિક સિધ્ધાંતોમાં પાયાની એકતા સ્વીકારે છે અને તેઓ એક જ ક્ષેત્રમાં કામ કરી રહેલા કાર્યકરો છે. એવી સંપૂર્ણ પ્રતીતિ

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

સાથે ઉદ્યાન છોડી જાય છે. આ વસ્તુ ફરીથી એમ દર્શાવે છે કે મહાવીરના અવતરણ પહેલાં પૂરાણો જૈન ધર્મ હતો અને તેમાં તેમણે "ઉત્સાહવર્ધક સુધારાઓ કર્યા હતા."

(૮.) છેવટે જૈન તત્વજ્ઞાનમાં જોવામાં આવતા પ્રાચીન લક્ષણ જોવા મળે છે—

વિશ્વના મુખ્ય બંધારણીય તત્વોની ગણત્રીમાં ગુણ શ્રેણીનો અભાવ છે. ધર્મ (જે વસ્તુઓને ગતિ આપવામાં મદદ કરે છે) અને અધર્મ (એટલે ગતિને અટકાવવાનું સાધન અથવા હેતુ) નો, જીવ, (આત્મા) પુદ્ગલ (પદાર્થ), આકાશ (અવકાશ) અને કાલ (સમય) એમ છ સનાતન દ્રવ્યો અથવા વિશ્વના અણુઓના દ્રવ્યોના વર્ગમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

જૈન તત્વજ્ઞાનમાં રજુ કરવામાં આવેલી આ હકીકતો વિષે વિચાર કર્યા પછી પ્રાધ્યાપક જેકોબી એવા નિર્ણય પર આવ્યા કે ભારતમાં આર્યોની વસાહતોના ઘણા જુના સમય દરમ્યાન જૈન ધર્મ ઉત્ક્રાંતિ પામેલો. અને તેમણે જણાવ્યું કે આ નિર્ણય જૈન ધર્મ બૌધ્ધ ધર્મનો ફાંટો છે એવી ભૂલને એકી વખતે કાયમને માટે નિર્મૂળ કરે છે?

આમ એ વસ્તુ નિઃશંક રીતે પૂરવાર થયેલી કે જૈન ધર્મ તદ્દન સ્વતંત્ર અને અપવાદ રૂપ ગણાય તેટલી હદે પ્રાચીન ધર્મ પ્રથા હતી. અને એ બૌધ્ધ ધર્મનો ફાંટો ન હતો એટલું જ નહિ પણ તે બૌધ્ધ ધર્મ કરતાં ગણના પાત્ર રીતે પૂરાણો હતો.

બીજાં સંખ્યાબંધ પ્રમાણભૂત સાધનોમાંથી કેટલાકની નોંધ લઇએ તો—પ્રાધ્યાપક રાઇસ ડેવીડસ—"જૈનો બૌધ્ધ ધર્મના ઉત્થાન પહેલાંના ભારતીય ઇતિહાસથી માંડીને વર્તમાન સમય સુધી સુગ્રથિત વ્યવસ્થિત કોમ તરીકે વિદ્યમાન રહી છે.[૨]"

ઈ. ડબલ્યુ હોપ્કીન્સ—બૌધ્ધો નિગંઠો વિષે તેઓનો સંપ્રદાય નવો

૧. 'સત શાત્ર' (ઇ. સ. પાંચ)

૨. બૌદ્ધ ભારત, બીજી આવૃત્તિ, લંડન ૧૯૦૩, પા. ૩૧૮.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

છે અથવા તેમના સુપ્રસિધ્ધ સ્થાપક નાતપુત્ત તેઓના મૂળ સંસ્થાપક છે, એવો કોઇ દિવસ ઉલ્લેખ કરતા નથી, જે ઉપરથી, જેકોબી કુશળતા પૂર્વક દલીલ કરે છે કે તેમના સાચા સંસ્થાપક મહાવીર કરતાં વધારે જુના હતા, અને આ સંપ્રદાય બૌધ્ધ ધર્મ કરતાં આગળથી શરૂ થયેલો.[3] આમ વાસ્તવિક દૃષ્ટિએ પ્રાધ્યાપક મેકસ મુલર, ઓલ્ડન બર્ગ, સર મોનીયર વીલીયમસ, સર ડબલ્યુ, ડબલ્યું, હન્ટર, હારવે, વ્હીલર, ડો. આર. જી. ભંડારકર, ડો. કે. પી. જયસ્વાલ, બી. જી. તિલક, વગેરે, પૂર્વાત્ય અને પાશ્ચાત્ય એમ સર્વે અર્વાચીન વિદ્વાનોમાં જૈન ધર્મ બૌધ્ધ ધર્મ કરતાં વધારે પૂરાણો છે, એ વિષે શંકા નથી.

ઉપરાંત, મહાવીર પહેલાં બસો પચાસ વર્ષ પૂર્વે પાર્શ્વનાથ ભગવાન (ઇ.સ. પૂર્વે ૮૭૭-૭૭૭) નો ઇતિહાસ જુનો છે, અને તેઓ જૈનોના તેવીસમાં તીર્થંકર હતા, એ હકીકત સર્વેએ એકી અવાજે સ્વીકારી છે. તેઓ કાશીના રાજા અશ્વસેનના પુત્ર કાશ્યપ વંશ એટલે ઉરગ વંશના અને ઐતિહાસિક વ્યક્તિ સમ્રાટ બ્રહ્મદત્તના વંશ હતા.[2] આ બ્રહ્મદત્ત જૈન પ્રણાલિકા પ્રમાણે બાર ચક્રવર્તીઓમાં છેલ્લા હતા.

જેકોબી કહે છે, "હાલમાં સર્વે જણા પાર્શ્વ ઐતિહાસિક વ્યક્તિ હતી, એવો મહદ્ અંશે સ્વીકાર કરે છે.[4]

ડો. જાર્લ ચારપેંન્ટીયર, પીએચ. ડી. કહે છે, "વળી આપણે એ બંને વસ્તુઓ યાદ રાખવી જોઇએ કે જૈન ધર્મ મહાવીર કરતાં ચોક્કસ રીતે પૂરાણો છે, અને તેમના સુવિખ્યાત પુરોગામી પાર્શ્વ લગભગ નિઃશંક રીતે વાસ્તવિક વ્યક્તિ તરીકે વિદ્યમાન હતા અને

---

૩. પોતાના એક પ્રવચનમાં તે કહે છે, "મારા જૈન ધર્મને લગતા અધ્યયનોએ મને જુના સિદ્ધાંતોનો અસ્વીકાર કરવા અને જૈન ધર્મ બૌદ્ધ ધર્મ કરતાં તદ્દન સ્વતંત્ર છે એવી પ્રતીતિ કરાવવા મને પ્રેર્યો છે. બંને તત્વજ્ઞાન વચ્ચેનો ભેદ એટલો બધો મહાન જણાય છે કે બંને સામાન્ય પાયા પર હોય એવા વિચારને એ દૂર કરે છે."—જે. ગેઝેટ, મે ૧૯૧૪, પા. ૧૬૯.

૪. ભારતનો ધર્મ, પા, ૨૮૩

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પરિણામે મૂળ ધર્મ સિદ્ધાંતોના મહત્વના મુદ્દાઓનું મહાવીર પહેલાં લાંબા સમય પૂર્વે એકત્રીકરણ થયું હોવું જોઈએ.

ડો. આર. સી. મજુમદાર—"પરંતુ પ્રથમ બાવીસ તીર્થંકરોનો ઇતિહાસ અજાણ્યો છે, અને તેમાંના મોટા ભાગના તીર્થંકરોના અસ્તિત્વ વિષે તર્કયુક્ત શંકાઓ થઈ શકે છે, પરંતુ તેવીસમાં તીર્થંકર પાર્શ્વનું અસ્તિત્વ હતું તેમ જણાય છે. ઇ. સ. પૂર્વે આઠમા સૈકામાં તેમના મૃત્યુને મૂકી શકાય.[1]

હાર્મસવર્થ "જૈનો" જૈન નાતપુત્ત (મહાવીર વર્ધમાન) પહેલાં તેમના ધર્મના ઘણા સંખ્યાબંધ તીર્થંકરો થઈ ગયા એમ માને છે અને તેઓ આમાંના છેલ્લા પાર્શ્વ અથવા પાર્શ્વનાથને વિશિષ્ટ રીતે પૂજે છે. આ બાબતમાં તેઓ સાચા છે, કારણ એ વ્યક્તિ પાર્શ્વનાથ પૌરાણિક વ્યકિત કરતાં વધારે વાસ્તવિક છે. ખરેખર તે જૈન ધર્મ (ઈ. સ. પૂર્વે ૭૭૬) ના સંસ્થાપક રાજવી હતા, જ્યારે તેમની પછી ઘણા ઘણા વંશજો પૂરા થયા પછી તેમના અનુગામી મહાવીર આવેલા અને તેઓને કેવળ સુધારાવાદી તરીકે ગણી શકાય. ઠેઠ ગૌતમના સમયની શરૂઆતથી સપ્રદાય પાર્શ્વેએ પ્રસ્થાપિત કરેલો અને નિર્ગ્રન્થ તરીકે જાણીતો થયેલો એ ઔપચારિક રીતે સુપ્રતિષ્ઠિત થયેલો હતો, અને બૌધ્ધ ઇતિહાસકારો પ્રમાણે, વિકસી રહેલો બૌદ્ધ ધર્મના માર્ગમાં તેણે સંખ્યાબંધ મુશ્કેલીઓ ખડી કહેલી.[2]"

---

૧. કેમ્બ્રીજ હીસ્ટ્રી ઓફ ઇન્ડીયા, પા. ૧૫૩—એ અને ધર્મ અને નીતિ શાસ્ત્રનો ગ્રંથકોષ પુસ્તક VII એ બંને આ દૃષ્ટિબિંદુ સાથે સંમત થાય છે.

૨. ડો. એચ.સી. રોય ચૌધરી—પ્રાચીન ભારતના રાજકીય ઇતિહાસ. પા. ૪૭. તે કહે છે કે તેમના સમયમાં કાશી અગ્રગણ્ય રાજ્ય હતું અને શતપથ બ્રાહ્મણ (XIII) ૫. ૪, ૧૯) કહે છે કે, કાશીના રાજાઓ વૈદિક યજ્ઞોના વિરોધીઓ હતા.'

૩. જૈન સૂત્રો—એસ. બી. ૪, XLV. 'પ્રસ્તાવના.

૪. ઉત્તરાધ્યયન સૂત્ર પા. ૨૧.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

સુવિખ્યાત પુરાતત્વવિધ, પ્રાધ્યાયક રામપ્રસાદચંદ્ર કહે છે, "શ્વેતાંબર જૈન સિધ્ધાંતોમાં જણાવેલી સારી એવી વસ્તુઓ સાથે પાલિસૂત્તો સહમત થાય છે. ઇસુના પ્રથમ સૈકાથી માંડીને મથુરાની, પ્રાચીન જૈન શિલ્પકૃત્તિઓ ઘણી જૈન પ્રણાલિકાઓના પૂરાતન કાળના પ્રમાણ વિષે ખાત્રી કરાવે છે. સામાન્ય રીતે એમ માનાય છે કે પાર્શ્વનાથે સ્થાપિત કરેલા સંઘમાં, મહાવીર પૂર્વે જૈન સાધુઓ હતા."[૧]

રો. બી. સી. લો, પી એચ, ડી., ડી. એલ આઇ. ટીટી., એફ આર. એ. એસ. બી. વગેરે, કહે છે "મહાવીરના આગમન પહેલાં જે ધર્મના તેઓ છેલ્લાસમર્થક હતા તે ધર્મ, વૈશાલિ અને આજુબાજુના મુલકમાં કંઇક શરૂઆતના સ્વરૂપે પ્રવર્તમાન હશે એમ જણાય છે. એમ દેખાય છે કે પૂર્વ ભારતમાં, ખાસ કરીને વૈશાલિના રહેવાસીઓમાં પાર્શ્વનાથે પ્રવર્તાવેલા અને સ્થાપન કરેલા ધર્મનું ઓછામાં ઓછા કેટલાક ક્ષત્રિયો પાલન કરતા હતા. આચારાંગ સુત્ર પરથી આપણને જણાય છે કે, "મહાવીરના માતાપિતા પાર્શ્વના ઉપાસકો અને શ્રમણોના અનુયાયીઓ હતા."[૨] પ્રાધ્યાપક જે. સી. વિદ્યાલંકાર મહાભારત પછીના સમયના ધર્મ ગુરૂઓ વિષે બોલતાં જણાવે છે, "આવા એક મહાન સુધારક તીર્થંકર પાર્શ્વ ઈ. સ. પહેલાં નવમાથી આઠમા સૈકા સુધીમાં થઇ ગયા. તેમના પિતા વારાણસી (બનારસ)ના રાજા અશ્વસેન હતા, અને તેમની માતાનું નામ વામા હતું. જૈનો એમ માને છે કે તેમનો ધર્મ અત્યંત પ્રાચીન છે અને મહાવીર પહેલાં બીજા તેવીસ તીર્થંકરો થઇ ગયા. તેથી આ માન્યતાને તદ્દન ભૂલ ભરેલી અને પાયા વગરની માનવી અને પૂર્વે થઇ ગયેલા સર્વ તીર્થંકરોને કાલ્પનિક અને બિન ઐતિહાસિક ગણવા એ ન્યાય સંગત અને યોગ્ય નથી. એમાં ન માનવાને કશું કારણ નથી. ભારતનો પ્રાચીન ઇતિહાસ વૈદિક ધર્મની જેમ જ જૈન પણ છે...વર્તમાન સમયમાં,

---

૧. પ્રાચીન ભારતીય ઇતિહાસ અને સંકૃતિની રૂપરેખા, પા. ૨૧૬ અને ભારતનો વિકસિત ઇતિહાસ, પા. ૮૬

૨. જગતનો ઇતિહાસ, ગ્રંથ ૨, પા. ૧૧૯૮ તેમના પોતાનાં ચૈત્યો પણ હતા."[૧]

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

અર્વાચીન ટીકાકારોએ તીર્થંકર પાર્શ્વના ઐતિહાસિક સમયને સ્વીકાર્યો છે. બીજા તીર્થંકરોને લગતી વિગતો કાલ્પનિક કથાઓ એટલે દંત-કથાઓમાં એટલી બધી ભેળસેળ થઈ ગઇ છે કે હજી સુધી તેમની નવરચના થઇ શકી નથી, પરંતુ એ હકીકત વિષે નિશ્ચિત પુરાવા જોવા મળે છે કે મહાવીર અને બુધ્ધ પહેલાં પણ ભારતમાં વૈદિક ધર્મથી ભિન્ન એવા ભારતીય સંપ્રદાયો વિદ્યમાન હતા. બુધ્ધના જન્મ પહેલાં અર્હંતો અને તેમનાં ચૈત્યોનું અસ્તિત્વ હતું (બુધ્ધ જાતે મહાવીરની પોતાની જાતિ લીચ્છવીઓ અને તેમના ધર્મનો ઉલ્લેખ કરે છે),[૧] એ અર્હંતો અને ચતન્યના અનુયાયીઓ વ્રાત્યો તરીકે પણ જાણીતા હતા. વળી અથર્વવેદમાં પણ તેમનો ઉલ્લેખ આવે છે."

અને વ્રાત્યો વિષે બોલતી વખતે,[૨] ડો. કે. પી. જયસ્વાલે કહ્યું કે, "તેઓ વ્રાત્યો અથવા બિન બ્રાહ્મણ ધર્મીય ક્ષત્રિયો કહેવાય છે તેમને પોતાના પવિત્ર અવશેષોવાળા સ્મારકો હતા. તેઓની સરકાર જનતંત્રીય હતી. તેઓ અવૈદિક ઉપાસના કરતા અને તેમના પોતાના નિરાળા ધર્મગુરૂઓ હતા. તેઓ જૈનધર્મના પુરસ્કર્તાઓ હતા."[૩]

આમ ડો. એ ગેરીનોટના શબ્દોમાં "પાર્શ્વનાથ ઐતિહાસિક વ્યક્તિ હતા એ વિષે કોઇપણ રીતે શંકાને સ્થાન ન હોઈ શકે."[૪] અને તેમનો ધર્મ ભારતના વિવિધ ભાગોમાં પ્રવર્તેલો હતો એટલુંજ નહિ પરંતુ, આ દેશની સીમાઓથી દુર પણ પ્રસરી ચૂકયો હતો, એવા દાર્શનિક પુરાવાઓ મળે છે.

---

૧. ભારતીય ઇતિહાસકી રૂપરેખા ગ્રંથ ૧ પા. ૩૪૩–૩૪૯.

૨. આ વ્રાત્યો અથવા ક્ષત્રિય બંધુઓ અને જૈનો જ હતા. બીજા કોઈજ નહિ એ વિષે જૈન ઝેઝેટ, XXXI પા. ૬., માં લખેલો પ્રાધ્યપક એ, ચક્રવર્તિનો લેખ; ડો. હરપ્રસાદ શાસ્ત્રીનો જે. બી. ઓ. આર. એસ., પુસ્તક ૫, પા. ૫૫૪–૫૫૮, વાળો લેખ અનેકાન્ત ૬/૭, પા. ૩૩૫–૩૩૬,

૩. મોડર્ન રીવ્યુ, ૧૯૨૯, પા. ૪૯૯.

૪. એસેઈ ડી બીબલીઓ ગ્રાફીકલ જૈનિકા—પ્રસ્તાવ.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

સર પી. સી મોધા[1] ગૌતમ બુધ્ધ પહેલાં જૈનધર્મ પ્રવર્તમાન હતો. એ વિષે લખતાં માહિતી આપે છે કે આશરે ઈ. સ. ૧૮૮૫માં પ્રાધ્યાપક બીલે રોયલ એશીયાટીક સોસાયટીમાં જણાવેલું કે શાકય મુનિ ગૌતમે બૌધ્ધ ધર્મ જાહેર કર્યો એ પહેલાં ઘણા લાંબા સમય પૂર્વે મધ્યએશિયામાં આવો ધર્મ પ્રવર્તમાન હતો, એ વિષે શંકા નથી. વળી સર હેનરી રોલીન્સને રોયલ જ્યોગ્રોફીકલ સોસાયટી (સપ્ટે. ૧૮૮૫)ના સંચાલન દરમ્યાન અને તેમના "મધ્ય એશિયા" (પા. ૨૪૬)માં ત્યાં કાશ્યપની હાજરી દર્શાવતા, ઇંટોનાં ચણતરવાળા બીજા સ્મારકો અને બલ્ખમાં નૂતન વિહાર (મઠ)ની શોધ થયેલી એ તરફ ધ્યાન દોર્યું.

હવે, આ કાશ્યપ, પ્રાચીન જૈન મુનિનું નામ હોવા ઉપરાંત કેટલાક તીર્થંકરોનું ગોત્ર હતું વળી તે પાર્શ્વનાથનું પણ ગોત્ર હતું. આદિ પુરાણમાં જણાવ્યા પ્રમાણે, કાશ્યપનું બીજું નામ મઘવા પણ હતું તે ઉર્ધ્વવંશના (પ્રાચીન નાગકુટુંબની શાખા 'જેમાં તીર્થંકર પાર્શ્વ જન્મ્યા હતા તેના) સંસ્થાપક હતાં.[2]

ભૌગોલિક નામ કાસ્યિપ કાશ્યપ શબ્દને મળતું આવે અને મધ્ય એશિયાના આ નગર વિષે હ્યું એન સંગે, સાતમી સદીમાં નિગંમે અથવા જૈનોના પ્રાગટય વિષે,[3] નોંધ કરેલી, અને તેમની પહેલાં આશરે હજાર વર્ષે પૂર્વે ગ્રીક લોકો પણ એજ રીતે ભારતની વાયવ્ય સરહદ પર તેમના સંબંધમાં આવેલા.[4] એટલે એમ તાર્કિક પણે

૧. જૈન ગેઝેટ, ઓગસ્ટ. ૧૯૦૬, પા. ૧૩.

૨. જે. એસ. બી., XVI, ૨ પા. ૧૩, સંક્ષિપ્ત આદિ પુરાણ, પા. ૨૭ આઈ. એચ. કયું., પા. ૪૬૦ અને II, પા. ૨૮.

૩. બીલ, સિજુકી—પુસ્તક ૧ પા. ૫૫. ડો. બુહલર કહે છે કે, "આ વસ્તુ એ હકીકતને સ્પષ્ટ રીતે દર્શાવે છે કે જૈનોએ ઓછામાં ઓછી ભારતની સરહદોથી વાયવ્ય પરદેશમાં પોતાની ધર્મ પ્રચારક પ્રવૃત્તિ પ્રસરાવેલી.

૪. એમ. સી. ક્રીન્ડલ—પ્રાચીન ભારત–તેઓ જૈનોનો જીમનોસોફીસ્ટસ, સરમનઝ, વેરેલેઈ વગેરે શબ્દોથી ઉલ્લેખ કરતા, અને વિદ્વાનોને હવે શંકા નથી કે તેઓ નિગંઠો અથવા જૈનોને દર્શાવે છે.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

એવું અનુમાન થઇ શકે કે જૈન ધર્મ મહાવીર પહેલાં પણ જૈન ધર્મ કાસ્પિઆ, અમાન, અને સમરકંદ, બલ્ખ વગેરે નગરોમાં પવર્તમાન હતો.

ઇ. સ. પૂર્વે પાંચમી સદીમાં થઇ ગયેલા ગ્રીક ઇતિહાસના જનક હીરોડોટસે ભારતીયધર્ય સંપ્રદાય વિષે એવું લખ્યું છે કે તેમનામાં જીવન જેવું (જીવનમાં ઉલ્હાસ જેવું) કાંઇ હતું નહિ, અને તેઓ બાજરીનાં દાણા જેવા દાણા પર જીવન જીવતા મહાવીર અને બુદ્ધના સમકાલિન, ગ્રીક તત્વજ્ઞાની પાયથાગોરસ (જન્મ ઈ. સ. પહેલાં ૫૮૦) તત્વજ્ઞાનના આધ્યાત્મિક સિધ્ધાંત, આત્માનું ભ્રમણ. કર્મના સિધ્ધાંત વગેરેમાં માનતો અને જીવ હિંસા અને માંસાહારથી દુર રહેતો, અને એટલું જ નહિ પરંતુ તે અમુક શાકભાજીને નિષિધ્ધ ગણતો. અને તેના ભુતકાળના જન્મ વિષે તે સ્મરણ શક્તિ ધરાવે છે એવો તેનો દાવો હતો. આ એશિયા માયનોરના શરૂઆતના આયોનીયન તત્વજ્ઞાનીઓ, જે ઓરફીક તત્વજ્ઞાનીઓ પણ કહેવાતા, તેઓ પણ આત્માની સરખામણીમાં શરીરના અવમૂલ્યનમાં માનતા.[૧] હવે આ સર્વ માન્યતાઓ વિશિષ્ટ રીતે જૈન ધર્મને મળતી આવે છે, અને તેમાં અને બૌધ્ધ અને બ્રાહ્મણોના ધર્મ સાથે ઓછું સામાન્યપણું છે. અને જ્યારે મહાવીર અને બુધ્ધ ધર્મ પ્રચારની શરૂઆત કરી રહ્યા હતા. એવા સમયે આટલા દૂરદુરના મુલકોમાં જૈન ધર્મનું કયારનુંયે પાલન થઇ રહ્યું હતું, અને આ વિચારો સ્વયં ભારતમાંથી ત્યાં પ્રસરેલા હતા એ વિષે શંકા નથી તે ઉપરથી, એટલું નિઃશંક પણે માની શકાય કે તેઓનો ધર્મ પ્રચાર બીજા કોઇ શરૂઆતના તીર્થંકરો દ્વારા નહિ પરંતુ ઓછામાં ઓછું ચોક્કસ રીતે, પાર્શ્વ અને તેમના શિષ્યો દ્વારા સાંભળવા મળ્યો હશે.

હકીકતમાં ડો. રાધાકૃષ્ણ કહે છે તે પ્રમાણે જૈનધર્મ વર્ધમાન

૧. જૈન ગેઝેટ, ઓગસ્ટ ૧૯૦૬ પા. ૧૩.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

અથવા પાર્શ્વનાથ પહેલાં પ્રવર્તમાન હશે એ વિષે શંકા નથી."[૨]

સુવિખ્યાત પંડિત, સંસ્કૃત અને લેકસીકોગ્રાફીના નિષ્ણાત ડો. નાગેન્દ્રનાથ બસુ કહે છે, "હકીકતમાં જૈનોના બાવીસમા તીર્થંકર નેમિનાથ, જે પાર્શ્વનાથ પ્રભુની આગળ થઇ ગયેલા, તે શ્રીકૃષ્ણ ભગવાનના પિતરાઇ બંધુ હતા. જો આપણે કૃષ્ણ ભગવાનના ઇતિહાસને સ્વીકારીએ તો તેમના સમકાલિન, બાવીસમા તીર્થંકર નેમિનાથ ભગવાનને વાસ્તવિક અને ઐતિહાસિક વ્યક્તિ શા માટે ન સ્વીકારવી એનું કારણ નથી."[૩]

ડો. ફ્યુહટ કહે છે, "જૈનોના બાવીસમાં તીર્થંકર નેમિનાથ પ્રભુનો ઐતિહાસિક વ્યક્તિ તરીકે સ્વીકાર થયો છે. શ્રી. એલ. ડી. એજ અભિપ્રાય ધરાવે છે.[૩]

શ્રી કારવા કહે છે, "નેમિનાથ કૃષ્ણના પિતરાઈ બંધુ હતા. જ્યારે જૈનોના બાવીસમા તીર્થંકર કૃષ્ણ ભગવાનના સમકાલિન હતા, એ ઉપરથી વાંચકો બાકીના એકવીસ તીર્થંકરોના પુરાતન ઈતિહાસ વિષે સારી રીતે કલ્પના કરી શકશે."[૪]

---

૧. ભારતનો વારસો (એકસફર્ડ ૧૯૩૭) એચ. જી. રોલીસન રચિત યુરોપિયન સાહિત્ય અને વિચારમાં ભારત–લેખક સ્વયં એવો સ્વીકાર કરે છે કે આ વિચારો જૈન અને બૌદ્ધોના સંબંધમાં દર્શાવાયા હોય તેમ લાગે છે. પરંતુ જે બૌદ્ધ ધર્મનો ગૌતમ બુધ્ધે પ્રચાર કરેલો અને ઈ. સ. પૂર્વે ૪૭૬ અથવા ૪૮૩ માં જેમનું મરણ થયેલું ગણાય છે તે બુદ્ધ ધર્મ સાથે સંભવ છે કે એ ઉલ્લેખ લાગુ ન પડતો હોય. ઉપાંત, બૌદ્ધો, અરે સ્વયં બુદ્ધ પણ માંસાહારથી હંમેશને માટે દૂર રહેલા નહિ, જ્યારે અમુક શાકભાજીનો નિષેધ વિશિષ્ટ રીતે જૈનોમાં જ જોવા મળે છે, એજ વસ્તુ ઉપર જણાવેલા મોટા ભાગના બીજા વિચારોને લાગુ પડે છે.

૨. પાર્શ્વના જીવન માટે એચ. એસ. ભટ્ટાચાર્ય રચિત જુઓ "ભગવાન પાર્શ્વનાથ" અને કે. પી. જૈન રચિત "ભગવાન પાર્શ્વનાથ"

૩. ભારતીય તત્વજ્ઞાન ગ્રંથ ૧, પા. ૨૮૭.

૪. હરિવંશ પુરાણ–પ્રસ્તાવના પા.૬.

5279

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

કર્નલ ટોડ—"મને એમ લાગે છે કે ચાર વિશિષ્ટ 'બુધ'ને અથવા ડાહ્યા મનુષ્યો હતા, દ્વિતીય (જૈનોના બાવીસમાં તીર્થંકર) ઇ.સ. પૂર્વે ૧૧૨૦માં થઇ ગયેલા નેમિનાથ હતા," અને કહે છે કે, તે કૃષ્ણના સમકાલિન હતા.

ડો. હરિ સત્ય ભટ્ટાચાર્ય, એમ. એ., બી. એલ. પી એચ. ડી.ને નેમિનાથ પ્રભુનાથ વાસ્તવિક ઇતિહાસ વિષે શંકા નથી,[૧] અને તેના પર કૃષ્ણનો ઇતિહાસ પ્રસ્થાપિત કરે છે. તે કહે છે, "નોંધપાત્ર મત ભેદો હોવા છતાં જૈન પુરાણોમાં આવતી કૃષ્ણ કથા ખાસ કરીને વૈદિક પુરાણોના જેવી જ છે." તે એવો અભિપ્રાય ધરાવે છે કે, જૈન આવૃત્તિ બ્રાહ્મણ ધર્મની પ્રણાલિકાઓ કરતાં તદ્દન સ્વતંત્ર છે. અને જૈન પવિત્ર પુસ્તકોમાં વર્ણવાએલી કૃષ્ણ પ્રાગટયની કથા દર્શાવે છે કે, સંભવ છેકે, મહાભારતના કૃષ્ણ શુધ્ધ રીતે, કાલ્પનિક વ્યક્તિ નહિ હોય, પરંતુ સમગ્ર રીતે, સંભવતયા તે, ઐતિહાસિક વ્યકિત, શક્તિશાળી મહાન આત્મબળવાળા રાજવી હતા."[૨]

ઉપરાંત રેવ. જે. કેનેડી કહે છે, "જૈન પ્રણાલિકાઓ કૃષ્ણ કથાનું સૌથી પુરાણું સ્વરૂપ દર્શાવે છે."[૩]

હકીકતમાં, તેમના હરિવંશમાં, સમાવિષ્ટ કરવામાં આવેલી નેમિનાથ અથવા અરિષ્ટનેમિ વિષેની જૈન પ્રણાલિકાઓ, અરિષ્ટનેમિ ચરિઉ, એ સર્વેનું બ્રાહ્મણ પ્રણાલિકાઓ સંપૂર્ણ રીતે સમર્થન કરે છે.

વેદો, તેમની ટીકાઓ, અને હિંદુ પુરાણોમાં અરિષ્ટનેમિ વિષે વિશિષ્ટ ઉલ્લેખો જોવા મળે છે. જે સ્પષ્ટપણે જૈન તીર્થંકર દર્શાવે છે.[૪] વૈદિક-રુચાઓમાં, તેમનું જીવન અને મરણનો સાગર પાર

---

૧. એપી ગ્રાહિકા ઇન્ડિકા, ભા-૧ પા. ૩૮૯. અને ભાગ ૨, પા. ૨૦૬-૭

૨. પ્રાચીન મધ્યભારતની ક્ષત્રિય જાતિઓ, ગ્રંથ-૧ ઉપોદ્ઘાત પા. ૪.

૩. ભગવત ગીતા-પરિશિષ્ટ

૪. એન્નાલસ-પુસ્તક ૧, પા. ૯૭-૯૯. તે નેમિનાથની આપણને નવાઈ લાગે તે રીતે સ્કેન્ડિ નેવીએનોના પ્રથમ ઓડિન અને ચિનાઓના પ્રથમ ફો સાથે તુલના કરે છે. વળી તે જણાવે છે કે પ્રથમ ભારતીય બોધ આદિનાથ અથવા ઋષભ દેવ હતા.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

કરાવવાને સમર્થ, હિંસા નિવારક; જીવ-પ્રાણી માત્રને હિંસાથી બચાવવામાં મદદ રૂપ વગેરે વર્ણન આવે છે."[૨] સ્વામિ વિરૂપક્ષ વડયાર એમ. એ., વેદરત્ન જેવા સુવિખ્યાત વૈદિક વિદ્વાનોને પૂરેપૂરી પ્રતિતિ થઇ છે કે આ વૈદિક અને પૌરાણિક ઉલ્લેખો નિઃશંકપણે જૈન તીર્થંકર અરિષ્ટનેમિ વિષેજ કરતા અને બીજી કોઇપણ વ્યકિત વિષે નહિ.

આમાં વધારે અગત્યની વસ્તુ તો એ છે કે મહાભારત સુધ્ધાંત ઓછામાં ઓછી બે જગાએ વિશેષણ જિનેશ્વર સાથે તેમનું નામ જણાવે છે.

ડો. પ્રાણનાથ વિદ્યાલંકારે ૧૯મી માર્ચ ૧૯૩૫ના રોજ પ્રગટ થયેલા અઠવાડિક "ટાઇમ્સ ઓફ ઇન્ડીયા"માં તેમણે કાઠિયાવાડમાં સંશોધન કરેલી (ઇ. સ. પહેલાં ૧૧૪૦માં) બેબી લોનિઅન (ચાલ્ડીઅન) રાજા નેબુચંદ નઝીરના વખતના તામ્રપાત્રની માહિતી પ્રગટ કરી. તેમના મુશ્કેલીભર્યા વાંચન પ્રમાણે, આ દસ્તાવેજમાંથી એમ ફલિત થતું હતુ કે, "આ કહેવાતા નેબુચંદ નઝર રાજા કાઠીયાવાડમાં આવેલા રેવાનગરના પણ માલિક હતા, અને તેઓ સુમેર જાતિના હતા, તે યદુરાજાની દ્વારકા નગરીમાં આવ્યા છે. તેમણે રૈવત પર્વત પર નેમિ પ્રભુની સ્થાયી પ્રતિમા માટે મંદિર બંધાવ્યું છે, અને વંદન કર્યું છે, અને સ્થાયી દાન આપ્યું છે.[૧] પ્રાધ્યાપક પ્રાણનાથ સ્વયં કહે છે,

---

૧. ભગવાન અરિષ્ટનેમિ, પા. ૮૮-૮૯.

૨. જૈન દંતકથાઓના મુખ્ય નાયકો-જે. એ. XIV, ૨, પા. ૭૭.

જૈન પ્રણાલિકાએમાં કૃષ્ણ, નારાયણને જિનના ભકત કહેવાય છે. એટલે સુધી કે અંધશ્રદ્ધાળુ વૈદિક હિંદુઓ તેમને વ્રાત્ય અને ક્ષેત્રની બહાર ગણતા. (૧૯૪૮નો, ભારતનો વિકસિત ઈતિહાસ જુઓ, પા. ૯૫.)

૩. બાલકૃષ્ણ, ખ્રીસ્તી ધર્મ અને ગુર્જરો-જે આર. એ. એસ. ૧૯૦૭, પા. ૯૫૧-૯૯૧.

૧. રૂગવેદ (૮, ૮, ૮, ૨૪,અને ૧૦, ૧૭૮, ૧), યજુર્વેદ (૨૫, ૧૯ અને ૯, ૨૫), સામવેદ (૪, ૧) અથર્વવેદ (૨૦, ૧૪૩, ૧૦), ઐતરેય બ્રાહ્મણ (૨૦, ૨) યાસ્ક નિરુકત (૧૦, ૧૨), સર્વાનુ ક્રમણિકા વેદાર્થદીપીકા, સાયન ભાષ્ય

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

"આ શિલાલેખ ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબજ કીમતી છે. એમાં નેમિનું નામ દર્શાવાયું તેથી તે જૈન ધર્મનું પ્રાચીનપણું સાબિત કરવામાં અત્યંત લાભદાયી થશે,"

વળી, આ અગત્યનો દસ્તાવેજ એમ સાબિત કરે છે કે, બાવીસમાં જૈન તીર્થંકર ભગવાન નેમિનાથની પુજાભક્તિ પાર્શ્વ અને મહાવીરના પ્રાદુર્ભાવ પહેલાં મહાભારતના પછીના દિવસોમાં સ્થાપિત થઈ ચૂકી હતી અને (ઇ.સ. પહેલાંના ૯મા સૈકામાં) પાર્શ્વનાથ પહેલાં જૈન ધર્મ વિદ્યમાન હતો અને ભગવાન અરિષ્ટનેમિનો ઈતિહાસ સાચો છે. એ વિષે હવે જરા પણ શંકા ન રહેવી જોઇએ.

અરિષ્ટનેમિ આગ્રા પાસેના શૈરીપુરના રાજા સમુદ્રવિજયના પુત્ર હતા. તે (રાજા સમુદ્ર વિજય) કૃષ્ણ ભગવાનના કાકા હતા.

પરંતુ જ્યારે કૃષ્ણની રાહબરી નીચે સર્વ યદુવંશીઓ પ્રશ્ચિમ કિનારે દ્વારકા રહેવા માટે આવ્યા, ત્યારે નેમિનાથ પણ તેમની સાથે આવેલા. કૃષ્ણે પોતાના પિતરાઇ બંધુના લગ્ન જુનાગઢના રાજાની દીકરી રાજુલમતી સાથે નક્કી કર્યાં, પરંતુ લગ્નની મિજબાની માટે કતલ કરવામાં આવનાર પશુઓને જોઇ, હૃદય પીગળી જવાથી, લગ્નનો વરઘોડો છોડી, જગતનો ત્યાગ કરી, રૈવત પર્વત (ગિરનાર અથવા ઉજ્જયન્ત) પર જઈ કઠોર તપશ્ચર્યા કરી, કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી, પૂર્વે થઈ ગયેલા તીર્થંકરોના અહિંસા ધર્મનો જગતમાં પ્રચાર કર્યો, અને છેવટે મોક્ષ પ્રાપ્ત કર્યો.૧

આમ, પોતે સાચી ઐતિહાસિક વ્યક્તિ હતી, એ વિષે પ્રશ્ન જ નથી, પરંતુ તેમનો સમય નિર્ણીત કરવામાં કેટલીક મુશ્કેલીઓ નડે છે, કારણ જુદા જુદા વિદ્વાનો વચ્ચે મહાભારત યુધ્ધના સાચા સમય વિષે જુદા જુદા મતભેદો પ્રવર્તે છે. તેઓ ઈ. સ. પૂર્વે ૯૫૦થી ઈ. સ. પૂર્વે ૩,૦૦૦ વર્ષ સુધીના ગાળામાં જુદા જુદા સમયો દર્શાવે છે,

---

(પા. ૬૭૮), સ્કંદ પુરાણ–પ્રભાસ ખંડ (૧૬, ૯૬), ભાગવત (૨, ૭, ૧૦), માર્કન્ડેય પુરાણ (૫૦, ૩૯, ૪૧), વગેરે, વળી વૈદિક અને પૌરાણિક સાહિત્યના જૈન ઉલ્લેખો જુઓ–" દિલ્હી ૧૯૩૦.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પરંતુ છેલ્લામાં છેલ્લો વધુમતિ અભિપ્રાય ઈ. સ. પૂર્વે પંદરમાં સૈકાનો મધ્ય ભાગ નિર્ણીત કરે છે. [૨] અને હવેના સમયમાં સામાન્ય રીતે, તેને નિયમિત ભારતીય ઈતિહાસનું ઉદ્ગમબિંદુ ગણવામાં આવે છે. એ પહેલાંના સમયનો તબક્કો જે વિષે આપણું જ્ઞાન મુખ્યત્વે ધાર્મિક પ્રણાલિકાઓ, જૈન અને હિંદુ પુરાણો પર આધાર રાખે છે. તે મુખ્યત્વે, એ સમયનો ઇતિહાસ કોઇ નક્કર પાયા પર નવેસરથી ન રચી શકવાના કારણે પ્રોટો–હીસ્ટ્રી એટલે અર્ધ ઐતિહાસિક તબક્કા તરીકે ગણાય છે.

પરંતુ રામનું નામ અથવા રામાયણની કથા કૃષ્ણનામ અથવા મહાભારતની કથાની જેમ ભારતમાં ઘર ઘર વંચાય છે, અને જો કે ઘણા વિદ્વાનો હજી પણ રામકથાને દંતકથા માનવાનો આગ્રહ રાખે છે, પરંતુ મોટા ભાગના વિદ્વાનો અને ખાસ કરીને ભારતીય વિદ્વાનો, અહુ જનસમાજ અને રાષ્ટ્રના, બુધ્ધિજીવીઓ દૃઢતા પૂર્વક માને છે કે વાર્તાની સાથે સંકળાયેલા મોટા ભાગના પ્રસંગો અને મનુષ્યો તદ્દન સાચા અને ઐતિહાસિક છે, પરંતુ તેઓ વૈજ્ઞાનિક ઇતિહાસના ક્ષેત્રની બહાર છે અને તેમનો કાલ અજ્ઞાત છે.

અહીં ફરીથી ડો, એચ. એસ. ભટ્ટાચાર્ય કહે છે કે, જૈન પુરાણોમાં દર્શાવેલી રામાયણની કથા વાલ્મિકીએ દર્શાવેલી વિગત સાથે નક્કરપણે મળતી આવે છે. તે બ્રાહ્મણ આવૃત્તિ કરતાં તદ્દન સ્વતંત્ર

---

૨ જે. એસ. બી. ૧૩, ૨ પા. ૮૯–૯૦. આ વિશિષ્ટ રુચા છે–

स्वस्ति न इन्द्रो वृध्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः ।
स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः स्वस्तिनो बृहस्पति दधातु ॥

—(૩ગ. ૧, ૧, ૧૬ : યજુર. ૨૫, ૧૯, સામ ૩, ૯.

૩. જૈન પથ પ્રદર્શક ૩, ૩ પા. ૧૦૬– ૧૧૨. તે કહે છે કે એમાં વપરાયેલા અરિષ્ટનેમિ પદનું વૈદિક અર્થઘટન જૈન ધર્મના સિદ્ધાંતોને મળતું આવે છે ઉવટાચાર્ય પણ તેમની યજુર્વેદની એ ઋચા પર ટીકામાં તેઓનો "અહિંસાના પ્રચારક" તરીકે અર્થ કરે છે.

૪. મહાભારત–અનુશાસન પ્ર. ૧૪૯, વિ. ૫૦, ૮૦, પા. ૧૫૧.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પણ છે."[૧] અને આગળ વધીને જણાવે છે કે, "જૈનોએ પોતાના પવિત્ર ધર્મમાં રામ કથાને સન્માનપૂર્વક જાળવી છે એજ હકીકત લગભગ એવો નિર્ણાયાત્મક નિર્ણય દર્શાવે છે કે દ્વિઅર્થી રચનાવાળા તાત્વિક તત્વચિંતન કરતાં કંઈક વધારે છે, અને તેને ઐતિહાસિક પાયો હોવો સંપૂર્ણ રીતે સંભવિતા છે. આ સંજોગોમાં રામ કથાની વસ્તુમાં અંશતઃ ઐતિહાસિક સત્ય રહેલું છે એટલો વિચાર કરતાં ન્યાયનું ધોરણ જળવાય છે.

હકિકતમાં, આ વાર્તાની સૌથી પુરાણી, લભ્ય જૈન પ્રત વિમલ સૂરીનું પઉમ ચરિઉ[૩] ઈ. સ. પૂર્વેના પ્રથમ સૈકાની બ્રાહ્મણ-કૃતિ વાલ્મિકી રામાયણના સમયની છે, ઉપરાંત, ઇ.સ. પછીના સાતમા સૈકામાં રચાયેલાં જૈન સંસ્કૃત પદ્મપુરાણ, ઈ.સ.ની આઠમી સદીમાં લખાયેલાં અપંભ્રશ ભાષાના સ્વયંભૂ રામાયણ, મુનિસુવ્રત કાવ્ય અને પુરાણોએ આ વાર્તાને જાળવવામાં અને લોકપ્રિય કરવામાં જૈન ગ્રંથો

---

૧. જે. એ. XIV, T, P. ૩, જે. એસ. બી. XIV, I, P. ૨૧, 'જૈન'-૩૫, ૧, પા. ૨.

૨. આ દાનમાં નેમિનાથ વિષે કરવામાં આવેલું વર્ણન વૈદિક ઋચાઓમાં કરવામાં આવેલા વર્ણન બરાબર મળતુ આવે છે, અને તે નામના જૈન તીર્થંકર સાથેના તેમના તદાત્મ્યપણા વિષે શંકા રાખવાનું કારણ રહેતું નથી-વિરોધ પરિહાર, પા. ૬૩. ૬૪.

૧. એચ. એસ. ભટ્ટાચાર્ય ભગવાન અરિષ્ટનેમિ, જૈન હરિવંશ, અરિષ્ટનેમિ ચરિઉ, નેમિપુંરાણ.

૨. પારજીટર-ઈ.સ પૂર્વે ૯૫૦; આર. સી. મજુમદાર-ઈ.સ પૂર્વે ૧૦૦૦, ટોડ-ઈ.સ. પૂર્વે ૧૧૨૦; ડૉ. એચ. સી. રાય ચૌધરી-ઈ.સ. પૂર્વે ૧૩૭૬; પ્રાધ્યાપક જે. સી. વિદ્યાલંકાર—ઇ.સ. પૂર્વે ૧૪૨૪ ડૉ કે. પી જયસ્વાલ અને બીજાઓ— ઈ.સ. પૂર્વે ૧૪૫૦; કેટલાક પુરાણો ઈ.સ. પૂર્વે ૧૪૦૪નો સમય ગણાવે છે, જ્યારે ખગોળ શાસ્ત્રો અને પાછળની પ્રણાલિકાઓ ઈ.સ. પૂર્વે ૩૧૦૨ અથવા ઈ.સ. પૂર્વે ૨૪૪૯નો સમય ગણાવે છે.

૧. જૈન દંતકથાના મુખ્ય નાયકો-જે. એ. XIII, ૨, પા. ૨૧

૨. જે. એ., XIV, I, પા. ૧૩.

૨. ભારતનો વિકસિત ઇતિહાસ, પા. ૧૪૨

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh
ની તુલનામાં ઘણા પાછળથી લખાયેલા બ્રાહ્મણોનાં પુરાણો કરતાં તથા પ્રાંતીય ભાષાઓમાં લખાયેલાં રામાયણો કરતાં ઓછો ફાળો આપ્યો નથી.

પરંતુ જૈન આવૃત્તિ જ્યાં જ્યાં બ્રાહ્મણ ધર્મના રામાયણથી જુદી પડે છે ત્યાં ત્યાં તે જૈન ધર્મની સ્થિતિ વિષે અત્યંત અર્થપૂર્ણ પ્રકાશ પાથરે છે. જૈન આવૃત્તિ પ્રમાણે રાવણ અને તેમના રાક્ષસો વિદ્યાધરોની જાતિના ઉચ્ચ કક્ષાના સંસ્કારી અને જિનના પરમ ભક્તો હતા. અહીં હિંદુ પુરાણોની જેમ, તેમને ભયંકર દેખાના, દુષ્ટ સ્વભાવવાળા, અધાર્મિક રાક્ષસો, પિશાચો અથવા અસુરો તરીકે ચીતરવામાં આવ્યા નથી. પરંતુ ચોક્કસ રીતે તેમને વૈદિક સાધુઓના યાજ્ઞિકસંપ્રદાયના પ્રતિસ્પર્ધીઓ તરીકે દર્શાવવામાં આવ્યા છે. ડો. ભટ્ટાચાર્યએ નિરીક્ષણ કર્યું છે તે પ્રમાણે, "આ બંને અહેવાલોને એક સાથે રાખીને વિચાર કરતાં કેટલાક વર્તમાનકાલિન વિદ્વાનો ઉગ્રપણે ભારપૂર્વક જણાવે છે, કે રાક્ષસો જૈનો હોવાથી તેમને વૈદિક પ્રજાએ ફજેત કરેલા, વળી તેઓ જણાવે છે કે વાલ્મિકીના રામાયણમાં કરવામાં આવેલા રાક્ષસોના વર્ણન સ્પષ્ટ રીતે દર્શાવેલા છે કે, તેઓ જૈનો સિવાય, બીજા કોઇ ન હોઇ શકે, અને રામાયણના ગ્રંથકર્તાએ કેવળ ધર્માંધપણાને લીધે તેમને બીહામણા સ્વરૂપે રજુ કર્યા છે." એફ. ઇ. પરગીટર ભારપૂર્વક દર્શાવે છે કે, "હિંદુઓ જૈનો પ્રત્યે અસુરો અથવા દૈત્યો તરીકે (ધિક્કાર વગેરે સૂચવતા શબ્દોથી) વર્તન કરતા."[૨] એડકીન્સ કહે છે, "શ્રી હોડ પણ એમ ધારે છે કે જૈનો માટે 'અસુરો' અને 'રાક્ષસો' જેવા શબ્દોનો ઉપયોગ કરતા હતા. અને શ્રી. એફ. ઓલ્ધામ પણ એવો અભિપ્રાય દર્શાવે છે કે બૌધ્ધ અને જૈન બંને પધ્ધતિઓ સૂર્ય અને સર્પ સાથે ગાઢ રીતે સંકળાયેલી હતી. અને સુર્યવંશી જાતિઓમાંથી તેઓને ખાસ ટેકેદારો મળેલા. સુયવંશીઓ પર બ્રાહ્મણ ધર્મની બહુ ઓછી અસર થયેલી.

---

૧. જૈન દંતકથાઓના મુખ્ય નાયકો, જે. એ. XV, I, પા. ૯.

૨. પ્રાચીન ભારતીય ઐતિહાસિક પ્રણાલિકા, લંડન ૧૯૨૨. પા. ૨૯૧

૩. જોસફ એડકીન્સ—ચીની બુદ્ધધર્મ, લંડન ૧૮૮૦, પા. ૧૫૬–૧૫૮

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

પુરાણની આવૃત્ત એમ દર્શાવે છે કે જૈનો મુળમાં અસુરોમાંથી ઉતરી આવેલા. જૈનો બુદ્ધ પહેલાં વિદ્યમાન હતા. સર્વે ૨૪ તીર્થંકરો ક્ષત્રિય હતા, અને બે સિવાયના બધાજ ઇક્ષ્વાકુંના સુર્યવંશમાંથી ઉતરી આવેલા.[૧]

હવે રામ ઇક્ષ્વાકુના સૂર્યવંશમાંથી ઉતરી આવેલા તે વિષે સવાલ ઉઠતો નથી. જૈન પ્રણાલિકા પ્રમાણે પોતાના કુટુંબના મોટા ભાગના સભ્યો સહિત તે જૈનધર્મના અનુયાયી હતા. એટલું જ નહિ પરંતુ, રામચંદ્ર, તેમના ભાઇ લક્ષ્મણ અને તેમના દુશ્મન રાવણ જૈન પ્રણાલિકાઓ પ્રમાણે ૬૩ અગ્રગણ્ય વ્યક્તિઓ (ત્રિષષ્ટિ શલાકા પુરૂષો) માંના ત્રણ હતા. જ્યારે રામાયણના રાક્ષસો અને વાનરોને અર્ધમાનવો અવિકસિત માનવપશુઓ. અથવા અસુરો તરીકે વર્ણવવામાં આવ્યા નથી, પરંતુ તેમને વિદ્યાધર જાતિમાંના, [૨] (જેમાં જિનના મોટાભાગના ભક્તો હતા) અત્યંત ઉચ્ચ સંસ્કારી અને વિકસિત મનુષ્યો તરીકે વર્ણવવામાં આવ્યા છે. ભારતના આ પ્રાચીન અનાર્ય રહેવાસીઓને હાલમાં સામાન્ય રીતે દ્રાવિડીયનો તરીકે ઓળખવામાં આવે છે. પરગીટરના કહેવા પ્રમાણે "સૂર્યવંશીઓ આ દેશના અસલી નાગરિકો હતા અને તેઓ દ્રાવિડીયન જાતિના હતા.[૩]

યોગ વાશિષ્ઠ રામાયણ; જેના કર્તા તરીકે કેટલાક રામચંદ્રજીના કુલગુરુ વશિષ્ઠ ઋષિને અને બીજા કેટલાક વાલ્મકિ ઋષિને ગણે છે, તે ગ્રંથનો જણાવ્યા પ્રમાણે "રામને જિન જેવા થવાની લાલસા જાગેલી."[૧] મહાભારતની જેમ વાલ્મિકી રામાયણ બ્રાહ્મણ ધર્મના પુનરુત્થાનનું ઉપાર્જન છે. અને તેથી તેની જેમજ તે પુનરુત્થાન

---

૧. સૂર્ય અને સર્પ, લંડન ૧૯૦૫, પા. ૧૭૨–૧૮૧.

૨. જે. એસ. બી—૧૪, ૧, પા. ૧૭-૨૩

૩. પ્રાચીન ભારતની ઐતિહાસિક પ્રણાલિકા પા. ૨૯૫–૨૯૬.

૧. યોગ વાસિષ્ઠ, વૈરાગ્ય પ્રકરણ, પ્ર. ૧૫, V. ૮, પા. ૩૩. આ પ્રાચીન કૃતિમાં જૈન ધર્મ અને તેના સિદ્ધાંતોને લગતા બીજા કેટલાક ઉલ્લેખો આવે છે. (અંદર ૩, ૩, ૪૯–૫૦; ૪, ૨૨, ૩૦; અને Pt II, ૬, ૧૭૩, ૩૪). વળી સત્યાર્થ દર્પણ જુઓ, પા. ૯૦.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

વાદીઓની જેમ અત્યંત પૂર્વગ્રહયુક્ત અને કોમવાદી ભાવના સેવે છે. આ ગ્રંથે જૈનધર્મ અને જૈનો વિષે ઇરાદાપૂર્વક કોઈપણ પ્રકારનો ઉલ્લેખ કરવાનું માંડી વાળ્યું છે, છતાં અમુક અમુક જગાએ તેમના વિષે ઉલ્લેખ સરી પડયો છે. દા. ત. તે જણાવે છે કે રામચંદ્રજીના પિતા દશરથ રાજાએ શ્રમણોની સેવાભક્તિ કરેલી. આ શ્રમણો[2] ભૃગુની ટીકા પ્રમાણે જૈન ધર્મના દિગંબર સાધુઓ હતા.[3]

આમ રામચંદ્રજીના સમયમાં જૈનધર્મ વિદ્યમાન હતો. અને જૈનોના વીસમા તીર્થંકર ભગવાન મુનિસુવ્રત રાજગૃહના રાજકુમાર, અને રામચંદ્રજીથી મોટી ઉંમરના સમકાલિન રામચંદ્રજીના પૂર્વ પુરુષ હતા, અને સ્વયં રામચંદ્રજીની જેમજ એમનું અસ્તિત્વ વાસ્તવિક હતું. એ વિષે બીલકુલ શંકા રહેતી નથી.

ઉપરાંત મુનિસુવ્રતના સમયમાં વસુ ઐદોપરિચ્ચાર રાજાના દરબારમાં એવી ગરમાગરમ ચર્ચા થયેલી કે વૈદિક યજ્ઞોમાં પશુઓની કે વનસ્પતિના ઉત્પાદનોની આહૂતિ આપવી જોઇએ કે નહિ છેવટે વસુ રાજાએ પશુની બલિની તરફેણમાં પોતાનો ચુકાદો આપ્યો. અને ત્યાર પછીથી આ ભયંકર પ્રથા શરૂ થઈ.

જૈન અને બ્રાહ્મણ પ્રણાલિકાઓ એ બંનેમાં વસુની વાર્તા વ્યાવહારિક રીતે એક સરખી છે, અને એ એની સચ્ચાઇની પ્રતીતિ કરાવે છે. બાકીના તીર્થંકરોમાં ઋષભ,–પ્રથમ, અજિતનાથ,–દ્વિતીય અને સુપાર્શ્વ, સાતમા એમ તેમનો વેદોમાં પણ ઉલ્લેખ જોવા મળે છે.[2]

ત્યારપછીથી વેણુરાજાની એક વિચિત્ર વાર્તા છે. શરૂઆતમાં એ વેદમાર્ગી હિન્દુ હતા. પરંતુ એક જૈન મુનિના બોધથી તે જૈન સાધુ બન્યા, એટલે એ પાપી કહેવાયા અને એમના ધર્મ પરિવર્તનને પતન

---

૨. રામાયણ બાલકાંડ XIV, ૧૨

૩. વી. કે. મુકરજી રચિત "જૈન ધર્મ" ; ભગવાન પાર્શ્વનાથ, પા. ૨૪

૪. પઉમ ચરિઉ પદમ પુરાણ ઉત્તમ–પુરાણ, મુનિસુવ્રત પુરાણ વગેરે.

૧. મહાભારતમાં વાર્તા આવે છે, અને બૌદ્ધસુત નિપાતમાં પણ તેનો ઉલ્લેખ છે. જૈન હરિવંશ પુરાણ, XVII, પા. ૨૬૩–૨૭૨ માં જૈન આવૃત્તિ લભ્ય છે. જુઓ. જે. એસ. બી. XIII, 1, પા. ૧૩

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

તરીકે ગણાવાયું. શ્રી એસ. સી. ઘોશાલ, એમ. એ., બી. એલ., પુરાણ કાવ્ય તીર્થ વગેરે કહે છે. "આ વસ્તુ તદ્દન સ્વાભાવિક છે કારણ આ બધા ગ્રંથો (દા. ત., હિન્દુ પદ્મ પુરાણ) (જેમાં આ વાર્તાનું વર્ણન કરવામાં આવ્યું છે, તે) જૈનધર્મને પ્રતિકૂળ શિક્ષણ દર્શાવે છે. પરંતુ આ વાર્તા ઉપરથી આપણે એટલું તારવી શકીએ છીએ કે એ એક ઐતિહાસિક ઘટના હોવી જોઇએ. કે જેમાં હિંદુ રાજા વેણુએ જૈન ધર્મ પરિવર્તન સ્વીકાર્યું હોય, હું જાણું છું ત્યાંસુધી જે વિદ્વાનો, જૈન ધર્મના પ્રાચીન કાળને પ્રતિષ્ઠિત કરવા માંગતા હોય, તેમના ધ્યાનમાં આ હકીકત આવી નથી. [૩]

હવે આ વાર્તા લગભગ બધાજ બ્રાહ્મણ પુરાણોમાં જોવામાં આવે છે, અને આ વેણુ રાજા વિષે પદ્મ અને વામનપુરાણોમાં જણાવવામાં આવ્યું છે કે તે માનવ જાતિના આદિ પિતા બ્રહ્માના છઠ્ઠા વંશજ થયેલા હોવા જોઇએ, જ્યારે ભાગવતના અગીઆરમા સ્કંધમાં, ગરૂડ પુરાણના તેરમા સ્કંધમાં, અને વિષ્ણુ પુરાણ અને બાકીના બીજા પુરાણોમાં તે સર્જનહાર, બ્રહ્માના પુત્ર પ્રથમ મનુષ્ય, સ્વયંભુ મનુના નવમા વંશજ ગણાયા છે. [૧]

વેણુએ અસુરોમાં જૈન ધર્મનો પ્રચાર કરેલો પણ કહેવાય છે. શ્રી. ઘોશાલ કહે છે, "સર્વ પુરાણોમાંથી એટલું સ્પષ્ટ છે કે શરૂઆતથી વેણુ પશુના બલિદાન અને બ્રાહ્મણોની વિરુધ્ધ હતા, અને તે નાસ્તિક અને વૈદિક ધર્મ વિરુધ્ધ બન્યા એટલુંજ નહિ પરંતુ તે જૈન પણ બન્યા. [૨] જૈનધર્મના મૂળ વિષે જુદા જુદા પુરાણોમાં બીજી કેટલીક વાર્તાઓ આવે છે. [૩] પરંતુ તેમનાં વિષે એવી એક રસદાયક ઘટના

---

૨. રાધાકૃષ્ણન—ભારતીય તત્વજ્ઞાન, પુસ્તક ૧, પા. ૨૮૭.

૩. જૈન ધર્મ વિહોણા સાહિત્યમાં જૈન ધર્મ જે. જી. ફેબ્રુ. ૧૯૧૮, પા. ૮૭.

૧. 'એનુની વાર્તા' જે. જી. જુલાઈ ૧૭૧૮ પા. ૧૫૬.

૨. આઈ. બી, આઇ. ડી.

૩. પદ્મ પુરાણમાં એક બીજા વાર્તાના પ્રસંગ પ્રમાણે, અસુરોના ધર્મ ગુરૂ, શુક્રાચાર્યેએ જૈન ધર્મનો પ્રચાર કરેલો.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

છે કે તેઓ કેટલીક અગત્યની વ્યક્તિઓને અચૂક રીતે પોતાના કેટલાક ધર્મગુરૂઓની અસર નીચે પોતાના ધર્મનું પરિવર્તન કરાવીને પછીથી આ નવી ધર્મપરિવર્તીત વ્યક્તિ પાસે પોતાના નવા ધર્મનો પ્રચાર કરાવે છે. આ સ્પષ્ટ રીતે બે વસ્તુઓ પૂરવાર કરે છે, પ્રથમ પ્રાગવૈદિક સમયમાં બ્રાહ્મણ ધર્મમાંથી જૈન ધર્મમાં પરિવર્તન અત્યંત સામાન્ય હતું. અને બીજું, જૈન ધર્મ સૌથી જુના કાળમાં પણ સુપ્રતિષ્ઠિત ધર્મ થઈ ચૂકયો હતો, અને આર્યો દ્વારા અસુરો દૈત્યો, રાક્ષસો, વગેરે નામે ઓળખાતી અનાર્ય આદિવાસી જાતિઓમાં વધારે લોકપ્રિય બન્યો હતો.

અને મેકડોનલ જણાવે છે તે પ્રમાણે, "હિન્દુ પુરાણોમાં ઘણું પુરાણું છે, અને તેઓ મહાભારત અને મનુમાંથી હંમેશાં વસ્તુઓ ઉછીની લેતા નથી, પરંતુ સ્વયંવેદો અને કેટલાક વધારે પુરાણા સંગ્રહોમાંથી માહિતી મેળવે છે[૧] તેથી આ વાર્તાઓનું રહસ્ય અને ખાસ કરીને વેણુની વાર્તા સર્વ પુરાણોમાં વર્ણવાયેલી છે તેથી તેની ઉપેક્ષા ન થઇ શકે, તે સ્પષ્ટ રીતે જૈન ધર્મના પ્રાચીન તત્વોને બ્રાહ્મણધર્મના સર્જનની તદ્દન શરૂઆતના સમયમાં અથવા સ્વયં બ્રાહ્મણ ધર્મના મૂળ કરતાં જ આગલા સમયના તબક્કામાં લઈ જાય છે.[૨]

છતાં પોતાના અત્યંત રૂઢ થઇ ગયેલા પુર્વગ્રહોવાળા અને બીજા

બીજી આવૃત્તિ જણાવે છે કે દેવગુરૂ, બૃહસ્પતિની મદદથી વિષ્ણુ ભગવાને જૈન મુનિના વેશમાં દૈત્યોને છેતરવા માટે મહામાય (ભ્રામક શકિત) મોકલી હતી. જૈન ધર્મનો પ્રચાર. રૂષભના ભક્ત કોન્ક-એક-કુટક-ના રાજા અર્હતને લીધે થયેલો તેમ ભાગવત દર્શાવે છે, બીજા દષ્ટાંતો માટે જુઓ સ્કંધ પુરાણ (૩૬-૩૭-૩૮ પા. ૧૫૪-૧૬૧), વિષ્ણુપુરાણ (PI, III પ્ર. ૧૭-૧૮); શીવ પુરાણ (PI. ૫. પ્ર; ૪, ૫) વગેરે.

૧- એ. એ મેગડોનલ. સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ, પા. ૨૯૯.

૨. હકીકતમાં જૈન પ્રણાલિકા પ્રમાણે બ્રાહ્મણો ઘણા પાછળથી આવ્યા. મૂળમાં કેવળ ક્ષત્રિય વર્ણજ હતો. એટલે સુધી કે સ્વયં બ્રાહ્મણ પુરાણો પ્રમાણે (દા. તે., વાયુ ૮૮, ૫-૭ વિષ્ણુ ૪, ૨, ૨, અને બ્રહ્માંડ ૩, ૬૩, ૫-૭) જેના ભાગ વૈશ્ય બનેલો તેનો પાંચમો વંશજ અને મનુનો પૌત્ર ૨ થી-તરની પ્રજા. આ પ્રજા પ્રથમ બ્રાહ્મણ બની અને આંગીરસો કહેવાઈ. એ જાવું રસપ્રદ

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

લાગણીપ્રધાન કારણોસર કેટલાક વિદ્વાનો જૈનધર્મ બ્રાહ્મણ ધર્મનો ફાંટો છે અથવા જૈનો કેવળ બૌધ્ધોની જેમ હિંદુ ધર્મમાંથી ફૂંટાયેલા લોકો છે એમ માનવાનો અને ભારપૂર્વક જણાવવાનો આગ્રહ રાખે છે, પરંતુ હકીકતમાં તેમનો ધર્મ તદ્દન સ્વતંત્ર અને બૌધ્ધો કરતાં ઘણો પુરાણો છે.

ઉપર જણાવાઇ ચુકેલી હકીકતો પરથી એટલું સ્પષ્ટ થાય છે કે આવો અભિપ્રાય ધરાવવા માટે બીલકુલ કારણ નથી. વેદોથી માંડીને તે પુરાણો અને બીજા મધ્યકાલિન સાહિત્ય સુધીના બ્રાહ્મણ ધર્મને લગતા સાહિત્યમાં જૈનોના તેમના ધર્મના તેમના તીર્થંકરોના અને તેમના ધર્મ સિધ્ધાંતોના પણ અસંખ્ય ઉલ્લેખ આપે છે.[1]

જે ઉલ્લેખો કેટલીક વાર તેમની હાંસી ઉડાવે છે અને ફજેત કરે છે [2] અને કેટલીકવાર તેમની પ્રશંસા કરે છે અને વધારે છે.[3]

થઇ શકશે કે ડો. હરટલના જણાવ્યા પ્રમાણે આંગીરસ મુનિનું મુંડકોપનિષદ જૈન પ્રભાવવાળી તદ્દન સાચી નિશાનીઓ દર્શાવે છે (હિન્દી, ઇરાની અધ્યયન વગેરે. ગ્રંથ—૩)

૧. "અર્હન" શબ્દ રૂગવેદ અને બીજા વેદોમાં ઘણીવાર દર્શાવાય છે. (મેકસમુલટની આવૃત્તિ ૧૮૫૪, પુસ્તકર પા.૫૭૯ જુઓ) એમાં જૈન સાધુઓને "પવનવર્સન" એટલે નગ્ન દર્શાવાયા છે. (જુંઓ વેખર—ઇન્ડ. એ એન ટી. ××× ૧૯૦૧.) બીજી સુસંગત વૈદિક ઋચાઓ જુઓ.[1] "**वेदपुराणादि ग्रन्थोमे जैनधर्मका अस्तित्व**" "**विरोध परिहार**", "**सत्यार्थ दर्पण**" યજ્ઞોમાં પશુનું બલિદાન આપવાની વિરૂદ્ધમાં રહેલા વેદોના શ્રમણો, વ્રાત્યો, મહાવ્રાત્ય (એટલે ઋષભ) તેમના સ્કંધ પુરાણ (પા. ૧૦૨—૧૦૮), શિવપુરાણ' નાગપુરાણ. મનુસ્મૃતિ. ભાગવતપુરાણ, (૭-૧૧,V૮—૯) વગેરે. વળી હિન્દુ શાસ્ત્રો Pt. VIII, પા. ૨૨૮—૨૨૨) અને ટોડરમલ રચિત મોક્ષ માર્ગ પ્રકાશ પા. ૨૦૭—૨૧૧.

પ્રજાપતિ પરમેષ્ઠિન્ વગેરે સર્વે જૈનોનો ઉલ્લેખ કરે છે, ઘણા ઉપનિષદો ખાસ કરીને છાન્દોગ્ય અને મુંડક અને એમાંય મુડકતો ઘણા જૈન પારિભાષિક શબ્દનો ઉપયોગ કરે છે તેની ચર્ચાઓ પણ તદ્દન જૈન ધર્મને મળતી આવે છે. તેના કર્તા અંગીરસ પહેલાં જૈન મુનિ હતા. (જુઓ ડો. જોનીસ હરટલ) મહાભારત (શાન્તી પર્વ, મોક્ષધર્મ પ્ર. ૨૩૮ V. ૬, અનુશાસન પર્વ પ્ર. ૧૪

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

અને મોટે ભાગે તેમને વિષે અવળું સમજે છે અને અવળો અર્થ ઘટાવે છે. કેટલીક જગાઓમાં શ્રુતિઓ અને સ્મૃતિઓના આદેશ પ્રમાણેની સર્વ ધાર્મિક વિધિઓ કરતાં જિન અથવા અમુક તીર્થંકરો પ્રત્યેની અને જૈન સાધુઓની પણ ભક્તિને ઉચ્ચકક્ષાની ગણવામાં આવી છે.[૨] અને

V, ૧૮, પ્ર. ૧૪૯. પા. ૪૧, ૫૦, ૮૦). રામાયણ (બાલકાંડ ૧૪, ૨૦), યોગ વાસિષ્ઠ (૧૫, ૮), હનુમાન-નાટક, વ્યવહારિક રીતે સર્વ પુરાણો અને બીજા મોટા ભાગના ધાર્મિક ગ્રંથો અને બીન સાંપ્રદાયિક ગ્રંથો પણ ઉપનિષદોના બ્રહ્મવિદ્યા-વાદીઓ અને જૈનો વચ્ચેની સરખામણી માટે જુઓ (આઇ એચ કયુ —III, પા. ૩૦૭-૧૫-ઉમેશચંદ્ર ભટ્ટાચાર્યનો લેખ).

૨. જૈનેતર સાહિત્યમાં જૈન ધર્મ પર ગાલી પ્રદાન-જે. જી. મે ૧૯૧૭, પા. ૧૪૪. ગ્રંથ કર્તા કહે છે કે, "સામાન્ય રીતે જૈન ધર્મના સાચા સિદ્ધાંતો પર પ્રહાર થતા નથી, પરંતુ તેના કેટલાક બાહ્યસ્વરૂપ અથવા રીતરિવાજો પર પ્રહાર થાય છે કારણ એના પ્રતિસ્પર્ધીઓ આ બાહ્ય સ્વરૂપો અથવા રીતરિવાજોને જૈન ધર્મના અગત્યના લક્ષણો લેખે છે...આ પુરાણી અને સારી રીતે જાણીતી તત્વચિંતનાત્મક કૃતિઓથી માંડીને ભાવાર્થ વગરની વાર્તાઓ અને નાટકોમાંથી જૈન ધર્મનો ઉપહાસ કરનારા અવતરણો ટાંકી શકાય. લેખકની રુચિ અને સ્વભાવ પ્રમાણે કહીએ તો એમની ભાષા ગંભીર, મર્મભેદી, ગંદી અથવા તો બીભત્સ પણ હોય છે. સામાન્ય રીતે જૈન ધર્મની ટીકા ખોટી અને ગેરરસ્તે દોરનારી છે." (વળી જુઓ જે જી જાન ૧૯૧૮, પા. ૪૫).

૩. કેટલીક વૈદિક ઋચાઓમાં કેટલાક પુરાણો યોગવાસિષ્ઠ, ભરથરીના શતકો વગેરે).

૧. બ્રાહ્મણ ધર્મના તત્વજ્ઞાનીઓ સૌથી વધારે જૈન ધર્મના સિદ્ધાંત સ્યાદવાદની ટીકા કરે છે બાદરાયણ (વેદાંત સૂત્ર) અને શંકરાચાર્ય જેવા સુપ્રસિદ્ધ વિદ્વાનોએ, તેની ટીકા કરવાનો પોતાનાથી બને તેટલો સઘળો પ્રયત્ન કર્યો. પરંતુ જેમ ડો. જી. એન. ઝાએ એકવાર નિરીક્ષણ કરેલું તે પ્રમાણે શંકર જેવા પણ તેને સમજી નહિ શકેલા, અને સમજેલા નહિ. સ્વામિ દયાનંદનું (સત્યાર્થ પ્રકાશ પ્ર, ૧૨) હોપકિનનું "ભારતના ધર્મ" એ જૈનધર્મ વિષે આવી ખોટી અને ગેરસમજથી ભરેલી ટીકાઓના તાજેતરના કેટલાક દાખલાઓ છે.

૨. વિષ્ણુ પુરાણ (૩, ૩૪૧, P. ૪૫૭) સ્કંધપુરાણ (પા. ૧૦૨-૧૦૩) શિવપુરાણ, નાગ પુરાણ, મનુસ્મૃતિ, ભાગવત પુરાણ (૭-૧૧, V. ૮-૯) વગેરે વળી હિંદુ શાસ્ત્રોમાં Pt. VIII, પા. ૨૧૩-૨૨૨) અને ટોડરમલ રચિત મોક્ષ માર્ગ પ્રકાશ પા. ૨૦૭-૨૧૧.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

જ્યારે પોતાના પિતૃધર્મમાંથી વેદોના થોડા અથવા બીજા છૂટા પડેલા અનુયાયીએ જૈનધર્મનો પ્રચાર કર્યો હોય એવી વાર્તાઓ જોવા મળતી હોય તો, ત્યાં એના જેટલી જ જુની વાર્તાઓ જૈન પ્રણાલિકામાં પણ જોવા મળે છે. ઋષભદેવ ભગવાનના પૌત્ર મરીચિને જિનના કઠોર તપસ્વી ધર્મમાંથી શ્રધ્ધા ડગી જતાં તેણે મિથ્યાધર્મસિધ્ધાંતનો પ્રચાર કર્યો, જેમાંથી જિનના અહિંસાત્મક ધર્મના વિરોધમાં વૈદિક અને આવા બીજા ધર્મો જેવા ૩૬૩ પાષંડો વિકસ્યાં. હકિકતમાં જૈન પ્રણાલિકા પ્રમાણે આવું બધું દશમા તીર્થંકરશ્રી શીતળનાથના સમયમાં સર્વ પ્રથમ બન્યું અને વીસમા તીર્થંકરના સમયમાં રાજકીય આશ્રય નીચે લોહિયાળ યજ્ઞયાગાદિને પ્રથમ પ્રોત્સાહન મળ્યું.

પ્રાધ્યાયક વી. પી. વડયાર જેવા સુપ્રસિધ્ધ વૈદિક વિદ્વાન પણ કહે છે. "જૈન સદ્ગ્રંથો પ્રમાણે, ઋષભદેવનો પૌત્ર મરીચિ ભાતિકવાદી હતો."

વેદો એ જ ભૌતિકવાદી સ્વભાવનું પ્રતિપાદન કરે છે, એટલે ચોક્કસરીતે તેમના કારણે ઋગવેદ વગેરે લોકપ્રિય થયા, પરિણામે મરિચી ઋષિની સ્મૃતિમાં વેદો અને પુરાણોમાં, કેટલી ઋચાઓ રચવામાં આવી છે અને તેમાં જૈન તીર્થંકરો વિષે ઘણી જગાએ ઉલ્લેખો છે. એટલે વૈદિક સમયમાં જૈન ધર્મના અસ્તિત્વનો કેમ સ્વીકાર ન કરવો એના માટે કોઇ કારણ નથી.[૧]

હકિકતમાં એવો કોઇ પણ પ્રકારનો ભૌતિક પૂરાવો જોવા મળતો નંથી કે અમુક અમુક સમયે, જૈન ધર્મ વૈદિક ધર્મથી છૂટો પડયો અથવા તેમાંથી વિકાસ પામી રહેલા પાછળના ધર્મમાંથી તો છૂટો પડયો, એટલું જ નહિ પરંતુ બંને પધ્ધતિઓ વચ્ચે પાયાના સિધ્ધાંતો અને અગત્યના લક્ષણો વચ્ચે એવી કોઇ સ્પષ્ટ રીતે તરી આવતી સરખામણી જણાતી નથી, કે જેને સંપૂર્ણ અહિંસાત્મક ધર્મ, જીવાત્માઓમાં શ્રધ્ધા, સુક્ષ્મ અને વિશિષ્ઠ કર્મસિધ્ધાંત અને સર્જન-

૧. તેમનો જૈન ધર્મ વિષેનો અભિપ્રાય પાનું. ૨૭–ભગવાન પાર્શ્વનાથ, પા. ૨૨, વળી જુઓ–ચિત્ર–માયા–જગત.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

હાર અને સર્જન વિષયક સિધ્ધાંત, વગેરેનો અસ્વીકાર કરવાવાળા જૈન ધર્મ સાથે તેને સરખાવી શકાય, એટલે જૈન ધર્મ કેવળ મૌલિક પધ્ધતિ છે એટલું જ નહિ, પરંતુ સંપૂર્ણરીતે તે બીજી સર્વ પદ્ધતિઓથી સ્વતંત્ર છે. મૂળમાં જે અર્થમા હાલમાં સામાન્ય રીતે અર્થઘટન કરવામાં આવે છે તે અર્થમાં જૈન ધર્મ અનાર્ય અને આદિ આર્ય છે એટલું જ નહ, પરંતુ તે અતિપૂરાણો અને સંપૂર્ણરીતે નિહાળી અસ્મિતા ધરાવતો ધર્મ છે, બેરીસ્ટરર સી. આર. જૈન; જૈન ધર્મ હિંદુ ધર્મથી ફંટાયેલો છે એ સિધ્ધાંતનું સફળ રીતે ખંડન કરતાં એવો નિર્ણય તારવે છે, "આમ પવિત્ર તીર્થંકરોનો સંપ્રદાય, જૈન ધર્મ, ક્રાંતિકારી હિંદુ ધર્મનું સંતાન નથી એટલું જ નહિ, પરંતુ હકિકતમાં તે નિઃશંક રીતે પ્રાચીન સંપ્રદાય છે." અને જો કદાચ કંઈક ઉછીનું લેવામાં આવ્યું હોય તો તે ઊલટું સામે પક્ષે થયું છે.[૨]

પ્રાધ્યાપક જેકોબી કહે છે, "ઉપસંહારમાં મને મારી શ્રધ્ધા ભારપૂર્વક જણાવવા દો કે બીજી સર્વ પધ્ધતિઓ કરતાં જૈન ધર્મ એ મૌલિક તદ્દન નિરાળી અને સ્વતંત્ર પધ્ધતિ છે, અને તેથી તે પ્રાચીન ભારતમાં પ્રવર્તમાન તાત્વિક વિચાર સરણી અને ધાર્મિક જીવનના અધ્યયન માટે ખૂબજ અગત્યની છે."[૧]

ભારતીય તત્વજ્ઞાનની પધ્ધતિમાં જૈન ધર્મના સ્થાન વિષે ચર્ચા કરતાં, એમ. એમ. ડો. ગંગનાથ ઝી. એવા નિર્ણય પર આવે છે કે એમાં શંકા નથી કે જૈન તત્વજ્ઞાન બુધ્ધ ધર્મ, વેદાંત, સાંખ્ય, ન્યાય અને વૈશેષિક પધ્ધતિઓ સાથે અમુક સમાન સિદ્ધાંતો ધરાવે છે. તેમ છતાં તેથી તેના સ્વતંત્ર મૂળ અને સ્વતંત્ર વિકાસનું ખંડન થઈ શકતું નથી, જો બીજી ભારતીય પધ્ધતિ ઓ સાથે તેનામાં કેટલુંક સરખાપણું હોય તો, તેનામાં તેની પોતાની વિશિષ્ટતાઓ અને સારો એવા નોંધપાત્ર મતભેદો પણ છે.[૨]

---

૨. વ્યાવહારિક માર્ગ–પરિશિષ્ટ પા. ૧૯૪.

૧. જૈનોનું તત્વજ્ઞાન અને નીતિ શાસ્ત્ર–જે. એ, X, ૧, ૪૦.

૨. જૈન ગેઝેટ, ૧૯૨૧, પા. ૧૪૬.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પ્રાધ્યાપક જી. સત્યનારાયણ મૂર્તિ પણ એવું નિરીક્ષણ કરે છે, "તેના કેટલાક ધર્મસિધ્ધાંતો તેના પોતાના આગવા છે અને તે જૈન ધર્મ વિષે વિશિષ્ઠ પ્રતિભા ખડી કરે છે,"[૩] અને ડો, ગેરીનોટ જણાવે છે કે, "જૈન ધર્મ અત્યંત મૌલિક સ્વતંત્ર અને પધ્ધતિસરનો ધાર્મિક સિધ્ધાંત છે."[૪]

પ્રાધ્યાપક ચિંતા હરણ ચક્રવર્તી જણાવે છે, "જો કે જૈન અને બ્રાહ્મણ ધર્મને લગતી વસ્તુઓ વિષે તુલનાત્મક દૃષ્ટિએ પ્રાચીનપણું નક્કી કરવું. આપણા જ્ઞાનના આ તબકકે શકય નથી, પરંતુ જૈન ધર્મનો વાસ્તવિક અને બુધ્ધિ પ્રધાન ધ્વનિ કોઈક ઉપર છેલ્લી નજરે જોનારનું પણ ધ્યાન ખેંચ્યા વગર રહી શકતો નથી."[૫]

બીજા વિદ્વાન કહે છે, "અમે એમ જણાવવાનું સાહસ કરીએ છીએ કે જૈન ધર્મ એટલે અહિંસા ધર્મ સંભવતઃ કદાચ વધારે પુરાણો નહિ, તો, ય વૈદિક ધર્મ જેટલો પુરાણો છે. અહિંસા ધર્મ સ્વયંવેદો જેટલો પુરાણો હતો એ વિષે શંકા નથી."[૧]

વળી બીજા સુપ્રસિધ્ધ વિચારક નિરીક્ષણ કરે છે, "વેદો અને પુરાણોમાં જૈન ધર્મને લગતા સંખ્યાબંધ ઉલ્લેખો કરવામાં આવ્યા હોવા ઉપરાંત, બીજી પણ એક સાધારણ ઘટના જૈન તત્વજ્ઞાનને હિંદુ તત્વજ્ઞાન જેટલું પુરાણું છે એમ દર્શાવે છે, તત્વજ્ઞાનના વિકાસના શરૂઆતના તબક્કાનું એવું એક લક્ષણ છે કે તેમાં ગુણની શ્રેણીની વ્યાખ્યા કરવામાં આવતી નથી. દા. ત., વેદાંત, બ્રહ્મ, તેની પ્રકૃતિના ગુણો તરીકે, "અસ્તિત્વ, બુધ્ધિ અને આનંદ." (સત્, ચિત્, આનંદ) ધરાવે છે એમ નથી કહેવાતું, પરંતુ તે સ્વયં અસ્તિત્વ, બુધ્ધિ અને આનંદ છે. (સચ્ચિદાનંદ) આજ વસ્તુ જૈન તત્વજ્ઞાનને લાગુ પડે છે, તે

૩. જૈન ગેઝેટ, ૧૯૧૬, પા. ૭૩.

૪. બીબ્લીઓ ગ્રાફીકા જૈનીકા–પ્રસ્તાવના.

૫. જૈનો અને હિંદુઓ–જૈન ગેઝેટ, એપ્રીલ ૪૭, પા. ૬૧.

૧. ભારતનો સાંસ્કૃતિક વારસો, પુંસ્તક ૧, શ્રીરામકૃષ્ણ સેન્ટીનરી મેમોરીયલ પુસ્તક. પા. ૧૮૫–૧૮૮.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

ધર્મ અને અધર્મ એવા ગુણોને પદાર્થ તરીકે સૂચવે છે, ગુણ તરીકે નહિ. આત્મા ધર્મ અને અધર્મ રૂપી પદાર્થોના સંબંધમાં આવે છે. વળી સંપૂર્ણ મનુષ્યોનું દેવ તરીકે પૂજન અથવા વ્યક્તિપૂજા સર્વ પ્રાકકાલીન ધર્માનું લક્ષણ છે.[૨] છેવટે જીવાત્માઓની વ્યાપ્તિ વિષેની શ્રધ્ધા, એ પણ પ્રાકકાલીન વિચાર છે.'[૩]

હકીકતમાં, ડો. એડવર્ડ થોમસ, જૈન ધર્મની સાદાઈ અને પરિણામે તેના જુના પ્રાચીન કાળ વિષે, બોલતી વખતે નોંધે છે. કે, "વધારે જટિલ વિધિ-વિધાનોના અનુગાગી તરીકે વધારે સરળ શ્રધ્ધા વાળાં વિધિ-વિધાનો હોવાં જોઇએ તેમ પ્રાથમિક દૃષ્ટિએ સ્વીકાર થયો ઘટે."[૧]

અને મેજોર જનરલ ફોરલોગ જણાવે છે, "પૂજન, વિધિ-વિધાનો, અને નૈતિક સિધ્ધાંતોમાં જૈન ધર્મ કરતાં વધારે સાદુ શું હોઇ શકે."[૨]

સમગ્ર પરિસ્થિતિની છણાવટ કરતી વખતે પ્રાધ્યાપક એમ. એસ. રામસ્વામિ આયંગરનું અવતરણ ટાંકી શકાય. તે જણાવે છે, "પ્રાચીન ભારતીય ઇતિહાસના વૈજ્ઞાનિક વિદ્યાર્થી માટે જૈનોનો ઇતિહાસ જૈન ધર્મના સ્થાપક મહાવીરના સમયથી શરૂ થયેલો ધારવામાં આવે છે. આ ધર્મના મૂળ ઈતિહાસ વિષેના આવા ખ્યાલે દુર્ભાગ્યે, વિદ્વાનો જૈન પ્રણાલિકા વિષે એણ માનવા પ્રેરાયા છે કે એના ઇતિહાસની નવરચના અવિશ્વસનીય અને નિરુપયોગી છે. અર્ધદગ્ધ મંદ બુદ્ધિ લોકો તો વળી એટલે સુધી કહે છે કે મહાવીર અને બુધ્ધના જીવનમાં કેટલીક વિગતો મળતી આવે છે, તેથીજ કરીને, આ જૈન ધર્મ બુધ્ધ ધર્મનો ફાંટો હતો. કદાચ આ વિષય વિષેના જાણકાર સર્વ

---

૨. કાર્લાઈલનું 'નાયકો અને નાયકોની વ્યક્તિ પૂજા.'

૩. જૈન ગેઝેટ ૧૯૦૬.

૧. અશોકની જુની શ્રદ્ધા, પા. ૫-૬.

૨. તુલનાત્મક ધર્મની શાળામાં સંક્ષિપ્ત અધ્યયન.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

લેખકોમા આદરણીય એવા ડો. હોટનેલે પણ, જ્યારે એમ જણાવ્યું કે તે બંને સંપ્રદાયો પોતાના નીતિ વિષયક સિધ્ધાંતો વિષે નિરાળી અસ્મિતા ધરાવતા નથી, પરંતુ તેમણે બ્રાહ્મણ સાધુને પોતાનો આદર્શ ગણી, તેમની પાસેથી તેમણે ઘણી અગત્યની લાલિમ અને સંસ્થાઓ ઉછીની લીધી છે ત્યારે તે સત્યથી ખૂબજ વેગળે નીકળી જાય છે. (જુઓ હોરનેલનું પ્રમુખપદેથી આપેલું પ્રવચન, સી.એ.એસ. (૧૮૯૮) પરંતુ જૈનો અને તેમના પવિત્ર સાહિત્ય વિષેના આપણા જ્ઞાન ઉપરથી એમ કહેવું મુશ્કેલ નથી કે તે બૌદ્ધ ધર્મ અને બ્રાહ્મણ ધર્મનો ફણગો હોવાની વાત તો બાજુએ રહી પરંતુ તે ભારતના સૌથી પુરાણા ઘર આંગણાના ધર્મોમાંનો એક ધર્મ હતો, અને તેમની સરળ અને સાદી, જાણે ઘરમાં કરતા હોઇએ તેવી જેમાં કોઇ બ્રાહ્મણનું માધ્યમ હોતું નથી તેવી, જૈન ધર્મની ભક્તિ તેનું ઘણું જુનુ પ્રાચીનપણું સાબિત કરે છે. એટલું જ નહિ, પરંતુ તે વધારે અગત્યની પોતાના અસ્તિત્વની નિરાળી સ્વતંત્ર અસ્મિતા પણ સિધ્ધ કરે છે."[1]

અને એફ. ડબલ્યુ થોમસ પ્રમાણે "બીજી બાજુએ જૈન ધર્મે (બૌધ્ધ ધર્મ વગેરે એ નહિ) આજ સુધી હિંદુ ધર્મની મધ્યમાં, પોતાની આગવી દુનિયા, જે તે સ્થિતિમાં સુગ્રથીત રીતે (ગૌરવ સાથે) જાળવી રાખે છે."[2]

ટી. એન. શેષગીરી આયર, એમ. એલ. એ. મદ્રાસ હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જેવી થોડી કાયદાક્ષેત્રે પ્રમાણભૂત વ્યક્તિઓનો આધાર લઇએ તો તે જણાંવે છે, "હું જૈન ધર્મને વેદો કરતાં પછીના સમયમાં થયેલો જણાવવા ઇચ્છતો નથી, સંભવ છે કે તે તેની સાથેજ પ્રગટ થયો હોય, જૈનો હિંદુ ધર્મના ફાંટામાંથી નથી આવ્યા હું એવા વિધાન સાથે સંપૂર્ણ રીતે સમંત થઇ શકું છું કે સર્વ જૈનો વૈશ્યો નથી. તેઓ સર્વ જ્ઞાતિ અને શ્રેણીમાંથી આવેલા છે.[3]

---

૧. દક્ષિણમાં જૈનો–જૈન ગેઝેટ ૧૬, પા. ૨૧૨, અને એસ. આઈ, જે મુદો ૧.
૨. ભારતનો વારસો, પા. ૨૧૨.
૩. જૈન ગેઝેટ, જુન ૧૯૨૨, પા. ૧૪૫.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

મદ્રાસ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ માનનીય ન્યાયમૂર્તિ શ્રી કુમાર સ્વામિ શાસ્ત્રીએ નિરીક્ષણ કર્યું, "જો આ વસ્તુનો નિર્ણય કરવાનો હોય તો હું એવા નિર્ણય પર આવું કે અર્વાચીન સંશોધને એમ દર્શાવ્યું છે કે જૈનો હિંદુ ધર્મના ફાંટામાંથી આવ્યાં નથી, પરંતુ હિન્દુ કાયદા અને પ્રણાલિકા મુજબ અધિકૃત પ્રમાણ તરીકે પ્રસ્થાપિત થયેલ સ્મૃતિઓ અને ભાષ્યો પૂર્વે ઘણા સમય પહેલાં જૈન ધર્મનું મૂળ અને ઈતિહાસ જોવા મળે છે, હકિકતમાં છેલ્લાં જૈન તીર્થંકર મહાવીર બુદ્ધના સમકાલિન હતા, અને ઈ. સ. પૂર્વે ૫૨૭ પહેલાં મરણ પામ્યા. તે જૈન ધર્મ પૂર્વે થઇ ગયેલા સંખ્યાબંધ તીર્થંકરોનો ઉલ્લેખ કરે છે, અને એ વિષે બહુ થોડી શંકાને સ્થાન રહે છે કે જૈન ધર્મ ઇસુ ખ્રિસ્ત પહેલાંના કેટલાંક સૈકાઓ પૂર્વે પ્રસરી રહેલો વિશિષ્ટ ધર્મ હતો.

હકિકતમાં જૈન ધર્મ હિન્દુ ધર્મની કરોડરજ્જુ સમા વૈદિક પ્રમાણનો અસ્વીકાર કરે છે અને વિવિધ પ્રકારની વિધિઓ જેને હિંદુઓ અગત્યની ગણે છે તેની કાર્યસાધકતાને નકારે છે."[૧]

અને મુંબઇ હાઇકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી રાંગણેકર એવી ટીકા કરે છે, "એ વસ્તુ સાચી છે કે જૈનો વેદોના શાસ્ત્રીય લક્ષણને નકારે છે અને બ્રાહ્મણ ધર્મના સિધ્ધાંતોને લગતી આધીનતા દર્શાવતી વિધિઓ. શ્રાધ્ધક ક્રિયા અને મૃતાત્માઓની મુક્તિને અર્થે આહુતિ અર્પણ કરવાની ક્રિયામાં માનતા નથી, એમનામાં એવી માન્યતા નથી કે પુત્રનો જન્મ થવાથી અથવા બાળકને ગોદમાં લેવાની પિતાને આધ્યાત્મિક લાભ મળે છે. તેઓ મડદું બાળ્યા કે દાટયા પછી કરવામાં આવતા મૃત્યુ સંસ્કાર અને અંત્યેષ્ટિ ક્રિયાની ઉપેક્ષા કરવાની બાબતમાં, બ્રાહ્મણ ધર્મવાદી હિંદુઓ કરતાં મરી ગયેલા મનુષ્યો પ્રત્યેના વ્યવહાર વિષે જુદા પડે છે. હવે, જેમ પછીના ઐતિહાસિક સંશોધનોએ દર્શાવ્યું છે તેમ, આ દેશમાં બ્રાહ્મણ ધર્મ અસ્તિત્વમાં આવ્યો

---

૧. એ. આઈ. આર, ૧૯૨૭, મદ્રાસ ૨૨૮.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

અથવા તેનું હિંદુ ધર્મમાં રૂપાંતર થયું, એ પહેલાં ઘણા સમય પૂર્વે જૈન ધર્મ પ્રવર્તમાન હતો તે વસ્તુ પણ ખરી છે કે રાષ્ટ્રમાં વધુ સંખ્યા ધરાવતા હિંદુઓના તેમના દીર્ઘ સંપર્કને લીધે જૈનોએ જે રીતરિવાજો અને વિધિ વિધાનોનું હિંદુઓ ચુસ્તપણે પાલન કરે છે અને જે બ્રાહ્મણ ધર્મ સાથે સંકળાયેલા છે તેમાંના ઘણા જૈનોએ અપનાવ્યા છે."[૨]

છેવટે સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ ભારપૂર્વક જણાવે છે કે, "જૈન ધર્મ અને બુધ્ધ ધર્મ નિશ્ચિતપણે હિંદુ ધર્મ કે વૈદિક ધર્મ ન હતા, છતાં તેઓ ભારતમાં જન્મ્યા હતા અને ભારતીય જીવન, સંસ્કૃતિ અને તાત્વક વિચાર સરણી સાથે અવિભાજ્ય રીતે સંકળાયેલા હતા. ભારતનો જૈન ધર્મ અથવા બૌધ્ધ ધર્મ એ સો એ ટકા ભારતીય વિચારસરણી અને સંસ્કૃતિ ધરાવે છે, છતાં તેમાનું કોઈ હિન્દુ નથી.

એટલે ભારતીય સંસ્કૃતિને હિંદુ સંસ્કૃતિના નામથી પોકારવી એ ગેરરસ્તે દોરવનારૂં છે,"[૧] એટલે એ વસ્તુ અત્યંત વિચિત્ર લાગે છે કે આજેય પણ એવા લોકો છે અને એમાંય વળી કેટલાક એવા ખ્યાતનામ વિદ્વાનો પણ છે કે જે જૈન ધર્મના પ્રાચીન તત્વો અને સ્વતંત્ર લક્ષણો વિષે શંકા સેવે છે. પ્રાધ્યાપક એસ. શ્રીકાન્ત શાસ્ત્રી જણાવે છે. "જૈન ધર્મ, વૈદિક આર્યોના યજ્ઞયાગાદિના પ્રત્યાઘાત રૂપ, બૌધ્ધ ધર્મની જેમ પ્રગટ થયેલો. એવા કેટલાક ઇતિહાસકારોના વિધાનોને માની લેવાનો જાણે કે રિવાજ થઇ ચૂકયો છે, અને જૈન ધર્મની બાબતમાં ઘણા વિદ્વાનો ઇ.સ. પૂર્વે નવમા સૈકામાં પાર્શ્વનાથ પહેલાંના સમયમાં જૈન ધર્મના ઇતિહાસ વિષે સંશોધન કરતાં ખચકાય છે."[૨]

---

૨. એ. આઈ. આર., ૧૯૩૯, મુંબઈ ૩૭૭.

૧. ભારતનું સંશોધન. પરંતુ પંડિત નહેરૂ, જૈન ધર્મના મૂળ વિષે ઘણા સમય પૂર્વે અસ્વીકૃત થયેલા દૃષ્ટિબિંદુને અપનાવવામાં અને જૈનધર્મ ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં મહાવીરે સ્થાપ્યો હતો. એમજ માનવામાં ભૂલ કરે છે.

૨. જૈનધર્મનું મૂળ ઘર–જે. એ. XV, ૨, પા. ૫૮.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પરંતુ જે પ્રમાણે ડો. જેકોબી નિરીક્ષણ કરે છે, "પાર્શ્વનાથ જૈન ધર્મના સ્થાપક હતા એમ સાબિત કરવા માટે કોઈ સાધન નથી. જૈન પ્રણાલિકા એના સ્થાપક તરીકે પ્રથમ તીર્થંકર ઋષભને ગણવામાં સર્વે એકમતિ ધરાવે છે. સંભવ છે કે તેમને પ્રથમ તીર્થંકર ગણાવતી પ્રણાલિકામાં કંઈક ઐતિહાસિક તથ્ય હોય."[૩]

રા. એ. એન. ઉપાધ્યાય, એમ. એ., ડી. લીટ. જણાવે છે, "વ્યવહારિક દૃષ્ટિએ વિચારીએ તો ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર વગેરે દુનિયાના સૌથી મોટામાં મોટા કેટલાક રહસ્યવાદીઓ થઈ ગયા....એ નોંધવું રસદાયક થઈ પડશે કે ભાગવતમાં જણાવેલો ઋપ્રભ દેવનો વૃત્તાંત જૈન પ્રણાલિકામાં દર્શાવેલાં વૃત્તાંત સાથે મૌલિક તેમજ વ્યવાહારિક રીતે મળતો આવે છે."[૧]

અને પ્રાધ્યાપક આર. ડી. રાંનડે ઋષભદેવના રહસ્યપૂર્ણ જીવન વિષે માહિતી આપતાં એવો તદ્દન સાચો પરિચય આપે છે કે, "જૈનોના આ પ્રથમ તીર્થંકર એવા વિલક્ષણ પ્રતિભા ધરાવતા રહસ્યવાદી યોગી હતા, જેમની પોતાના શરીર પરત્વેની સરીયામ બેદરકારી, તેમના ઇશ્વરના સાક્ષાત્કારનું સર્વોચ્ચ ચિહ્ન છે."[૨]

ડો. એસ. સી. વિદ્યાભૂષણ–"જૈનધર્મ સર્જનની છેક શરૂઆતમાં પોતાને લઈ જાય છે. જૈન તત્વજ્ઞાન વેદાંત અને બીજી પધ્ધતિઓ કરતાં ઘણી પ્રાચીન છે, એમ ભારપૂર્વક જણાવતાં મને સહેજ પણ શંકા થતી નથી."[૩]

ડો. એન. એન. બસુ–"ઘણું કરીને ઋષભદેવ લેખનકળાના પ્રથમ સંશોધક હતા. તેમણે બ્રહ્મવિદ્યાના પ્રચારાર્થે બ્રાહ્મીલિપી શોધ્યાનું કહેવાય છે, અને એટલા જ માટે તેઓ આઠમા અવતાર

---

૩. પ્રાચીન ભારત IX, પા. ૧૬૩.

૧. પરમાત્મા પ્રકાશ (આર. જે. એસ., મુંબઇ, ૧૯૩૭) પ્રસ્તાવના. પા.૩૯.

૨. મહારાષ્ટ્રમાં રહસ્યવાદ, પા. ૯.

૩. સંબોધનમાં–સત્યાર્થ દર્પણ જુઓ, પા. ૯૭.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

ગણાયા છે. તેઓ ભારતીય રાજા નાભિરાજાની રાણી, મરૂદેવીના પેટે જન્મેલા અને ભાગવતમાં બાવીસ અવતારોમાં આઠમા અવતાર તરીકે ગણાયા છે."[૪]

ડો. સર રાધાકૃષ્ણન પણ એટલું સ્વીકારે છે કે, "ભાગવત-પુરાણ, જૈનધર્મના સ્થાપક ઋષભ હતા એ દ્રષ્ટિબિંદુ સ્વીકારે છે. ઇ. સ. પૂર્વે પ્રથમ સૈકા સુધીના પાછલા સમયમાં પણ લોકો, પ્રથમ તીર્થંકર, ઋષભદેવનું પૂજન કરતા હતા એમ દર્શાવવા માટે પુરાવો છે. જૈનધર્મ વર્ધમાન અને પાર્શ્વનાથ પહેલાં પણ પ્રવર્તમાન હતો એ વિષે શંકા નથી.

યજુર્વેદ ત્રણ તીર્થંકરોના નામ જણાવે છે. ઋષભ, અજિતનાથ અને અરિષ્ટનેમિ."[૧]

ઋગવેદની ઋચાઓમાંથી તેમના સૌથી જુના ટીકાકાર કાત્યાયન પોતાની સર્વાનુક્રમણિકામાં, સદ્‌ગુરૂ શિષ્ય પોતાના વેદાર્થ દીપિકામાં, સાયન પોતાના ભાષ્યમાં–સર્વે, ઋષભપદનો વ્યક્તિવાચી નામ તરીકે સ્વીકાર કરે છે, પરંતુ એ નામવાળી વ્યક્તિનો વિશિષ્ટ પરિચય આપતા નથી.[૨]

પરંતુ ડો. સર રાધાકૃષ્ણન, એમ માને છે કે વૈદિક ઉલ્લેખો સ્પષ્ટ રીતે અમુક જૈન તીર્થંકર દર્શાવે છે.

ગમે તેમ, એ તદ્દન સ્પષ્ટ છે કે ઋચાઓમાં દર્શાવેલું નામ

---

૪. હિંદુ વિશ્વકોષ, પુસ્તક ૧, પા ૬૪ અને પુસ્તક ૩, પા. ૪૪૪.

૧. ભારતીય તત્વજ્ઞાન, પુસ્તક ૧, પા. ૨૮૭, (પ્રથમ આવૃત્તિ).

૨. સર્વાનુક્રમણિકા (લંડન) પા. ૧૬૪. આ બાબતમાં, શ્રી કામટાપ્રસાદ, ("જૈન ધર્મના સ્થાપક કોણ હતા" માં—જે. એ–૧, ૨, P. ૨૧,' ટીકા કહે છે, કે "એમ લાગે છે કે, તેઓને તેમના વિષે જ્ઞાન ન હતું અથવા ધાર્મિક દુશ્મનાવટને લીધે તેઓ એને પ્રગટ કરવા માંગતા ન હતા. તેમણે ખરેખર ધર્માંધપણાને લીધે વેદોમાં ઘણા ફેરફારો અને વધારાઓ કરેલા," (જે પ્રમાણે પરગીટર પણ એ. આઇ. એચ. ટી, પા. ૧૧ અને અસુર ભારત, પ્રસ્તાવના પા. ૪ માં નિહાળે છે.)

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

ઋષભ નામના મહાપુરૂષનું સૂચન કરે છે અને જ્યાં સુધી એજ નામના બીજા કોઈ મહા-પુરૂષનો નિર્દેશ ન મળે ત્યાં સુધી એમ કેવી રીતે કહી શકાય કે જે મહાપુરૂષનો ઉલ્લેખ થયો છે તે જૈન તીર્થંકર ઋષભ દેવ નથી ?

બીજા સુવિખ્યાત વિદ્વાન સ્વામિ વી પી. વડયાર, વેદરત્ન પણ પોતાનો અભિપ્રાય સ્પષ્ટ રીતે દર્શાવે છે કે અહીં નિર્દેશ કરેલી વ્યક્તિ બીજી કોઇ નહિ પરંતુ જૈન તીર્થંકર ભગવાન ઋષભ દેવ છે.[૪]

કેટલાક પ્રમાણભૂત સંસ્કૃત અને હિન્દીના શબ્દકોષો પણ ઋષભ શબ્દનો 'એ નામના પ્રથમ જૈન તીર્થંકર' એવો અર્થ આપે છે.[૧] યજુર્વેદ સામવેદ અને વૈદિક સાહિત્યની બીજી શાખાઓ પણ તેમના નામનો ઉલ્લેખ કરે છે.[૨]

ઉપરાંત, સ્વયં વેદોના ટીકાકારો એવો આગ્રહ રાખે છે કે પુરાણોમાં દર્શાવેલા પ્રણાલિકાગત અહેવાલોની મદદથી વૈદિક પ્રણાલિકાઓ વિષે ખુલાસો કરવો જોઇએ.[૩] અને આપણે જાણીએ છીએ કે આદિ પુરાણ હરિવંશપુરાણ (પ્રકરણ ૮ ૫૫-૧૦૪) વગેરે જૈન પુરાણોમાં જણાવેલા ઋષભદેવના અહેવાલ મોટા ભાગના બ્રાહ્મણ ધર્મમાં જોવામાં આવતા અહેવાલોને બરાબર મળતા આવે છે.[૪] ભાગવતના ટીકાકાર

---

૩. ભારતીય તત્વજ્ઞાન. પા. ૨૮૭-ખાસ કરીને યજુર્વેદ.

૪. જૈન પથ પ્રદર્શક III, ૩. પા. ૧૦૬.

૧ શબ્દ, કલ્પદ્રુમ, શબ્દાર્થ ચિંતામણી, પદમચંદ્ર, કોષ, હિન્દી વિશ્વકોષ, હિન્દી શબ્દસાગર (કાશી એન. પી. સભા), હિન્દી કક્ષા (ભાસ્કર ગ્રંથમાળા, ગીરત).

૨. ઋગવેદ (૧૦, ૧૨, ૧૬૬, ૮, ૮, ૨૪ વગેરે), યજુર્વેદ (૯, ૨૫; ૨૫, ૧૯ વગેરે) સામવેદ (૧,૧,૧૦૩) અને ટીકાઓ.

પંડિત ટોડરમલ (૧૮મી સદી) વેદો વગેરેમાંથી બીજાં કેટલાક ઉલ્લેખો કહે છે જે વર્તમાન આવૃત્તિઓમાં દેખાતા નથી.

૩. પરગીટર અસુર ભારત, પ્રસ્તાવના પા. ૪.

૪. માર્કણ્ડેય પુરાણ (પ્ર. ૫૦ પા. ૧૫૦), કૂર્મપુરાણ, (પ્ર ૪૧, પા.૬૧), અગ્નિ પુરાણ (પ્ર. ૧૦, પા. ૬૨), વાયુ પુરાણ (PtI, પ્ર. ૩૩, પા. ૫૧. બ્રહ્માનંદ પુરાણ આનુસંગ પદ પ્ર. ૧૪, પા. ૨૪), વરાહ પુરાણ (પ્ર. ૭૪, પા. ૪૯), લિંગપુરાણ, (પ્ર. ૪૭ પા. ૬૮),

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પંડિત જવાલાપ્રસાદ મિશ્ર એમ ભારપૂર્વક નિશ્ચિતપણે જણાવે છે કે, " ઋષભદેવ, અવતાર, ભગવાન અગ્નિન્ધર (બ્રહ્માના પુત્ર, મનુના પૌત્ર)ના પૌત્ર અને નાભિ અને સુદેવીના પુત્ર હતા.

તેમણે યોગનો પ્રચાર કર્યો, અને તેમને મહાન સાધુઓએ વંદન કર્યું, અને તેમણે જૈન ધર્મનો પ્રચાર કર્યો"[1]

હકિકતમાં, જૈન ધર્મના સ્થાપક ઋષભદેવ વિષે,[2] વિવિધ પ્રણાલિકાઓમાં આવી એક મતિમાં એક સૂત્રતા એટલે દરજજે પ્રવર્તે છે કે તેની વાસ્તવિકતા વિષે શંકા ન થઇ શકે, કારણ જે રીતે પ્રાધ્યાપક સ્ટીવનસને ટીકા કરી છે, તે રીતે, " જૈનો અને બ્રાહ્મણો સંમત થતા હોય એવું ભાગ્યે જ બને છે, અને આ પ્રસંગે તેઓ જે રીતે વર્તે છે તે વિષે તેમનું બહુમાન કરવામાં આપણે શા માટે પાછા પડવું જોઇએ. તે મને સમજાતું નથી.

આમ ઉપસંહારમાં બેરીસ્ટર સંપટરાય ના શબ્દોમાં " ખુદ હિન્દુ ધર્મે જૈન ધર્મનું પ્રાચીનપણું અને તેના સંસ્થાપક ઋષભદેવનો હંમેશાં સ્વીકાર કર્યો છે, અને એ વિષે કોઇ દિવસ વિરોધ

વિષ્ણુપુરાણ (Pt II, પ્ર. ૧, પા. ૭૭). સ્કંદપુરાણ (પ્ર. ૩૭, મહેશ્વર ખંડના કૌમારખંડના પા. ૧૪૮), નારદીયપુરાણ (અવતાર વર્ણન, V. ૫૪), ભાગવતપુરાણ (૫-૫-૨૮, ૫-૫-૩, ૫-૫-૩૨) ગરૂડપુરાણ (પ્ર. ૧, પા. ૧) શિવપુરાણ (પ્ર-૪, પા. ૨૪૧), વળી " કલ્યાણ " શાન્તાંક નં. ૧૨, ૧, પા. ૨૩૪).

૧. ભાગવત (હિન્દી આવૃત્તિ ૨, ૭, ૯, ૧૦),

૨. ધમ્મપદ, પટશાસ્ત્ર, ન્યાયબિંદુ વગેરે જુના પ્રખ્યાત બૌદ્ધ ગ્રંથો પણ ઋષભનો પ્રથમ જૈન તીર્થંકર તરીકે ઉલ્લેખ કરે છે. અવેસ્તાન ભાષામાં પણ " અર્હત " અને ઋષભ શબ્દો જોવા મળે છે. અવેસ્તાન શબ્દકોષ પ્રમાણે, ઋષભ એટલે મનુષ્ય નાયક; અથવા આખલો. આ અર્થો જૈન શબ્દોના અર્થ સાથે મળતા આવે છે. એમાં આખલો ઋષભનું વિશિષ્ટ ચિહ્ન છે. શ્રી ગોવિંદપાઇ એમ સાબિત કરે છે કે. આ શબ્દનો અવેસ્તાન ઉપયોગ અતિ પ્રાચીન છે. (જુઓ આઈ. એચ. કયુ.—III, પા. ૪૭૩-૪૭૫).

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

કર્યો નથી. હિંદુઓ તેમને વિષ્ણુના અવતાર ગણે છે પુરાણોમાં તેમને વિષે ઉલ્લેખ કરાયેલો છે. પુરાણો તેને નિઃશંક રીતે ઈતિહાસ ગણે છે, તેમાં તેમની માતાનું નામ મરૂદેવી અને તેમના પુત્રનું નામ ભરત છે. હિંદુસ્થાન ભરતના નામ પરથી પાછળથી ભારત વર્ષ કહેવાયો. ભાગવત પુરાણ પ્રમાણે ઋષભદેવ વિષ્ણુકના નવમા અવતાર અને વામન, રામ, કૃષ્ણ વગેરેના પુરોગામી હતા. તેઓ પણ અવતારો ગણાયા છે.

હવે વામન અવતાર ઋગવેદમાં સ્પષ્ટ રીતે અવતારોની ગણત્રીમાં પંદરમો ગણાયો છે, તે ઉપરથી એમ ફલિત થાય છે કે, જે ઋચાની રચના એમનો ઉલ્લેખ કરે છે તે, સમયના ક્રમ પ્રમાણે આગળ થઇ ગયેલા હોવા જોઇએ, અને વળી ઋષભદેવ વામનાવતારના પણ પૂર્વગામી હતા તેથી, પણ તે ઘણા જુના સમયમાં થઈ ગયેલા હોવા જોઈએ."[૧] વળી સ્વામી કર્માનંદે પોતાના વૈદિક સાહિત્ય વિષેના ઊંડા અને તુલનાત્મક અધ્યયન પરથી, એવું સફળરીતે સાબિત કર્યું કે ઋષભ પૃથ્વી પર ધર્મના પ્રથમ સ્થાપક હતા.[૨] ઈ. સ. પહેલાંના કેટલાક સૈકાઓ પૂર્વેના દર્શાવવામાં આવેલા, સૂત્રાત્મક પૂરાવાઓ પણ આ દ્રષ્ટિબિંદુને પૂરેપૂરું સમર્થન આપે છે.[૩]

હાલમાં આ ઋષભદેવ, ભારતીય ક્ષત્રિયોની સૌથી વધારે ખાનદાન અને સૌથી પ્રાચીન જાતિ, ઇક્ષ્વાકુ જાતિના આદિ પિતા ઋષભદેવ હતા. આ જાતિમાંથી પાછળથી સૂર્યવંશી અને ચંદ્રવંશી કુટુંબીઓ ઉતરી આવેલા ઋષભ જાતે ભારતની સૌથી પુરાણી અને આદિ માનવ જાતિના હતા.

તેના પિતા અને કેટલા બીજા અગ્રગણ્ય પૂર્વગામીઓ તેમજ તેઓ સ્વયં મનુઓ કહેવાતા તેમના સમયમાં ભારતમાં બીજી જાતિઓ રાક્ષસ, યક્ષ નાગ, ફણિ, ગાંધર્વ, કિન્નર, વાનર વગેરે આગળ આવવા લાગી, એ સર્વે વિવિધ પ્રકારની કળાઓ, કૌશલ્ય, ઇજનેરી વિદ્યા અને આવા બીજા વૈજ્ઞાનિક સારસોમાં અત્યંત નિપુણ હોવાથી વિદ્યાધરોના

૩. કલ્પસૂત્ર—પ્રસ્તાવના, XVI.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

સામાન્ય નામે ઓળખાતી. અર્વાચીન વિદ્વાનો સામાન્ય રીતે વિદ્યાધરોને દ્રાવિડિયન એવા વ્યાપક શબ્દથી ઓળખાણ આપવાનું પસંદ કરે છે. ઋષભે માનવ અને વિદ્યાધરો બન્નેમાં એકી સાથે ધર્મપ્રચાર કર્યો. તેમના પુત્ર ભરત ભારતના પ્રથમ સમ્રાટ હતા અને તેમના નામ ઉપરથી રાષ્ટ્ર ભારતવર્ષ તરીકે અને તેમનો વંશ ભારતો તરીકે જાણીતો થયો.[1] તે પહેલાં, આ મુલક અંજનાભ અથવા હિમવર્ષ તરીકે જાણીતો હતો અર્યોધ્યા, ઋષભના જન્મ સ્થળવાળું ભારતનું પ્રથમ નગર અને ભારત સરકારનું કેન્દ્ર ગજપુર (જે પાછળથી હસ્તિનાગપુર તરીકે ઓળખાયું) બીજા કેટલાક નગરો અને રાષ્ટ્રો થોડા વખતમાં અસ્તિત્વમાં આવ્યા.

પરંતુ કેટલાક વિદ્વાનો હજીપણ એવું માનવા લલચાય છે કે દુષ્યંત અને શકુંતલા (જેઓ કાલિદાસને લીધે વિખ્યાત બન્યા છે)ના પુત્ર કુરુવંશી સર્વદમન અથવા હસ્તિનાગપુરના ભરત, આ દેશના ભારતના નામ માટે કારણ ભૂત હતા.

પરંતુ, એવું વ્યાપક પ્રમાણ જોવા મળે છે કે શકુંતલાના પુત્ર ના જન્મ પહેલાં, અરે એટલું જ નહિ. પરંતુ એ વંશના મૂળ પિતા પુરૂના કરતાંયે જુના સમયમાં આ મુલક ભારત વર્ષ તરીકે જાણીતો હતો અને તેના વતનીઓ ભારતો કહેવાતા.

કેવળ જૈન પ્રણાલિકાઓજ નહિ. પરંતુ લગભગ બધાજ બ્રાહ્મણ પુરાણો એ હકીકતનું સમર્થન કરે છે કે નાભિના પુત્ર ઋષભના પુત્ર, ભરતના નામ ઉપરથી મુલકનું નામ ભારત પડેલું.[1] આ ઘટનાને લગતા ઉલ્લેખો વેદો તેમજ બૌદ્ધક સાહિત્યની બીજી શાખાઓમાં પણ જોવા મળે છે.[2] પ્રાધ્યાપક જે. સી. વિદ્યાલંકાર જણાવે છે, "શકુંતલા અને દુષ્યંતના પુત્ર ભરતના નામ ઉપરથી આપણા દેશનું નામ ભારત વર્ષ પડયું એમ માનવાની આપણને લાલચ થાય છે. પરંતુ આ નામ તો કોઇક પ્રાગ ઐતિહાસિક વ્યક્તિ અથવા દંતકથામાં આવતા મનુષ્ય

---

૧. વ્યાવહારિક માર્ગ. અને જૈનધર્મના સ્થાપક ભગવાન ઋષભદેવ.

૨. ધર્મકા આદિ પ્રવર્તક.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

ઋષભના પુત્ર બીજા ભરતરાજા, જે ઘણા જુના સમયમાં થઈ ગયા હતા તેમના નામ ઉપરથી આપવામાં આવ્યું હોવાનું જણાય છે." બીજી જગાએ તે કહે છે, "આ જૈન તીર્થંકરોના પ્રથમ તીર્થંકર ઋષભદેવ હતા અને તેમના પુત્ર ભરતના નામ ઉપરથી આ દેશ ભારત વર્ષ તરીકે જાણીતો થયો."[3] આમ જૈન પ્રણાલિકાઓમાં દર્શાવ્યા પ્રમાણેના પ્રથમ ઋષભદેવના પુત્ર પ્રથમ ચક્રવર્તી સમ્રાટ ભરતની ઐતિહાસિક સાબિતી અને આ પ્રણાલિકાના સત્ય વિષે, શંકા રાખવાનું કોઇ કારણ રહેતું નથી આ ભારતીય રાજા વિષે જ્યારે તેના અસ્તિત્વવિષે વિવિધ પ્રણાલિકાઓ દ્વારા ખાસ કરીને સારૂં એવું સમર્થન મળે છે. ત્યારે એમ કહી શકીએ કે તે વિશ્વવિજેતા અને જગતની સમર્થ વ્યક્તિ હતી.

હકિકતમાં સામાન્ય રીતે ભારતનો હિંદુ ધર્મનો ઇતિહાસ આ મુલકમાં આર્યો પ્રવેશ્યા ત્યાર પછીથી શરૂ થયેલો ગણાય છે. એજ રીતે ભારતનો અંગ્રેજી અથવા યુરોપિયન ઇતિહાસ સિકંદરે આક્રમણ કર્યું, ત્યાર પછીથી શરૂ થયેલો મનાય છે, અને તેથી વૈદિક ધર્મ અને સંસ્કૃતિની શરૂઆતનો દરેક બનાવ અને વ્યક્તિ વધારામાં વધારે પ્રાગ ઐતિહાસિક અથવા બીન ઐતિહાસિક ગણાયા છે.

વિશ્વ ગ્રંથાલયમાં ઋગવેદને વેદોના પ્રથમ અને સૌથી પુરાણા

---

૩. જુઓ, જૈનસ્તૂપ અને બીજા મથુરાના પ્રાચીન સ્મારકો, અને જે. બી. ઓં. આર. એસ—III—૪૬૫-૬૭.

૪. ૪. ઋષભ, ઇક્ષુ (શેરડીનો સાંઠો),ના ઉપયોગની શોધ કરનાર પ્રથમ હતા અને તેથી તે ઇક્ષ્વાકુ કહેવાયા.—(જુઓ, આદિપુરાણ પા. ૭૭-૭૮ ૧૬, ૩૪ અને જૈનોનું હરિવંશપુરાણ ૧૩-૩૨). આ હકીકતનો ઋગવેદ (૧૦, ૬૦, ૪) અને સંખ્યાબંધ હિંદુ પુરાણોમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેના જણાવ્યા પ્રમાણે મનુ, સરજનહાર બ્રહ્માના પુત્ર, અને પ્રથમ માનવ હતા અને તેમની જાતિ માનવ કહેવાઇ. તેમને દશ પુત્રો હતા, પરંતુ ચાર વંશજોને જ પોતાની પ્રજાઓ હતી. મનુના સૌથી મોટા પુત્ર ઇક્ષ્વાકુના નામ ઉપરથી તેની પ્રજા પાછળથી સૂર્યવંશી કહેવાઇ. (વળી જુઓ ભારતીય સંસ્કૃતિ, પા. ૧૨, પરમીટર—એ. આઇ.એચ.ટી,, ભારતીય ઇતિહાસકી રૂપરેખા પા. ૧૨૪, ભારતકા આદિ સમ્રાટ વગેરે).

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

ગ્રંથ તરીકે ગણવામાં આવે છે. પૂર્વ તેમજ પશ્ચિમ બંનેના મોટા ભાગના વિદ્વાનોએ ઇ. સ. પૂર્વે ૪૫૦૦ અને ઇ. સ. પૂર્વ ૨૫૦૦ અથવા ૧૫૦૦ વચ્ચેના લાંબા સમય દરમ્યાન કોઈક ગાળામાં, એક-બીજાથી નિરાળી ઋચાઓ રચવામાં આવી હોય તેમ મનાય છે. ભારતની વાયવ્ય સરહદ ઉપરથી ઈ. સ. પૂર્વે ૩૫૦૦ થી ૨૫૦૦ સુધીના ગાળામાં વૈદિક આર્યો પ્રવેશ્યા હોય તેમ મનાય છે.[૧] ઋષભદેવ અને તેમના પુત્ર ચક્રવર્તી સમ્રાટ ભરત આ સમય પહેલાં ઘણા જુના કાળમાં સ્પષ્ટ રીતે થઇ ગયા છે. પ્રાધ્યાપક એસ. શ્રીકંઠ શાસ્ત્રી ઓછામાં ઓછા ઇ. સ. પૂર્વે ૨૦,૦૦૦ વર્ષો પહેલાં જૈન પ્રણાલિકા-ઓનું પ્રાચીન તત્વ દર્શાવે છે. અને ભારપૂર્વક છે કે જૈન ધર્મનુ અસલ સ્થાન ચોક્કસ રીતે ક્યાંક ભારતવર્ષમાં હતું. પરંતુ સાથે સાથે એજ વખતે તે એમ પણ માનવા પ્રેરાય છે કે વેદોની યજ્ઞવિધિની શરૂઆત પહેલાં જૈનધર્મ અસલી આર્ય સંસ્કૃતિનો અસલ તબક્કો હોઇ શકે.[૨]

સિંધુનદીની ખીણમાં ખોદકામ કરતાં મળી આવેલી મોહન જો ડેરો અને હરરાપ્પા સંસ્કૃતિની યુગ પ્રવર્તક પ્રાચ્ય ઐતિહાસિક ઘટના જૈન ધર્મની પ્રાચીનતા વિષે નવો અને અર્થપૂર્ણ પ્રકાશ પાથરે છે. સરજોન માર્શલ ભારપુર્વક જણાવે છે કે. "સિંધુ નદી અને વૈદિક સંસ્કૃતિની તુલના અસંદિગ્ધ પણે દર્શાવે છે કે તેઓમાં એક બીજા સાથે કોઈ સબંધ ન હતો. ઔપચારિક રીતે વૈદિક ધર્મ મૂર્તિપૂજાની વિરુદ્ધ છે. મોહન-જો-ડેરો અને હરરાપ્પામાં મૂર્તિપુજા દરેક જગાએ જણાય છે. મોહન-જા-ડેરોના ઘરોમાં અગ્નિની વેદી સ્પષ્ટ રીતે જણાતી નથી[૧]

---

૧. "ભરત ઔર ભારત" અને ભારતકા આદિ સમ્રાટ."

૨, એન. એલ. ડે—પ્રાચીન ભારતનો જ્યોર્જનો શબ્દકોષ. Pt. ૧, કલકત્તા, ૧૮૯૯.

૧. જુઓ પા. ૪૩ નોંધ ૪. કલ્યાણનો અંક માર્કણ્ડેય બ્રહ્મપુરાણ. XXI, પા. ૨૫૧.

૨. જુઓ પા. ૪૬, નોંધ ૧.

૩. બી. આઈ, આર—પા. ૧૪૬-૩૪૩.

૧. તિલક—(આર્યો અને ઓરિયનનું પ્રાચીન આર્કટિક ગૃહ), જેકોબી, વીન્ટરનીટઝ, મેકસમુલર, મજમુદાર, રંગાચાર્ય વગેરે વગેરે.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

મોહન જો ડેરોમાં યોગિઓ સિવાય બીજી ન હોય એવી નગ્ન આકૃતિઓ શોધી કાઢવામાં આવી છે.[૨] અને નગ્નપણું એ જૈન શ્રમણોનું એક લક્ષણ છે.[૩] ઋષભપ્રભુ પોતે નગ્ન સ્વરૂપે વિચરતા અને તેમની પ્રતિમાઓ પણ નગ્ન સ્વરૂપે આ રીતે દર્શાવાય છે. ઋક્સંહિતામાં પણ, "मुनयः वातवसनाः" એવો ઉલ્લેખ આવે છે. એ ડો. એ વેબર પ્રમાણે મહાન સિકંદરના સમયના ભારતીય જીમ્નોસોફીસ્ટના જાણીતા અહેવાલો પ્રમાણે, જૈન સાધુઓ જ હોવા જોઇએ.[૪]

હવે મોહન જો ડેરોની આ નગ્ન યૌગિક પ્રતિમાઓ વિષે એમ કહેવાય છે, "આ પ્રતિમાઓ એમ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે, આલ્કોલિથિક યુગમાં સિંધુ નદીની ખીણની પ્રજા યૌગિક ક્રિયાઓની તાલિમ લેતી એટલું જ નહિ, પરંતુ યોગીઓની પ્રતિમાઓનું પૂજન કરતી.[૫] અને આર. બી. પ્રાધ્યાપક રામપ્રસાદચંદ જણાવે છે, "સિંધુ સંસ્કૃતિની મુદ્રાઓ પર કોતરવામાં આવેલી યોગાસનમાં બેઠેલી દેવપ્રતિમાઓ એ અતિપ્રાચીન કાળમાં પ્રવર્તમાન સિંધુ નદીની સંસ્કૃતિમાં યોગવિદ્યાનો પ્રચાર દર્શાવે છે, એટલું જ નહિ, પરંતુ એ મુદ્રાઓ પર યોગની, કાર્યોત્સર્ગ આસનવાળી ઉભા રહેલા દેવોની મુદ્રાઓ પણ એજ વસ્તુ સિધ્ધ કરે છે."

આગળ વધીને કહીએ તો કાયોત્સર્ગ આસન જૈન ધર્મની વિશિષ્ટતા છે, એમાં આસનો બેઠેલા નહિ પરંતુ ઉભેલા હોય છે. આદિ પુરાણ પુસ્તક ૧૮ માં ઋષભ અથવા વૃષભની તપશ્ચર્યાઓ વિષે કાર્યોત્સર્ગ આસનનું વર્ણન આવે છે.

---

૨. જૈનધર્મોનું અસલ ઘર, જે. એ. XX, ૨, પા. ૫૮.

૧. મોહન જોડેરો, પુસ્તક ૧, પા. ૧૧૦–૧૧૧.

૨. ઇબીડ પા. ૩૩–૩૪.

૩. જૈન સાધુઓનું નગ્નપણું; દિગંબરત્વ અને દિગંબર મુનિ.

૪. ભારતમાં ધર્મનો ઇતિહાસ–IA–XXX, જુલાઈ ૧૯૦૧.

૫. સિંધુનદીની પ્રાગ ઐતિહાસિક સંસ્કૃતિનું પુનરુત્થાન–મેમોયર–એ. એસ. આઈ.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

આકૃતિ ૧૨ માં નવસર્જિત કરેલ મથુરાના શિલ્પશાસ્ત્રના કર્ઝન સંગ્રહાલયમાં ઈ. સ. પૂર્વે બીજા સૈકાની કાર્યોત્સર્ગ આસનવાળી, જૈન ઋષભદેવની, શિલા પરની ઊભી ચાર પ્રતિમાઓ જોવા મળે છે, પ્રાચીન ઇજીપ્તના રાજવંશોની શિલ્પ પ્રતિમાઓ પણ ઉભી, અને બંને બાજુએ બંને હાથ લંબાવેલી પ્રતિમાઓ હોય છે. પરંતુ જોકે પ્રાચીન ઇજીપ્તની આ પ્રતિમાઓ અને કાલગ્રસ્ત ગ્રીક કોઉ રોઈ લગભગ એક જ પ્રકારના આસન દર્શાવે છે, છતાં તેમનામાં સિંધુ નદીની મુદ્રાઓ અને કાર્યોત્સર્ગ આસનમાં જણાતી જિનોની ઊભી પ્રતિમામાં જે વૈરાગ્ય પ્રધાન લક્ષણો તરી આવે છે તે એમાં જણાતા નથી. વૃષભ નામ "આખલો" સૂચવે છે અને આખલો જૈન ઋષભનું ચિહ્ન છે." ૧

પ્રાધ્યાપક પ્રાણનાથ વિદ્યાલંકાર કહે છે, "પ્લેટો પર દર્શાવવામાં આવેલા નામો અને ચિહ્નો પરથી પુરાણા હિંદુ અને જૈનોના ધર્મ સંપ્રદાયોને સિંધુ નદીની પ્રજા સાથે સંબંધ હોવો જોઇએ એમ સ્પષ્ટ થાય છે, વળી એ વસ્તુ પણ નોંધપાત્ર છે કે સિંધુ નદીની મુદ્રા નં. ૪૪૯ ના લેખના મારા પરીશ્રમ યુક્ત વાંચન પછી, મને તે જિનેશ્વર અથવા જિનેશ જણાઇ છે.(જિન-ઇ-ઇ-સરહઃ) વળી તે એવો પણ અભિપ્રાય ધરાવે છે કે સિંધુ નદીની પ્રજા તાંત્રિક દેવીએ શ્રી. હ્રી, કલીં વગેરેની પૂજા કરતી, યોગાનુયોગ જે દેવીઓ જૈન સંપ્રદાયની મહત્ત્વની સ્ત્રી-દેવતાઓ ગણાય છે.

---

૧. પાંચ હજાર વર્ષો પૂર્વે સિંધ—મોડર્ન રિવ્યુ, ઓગસ્ટ ૧૯૩૨, પા. ૧૫૫-૧૬૦.

પ્રાધ્યાપક રાંનડેના (મહારાષ્ટ્રમાં રહસ્યવાદ પા. ૯) પ્રમાણે ઋષભદેવ એવા એક રહસ્યવાદી હતા, જેમની પોતાના શરીર પ્રત્યેની સદંતર બેદરકારી, તેમના ઇશ્વર સાક્ષાત્કારનું સર્વોચ્ચ ચિહ્ન સૂચવે છે.

વળી જુઓ મારો લેખ- 'મધ્યકાલીન સમયના રહસ્યવાદી જૈનો', અને એચ. સી. મોદી (અનેકાન્ત, ૧, પા. ૫૩૬-૫૪૩)માં, ઋષભ ભારતમાં યોગ માર્ગમાં આદિ પ્રણેતા હતા એમ સાબિત કરે છે.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

આગળ વધીને એ જણાવે છે "એ વસ્તુ નોંધવી રસદાયક છે કે પુરાણો અને જૈન ધર્મગ્રંથો બંને સિંધુ પ્રજાના આ દેવતાઓને ઉચ્ચ સ્થાન આપે છે." [૧]

સિંધુ નદીની ખીણમાં, એ અતિપ્રાચીન યુગમાં, [૨] જૈન ધર્મના અસ્તિત્વસૂચક બીજા સંખ્યાબંધ પૂરાવાઓ મળે છે.

દા. ત., ત્યાં મળી આવેલી નાગની ફણાવાળી જૈન તીર્થંકરોની મૂર્તિઓ સંભવતઃ સાતમા તીર્થંકર સુપાર્શ્વ [૩] વગેરેનું પ્રતિનિધિત્વ દર્શાવતી પ્રતિમાઓ હોવી જોઇએ. પ્રાધ્યાપક એસ. શ્રીકંઠ શાસ્ત્રી જણાવે છે કે, ઈ. સ. પૂર્વે ૩૦૦૦ થી ૨૫૦૦ વર્ષો દરમ્યાનનો સમયનો ગાળો એમ સૂચવે છે કે સિંધુ નદીની સંસ્કૃતિમાં નગ્નાવસ્થા અને યોગસાધના, આખલાની અને બીજા ચિહ્નોની ઉપાસનાવાળા જૈન ધર્મને મળતા સંપ્રદાયો હતા, અને તેથી, સિંધુ સંસ્કૃતિ અનાર્ય અથવા અવૈદિક આર્ય મૂળમાંથી નીકળેલી હોવી જોઇએ, [૪] કારણ કે જૈન ધર્મનું મૂળ અનાર્ય અથવા છેવટે પ્રાગવૈદિક આર્યો હોવાનું મનાય છે.

પરંતુ પ્રાધ્યાપક હુમાયુન કબીરના શબ્દોમાં "એવા પણ વિદ્વાનો છે જેઓ મોહન જોડેરો પ્રાગ આર્ય સંસ્કૃતિનું જરા સરખું પણ

---

૧. ભારત ઇતિહાસ ત્રૈમાસિક VIII—પૂરવણી પા. ૧૮.

૨. મોહન જોડેરોનું પ્રાચીનપણું અને જૈન ધર્મ–જે. એ., XIV, ૧ પા. ૧–૭.

૩. સુપાર્શ્વનો ઉલ્લેખ વેદોમાં આવે છે. નાગોની ફણાવાળા, અને સ્વસ્તિકના ચિહ્નવાળા તીર્થંકર તરીકે તેમની રજુઆત કરાય છે. જેને વિષે શ્રી હરિનક્રિષ્ણદેવ (સ્વસ્તિક અને ૐકારમાં—જે. પી. એ. એસ. બી, XII, ૧૯૨૧, પા. ૨૩૧–૨૪૪) જણાવે છે, 'સ્વસ્તિક ઘણા પ્રાચીન સમયથી જૈનોમાં પ્રિય ચિહ્ન ગણાય છે, એની પ્રણાલિકાઓ એમ સૂચવે છે કે ઈ. સ. પૂર્વે ૫૨૮ માં મહાવીર મરણ પામ્યા તે પહેલાંના ગણના પાત્ર જુના સમયમાં તીર્થંકર સુપાર્શ્વનાથ થયેલા, તેમનું સ્વસ્તિક એ વિશિષ્ટ ચિહ્ન હતું.' એ નોંધવું રસપ્રદ થઈ પડશે કે સ્વયં મોહન જોડેરોમાં સ્વસ્તિક ખૂબ પ્રચારમાં હતું—એટલે સુધી કે રસ્તાઓ અને શેરીઓની રચનાઓ પણ સ્વાસ્તિકના માળખામાં રહીને કરવામાં આવતી. જે. એ, XV. ૨ પા. ૫૮

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પ્રતિનિધિત્વ ધરાવે છે એ વિષે શંકાશીલ હોય, તેઓ માને છે કે ભારત આર્યોનું અસલ ઘર હતું અને મોહન જો ડેરો તો આર્ય સંસ્કૃતિના વિકાસનો શરૂઆતનો તબક્કો સૂચવે છે. [૧]

આટલું છતાં વિદ્વાનોની સામાન્ય મનોવૃત્તિ સિંધુ નદીની ખીણના લોકો દ્રાવિડિયન જાતિમાંથી ઉતરી આવ્યા હોવાનું માનવા પ્રેરાય છે. રેવ. ફાધર ડો. હેરાશ ભારપૂર્વક એવો અભિપ્રાય ધરાવે છે કે મોહન જો ડેરોની પ્રજા દ્રાવિડીયન હતી, ત્યાંના શિલાલેખોની ભાષા અણુશુધ્ધ રીતે દ્રાવિડીય હતી, અને તેમની સંસ્કૃતિ, ધર્મ વગેરે પણ દ્રાવિડીયન જ હતા.

તેમના જણાવ્યા પ્રમાણે મોહન જો ડેરોનું પ્રાચીન નામ નંદુર મકરભૂમિ [૨] (રાશી ચક્રમાં જણાતું મગર જેવું તારકોનું ઝુમખું) હતું તે એમ માને છે કે નંદુરની લિપિ મનુષ્યનો લેખનનો પ્રથમ પ્રયત્ન હતો, અને નંદુર અથવા મોહન જો ડેરોની સંસ્કૃતિ ઇજિપ્તની પ્રાગ રાજ્યવંશી સંસ્કૃતિ કરતાં વધારે જુની હતી અને માનવજાતિની ઘણું કરીને સૌથી જુની સંસ્કૃતિ હતી. હજી સુધી લોખંડ શોધાયેલું નહિ, [૩] તેથી આ સંસ્કૃતિનો તબક્કો ચાલ્કા—લિથિક (તામ્ર પથ્થર યુગ) ગણવામાં આવે છે. સરજોન માર્શલના જણાવ્યા પ્રમાણે ભારતની ધરતી પર ઉદ્ભવેવી આ સંસ્કૃતિનો ઇતિહાસ અત્યંત જુનો છે, અને એ સમય વિષે તદ્દન ઝાંખો ખ્યાલ આવી શકે છે," અને તેનો સંબંધ ઉત્તર-ભારતના મધ્ય પ્રદેશની માતૃસંસ્કૃતિ અથવા તે સમયની પ્રવર્તમાન ભગિની સંસ્કૃતિ સાથે હોવો જોઇએ. (દા. ત. અયોધ્યા-હસ્તનાપુર પ્રદેશ) [૪]

---

૧. આપણો વારસો (મુંબઈ), પા ૧૨.

૨. મગર, નવમા જૈન તીર્થંકર, પુષ્પદંતનું વિશિષ્ટચિહ્ન હતું.

૩. "ઈ. સ. પૂર્વેની પ્રાગ્ ઐતિહાસિક સિંધુનદીની ખીણની સંસ્કૃતિના વિવિધ અર્થઘટનો." ડો. બી. આર. ચેટરજી, પી. એચ. ડી., ડી. લીટ., આચાર્ય, ગોરતકોલેજ, એમ. સી. મેગેઝીન, ૧૯૩૬.

૪ મોહન જોડેરો અને સિંધુનદીની સંસ્કૃતિ (૧૯૩૧), ગ્રંથ ૧, પાનું ૧૦૬.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

પ્રાધ્યાપક ચીલ્ડે લખ્યું છે, ભારતની સરહદોથી આશરે ૧૦૦૦ ચો. માઇલના ક્ષેત્રવાળી સંસ્કૃતિની નજીકમાં ઇજીપ્ત અને બેબિલોનિયાની સંસ્કૃતિઓ આવેલી છે. આ સંસ્કૃતિઓની વચમાં જે સંસ્કૃતિ છે તે તદ્દન નિરાળી અને સ્વતંત્ર છે, તે વિશિષ્ટ રીતે બીજી સંસ્કૃતિઓ કરતાં ભિન્ન તરી આવે છે અને સ્પષ્ટ રીતે જોઇએ તો તેના મૂળ ભારતીય સંસ્કૃતિમાં ઊંડા ઉતરી ગયેલા છે. તે ઘણો સમય થયાં ટકેલી છે, અને તે વિશિષ્ટ રીતે ભારતીય છે, અને અર્વાચીન ભારતીય સંસ્કૃતિના પાયા તરીકે તે કામ કરે છે."[1]

આમ આ અતિપ્રાચીન છતાં સિંધુ નદીના લોકોની અતિવિકસિતસંસ્કૃતિ, સુવિખ્યાત શિલ્પ શાસ્ત્રીઓ અને પુરાતત્વવિદ્યાના વિદ્વાનો, દ્રાવિડિયન પ્રજાની સંસ્કૃતિ તરીકે ઓળખાવે છે.[2] આ દ્રાવિડિયન પ્રજા આપણને જે કાંઇ જ્ઞાન છે તે ઉપરથી આપણે કહી શકીએ છીએ કે ભારતની સૌથી પ્રાચીન પ્રજા છે અને તે એવી વ્યાપક સાબતી પૂરી પાડે છે.[3] કે આ પ્રજા વૈદિક ધર્મનો જન્મ થયો તે પહેલાં ઘણા લાંબા સમય પૂર્વે અથવા આર્ય સંસ્કૃતિની શરૂઆત થઇ તેના કરતાં પણ પૂર્વે જૈન ધર્મ પાળતી હતી. શરૂઆતના બ્રાહ્મણ સાહિત્યમાં આ પ્રાચીન જૈનોને વ્રાત્યો અથવા વૃષલો

---

૧. સૌથી પ્રાચીન પૂર્વ વિષે નૂતન પ્રકાશ (૧૯૩૪).

૨. સર જોહન માર્શલ, ખ્રિસ્તી ધર્મ પ્રચારક ડો. હેરાસ. રાખલદાસ બેનરજી, એફ. ડબલ્યુ થોમસ, ડો. આર. કે મુકરજી, પ્રાધ્યાપક. એચ. કબીર, વગેરે. ડો. જી. આર. હન્ટર અને સુપ્રસિદ્ધ આશિરીયન સંસ્કૃતિના વિદ્વાન પ્રાધ્યાપક લેન્ગડન એવો અભિપ્રાય ધરાવે છે કે ભારતીય સંસ્કૃતિની આ પ્રાગ્ ઐતિહાસિક લિપિમાંથી એના વંશજ તરીકે બ્રાહ્મી લિપિ પ્રગટ થઈ છે અને જૈન પ્રણાલિકા મુજબ આપણે જાણીએ છીએ કે ઋષભ લેખનકળાનું સંશોધન કરવામાં પ્રથમ હતા અને પોતાની બ્રાહ્મી નામની દીકરી ઉપરથી તેમણે શોધેલી પ્રથમ લિપિનું નામ બ્રાહ્મી રાખ્યું હતું.

૩. સેન્સસ ઓફ ઇન્ડિયા રિપોર્ટ (૧૯૦૧), પુસ્તક ૧, મુદો ૧. પા. ૫૦૮

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

કહેવામાં આવે છે.[૪] પ્રથમ આર્યો આ દેશમાં સ્થિર થયા અને વિસ્તર્યા તે પહેલાં તેમને, સારી રીતે બાંધવામાં આવેલા મજબુત નગરો (પુરો) અને અહિંસાવાદી, યાજ્ઞિક સંપ્રદાયિકાના વિરોધી અને અસલ વતનીઓ એવા પ્રતિસ્પર્ધીઓ અને દુશ્મનો સાથે સંઘર્ષ કરવો પડયો.

હકિકતમાં જૈન પ્રણાલિકા પ્રમાણે ઋષભદેવના પુત્ર, રાજકુમાર દ્રાવિડ, પાછળથી દ્રાવિડો તરીકે ઓળખાયેલી જાતિના આદિ જનક હતા. જુના સમયના ઘણા દ્રાવિડ રાજકુમારો, જૈન સાધુઓ બનેલા અને તેથી કરીને તેઓ આજે પણ પૂજાય છે.

મેજર જનરલ જે, જી. આર. ફોરલોન્ગ, એફ. આર. એસ. ઇ., એફ. આર. એ. એસ., એમ. એ. આઈ. વગેરે, પોતાના સત્તર કરતાં વધારે વર્ષોનાં અધ્યયન અને સંશોધનના પરિણામે જણાવે છે કે ઇ. સ. પૂર્વે પંદરસોથી આઠસો વર્ષ સુધીના ઉત્તર, પશ્ચિમા ઉત્તર મધ્ય ભારતમાં અજ્ઞાત સમયથી માંડીને તૂરેનીયનો અથવા અનુકૂળતા જળવાય એટલા માટે કહીએ તો દ્રાવિડોનું રાજ્ય હતું. આ રાજયમાં વૃક્ષ, સર્પ, અને લિંગ પૂજા થતી, પરંતુ આની સાથે સાથે ભારતના ઉપલા ભાગમાં તાત્વિક, નૈતિક અને કઠોર તપસ્વી જીવન જીવતી જૈન ધર્મની પ્રાચીન અને અત્યંત સુગ્રથિત ધાર્મિક સંસ્થા હતી, એમાંથી સ્પષ્ટ રીતે પ્રાચીન તપસ્વી લક્ષણો ધરાવતા બ્રાહ્મણ અને બુધ્ધ ધર્મો વિકાસ પામેલા. આર્યો ગંગા નદી અથવા સરસ્વતી સુધી આવી પહોંચ્યા તે પહેલાં, ઇ. સ. પૂર્વે આઠમા અથવા નવમા સૈકામાં થઇ ગયેલા, તેવીસમા બોધ (બુધ) પાર્શ્વ પહેલાં, આશરે બાવીસ અગ્રગણ્ય બોધ (બુધ) અથવા તીર્થંકરોએ જૈનોને જ્ઞાન આપેલું. પાર્શ્વને પોતાના સર્વે પુરોગામીઓ-જુદા જુદા લાબા સમયાતંરે થઇ ગયેલા પવિત્ર ઋષિઓ અને જંગલમાં વસનારા આધેકૃત વાનપ્રસ્થો અથવા

---

૪. પ્રાધ્યાપક એ ચક્રવર્તિ, એમ. એ., આઈ. એ. એસ. ગઈ કાલ અને આજ—પ્રાચીન ભારતના તારકો વિષેનું પ્રકરણ, પાનું ૫૯–૭૧, જૈન ગેઝેટ XXI, પા–૬, અને જુઓ મોડર્ન રિવ્યુ ૧૯૨૯, પા. ૪૯૯.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

તપસ્વીઓની સ્મૃતિમાં મળેલું યુગો પહેલાંનું વડિલે પાર્જીત સર્વે સદ્દશાસ્ત્રોનું જ્ઞાન, જે પૂર્વ અથવા 'પુરાણ' તરીકે જાણીતું હતું, ખાસ કરીને ઇ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં અને તેમના સર્વ બોધોએ (બુધોએ) જેનું કડક રીતે પાલન કરેલું એવી જૈન વ્યવસ્થા હતી. ઈ. સ. પૂર્વે ૫૯૮–૫૨૬ માં થઈ ગયેલાં છેલ્લા ચોવીસમાં તીર્થંકર મહાવીરે મુખ્ય ભાગ ભજવ્યો હતો. જેમ આપણે આપણા અધ્યયન ૧ અને પૂર્વના પવિત્ર પુસ્તકો XXI અને XLVમાં આપણે જોયું તે પ્રમાણે દૂર દૂરના અંતરે આવેલા બેકટ્રીયા અને બેકસીયા સુધી પ્રસરેલા બ્રાહ્મણ ધર્મ અને બુદ્ધ ધર્મમાં આ કઠોર તપસ્વી વ્યવસ્થા પ્રવેશેલી. આગળ વધીને તે ટીકા કરે છે, "શરૂઆતમાં જેમ ધારવામાં આવતું હતું તે પ્રમાણે જૈન ધર્મ બૌદ્ધ ધર્મનો ફણગો હોવાને બદલે તે ઇ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષો થયા પ્રસરેલા. ઉત્તર ભારતની અસભ્ય જાતિઓની પ્રકૃતિ પૂજાની સાથે સાથે તે પ્રસરી રહ્યો હતો એમ જણાય છે.' એસ. એન. ગોખલેના શબ્દોમાં "અહિંસાં જૈન ધર્મની ચાવી છે, અને તેનું તત્વજ્ઞાન આર્યપ્રજા પહેલાંના સમયથી ઉતરી આવેલું છે." અને ડો. કાળદાસ નાગ કહે છે, "જે લોકો ઇતિહાસ જાણવાનો દાવો કરે છે તેમાંના કોઇ એટલું જાણતા નથી કે, બુધ્ધ પહેલાં, લાખો અને કરોડો વર્ષો પૂર્વે, એક કે બે નહિ પરંતુ કેટલાક જૈન તીર્થંકરોએ, અહિંસાના ધર્મ સંદેશાનો પ્રચાર કરેલો. જૈન ધર્મ અતિ પ્રાચીન ધર્મ છે અને તેણે ભારતીય સંસ્કૃતિને ઘણું આપ્યું છે."[૩] વળી ડો. જેકોબી એવો પણ અભિપ્રાય ધરાવતા કે જૈન ધર્મ ભારતના શરૂઆતના તત્વજ્ઞાન સાથે સંકળાયેલો હતો.[૪] ભારતીયો દ્વારા સંશોધન કરવામાં આવેલા, અણુસિધ્ધાંતના વિકાસ

---

૧. તુલનાત્મક વિજ્ઞાન વિષે સંક્ષિપ્ત અધ્યયન પા. ૨૪૩–૨૪૪, અને પ્ર. ૧

૨. ભારત થિયોસોફિસ્ટ,

૩. અનેકાંત X, ૬, પા. ૨૨૬,

૪. જૈન ગેઝેટ, ૧૯-૨૨, પા. ૪૬,

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

વિષે પ્રવચન કરતાં બીજા સુપ્રસિધ્ધ વિદ્વાન જણાવે છે " ઉપનિષદોમાં જાળવી રાખવામાં આવેલા અતિજુના તાત્વિક તત્વ ચિંતનમાં આપણને અણુ-સિધ્ધાંતની નિશાની સુધ્ધા પણ જોવા મળતી નથી, અને તેથી જે વેદાંત સૂત્ર, ઉપનિષદોના શિક્ષણ વિષે પદ્ધતિસર અર્થઘટન કરવાનો દાવો કરે છે તેમાં એનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે, એટલું જ નહિ, પરંતુ સાંખ્ય અને યોગ તત્વજ્ઞાન, જેમનું રૂઢિચૂસ્ત શાસ્ત્રોમાં દ્વિતીય સ્થાન આપે છે, તે શાસ્ત્રો પણ અણુ-સિધ્ધાંતનો સ્વીકાર કરતા નથી. આને રૂઢિચૂસ્ત શાસ્ત્રો એટલા માટે કહે છે કે વેદાંત સૂત્ર તેમને વેદો સાથે સુસંગત એવા સ્મૃતિ વચનો ગણવાનો અધિકાર આપે છે.

પરંતુ અણુ-સિધ્ધાંત વૈશેષિકનો મુખ્ય અંતરંગ ભાગ છે, અને ન્યાયશાસ્ત્રમાં એનો સ્વીકાર થયેલો છે. આ બંન્ને બ્રાહ્મણને લગતા તત્વજ્ઞાનની શરૂઆત દૈવી કે ધર્મપરાયણ મનુષ્યોએ કરેલી નથી પરંતુ બીનસાંપ્રદાયિક વિદ્વાનોએ કરી છે. નિર્વિશેષવાદીઓમાં જૈનો તેમજ આજીવકોએ તેનો સ્વીકાર કર્યો છે. આપણે જૈનોને પ્રથમ ગણીએ છીએ, કારણ તેમણે વસ્તુ વિષયક સૌથી પુરાણા વિચારોમાંથી આ પધ્ધતિ વિકસાવેલી જણાય છે. એ જ વસ્તુ જૈનોના કર્મસિદ્ધાન્ત વિષે બરાબર સત્ય જણાય છે. કર્મસિધ્ધાંત તેમની જીવાત્માઓ વિષેની માન્યતા અને વીરપૂજાના આગવા અણુસિદ્ધાંતમાંથી ઉદ્ભવ્યો છે.[૨]

પ્રાધ્યાપક જી સત્યનારાયણ મૂર્તિએ ૧૯૧૬ માં લખ્યું છે કે, " જૈન ધર્મ ભારતીય વિચારસરણી ધરાવનાર પ્રાચીન શાળાઓનું અસલી ઉપાર્જન છે. યુરોપમાં ખ્યાતનામ બનેલા શરૂઆતના મહાપંડિતોએ ભલે ને ગમે તે કહ્યું હોય, પરંતુ એટલું નોંધપાત્ર છે કે, જૈન ધર્મ તેની યશસ્વી કીર્તિ અને વિપુલ સાહિત્ય ભંડારસહિત એકી સાથે બીનસાંપ્રદાયિક અને ધાર્મિક છે અને કલ્પી ન શકાય એટલા બધા પ્રાચીન કાળથી ઉતરી આવ્યો છે, જૈન ધર્મનો તેનો આગવો ઇતિહાસ છે, અને એ ઇતિહાસના મોટા ભાગની ઢંકાયેલી સામગ્રી વિષે, લગભગ

---

૧. ધર્મ અને નતિનો ગ્રંથકોશ, પુસ્તક ૨, પા. ૧૯૯-૨૦૦,

૨ આ મુદ્દાઓ પર આગળના પાનાઓમાં આપણે કયારનાય ઉલ્લેખો દર્શાવ્યા છે.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

વર્ષો વર્ષ ભારત અને દૂર દૂરના દેશોમાં ઘણા વિદ્વાનોના ધીરજ પૂર્વકના સંશોધન દ્વારા, નવો પ્રકાશ પથરાતો જાય છે. હાલના સમયમાં જૈન ધર્મનો ઇતિહાસ જાણવાનાં ઘણાં સાધનો છે અને ખૂબી તો એ છે કે તેઓનો પોતાનો પણ આગવો ઇતિહાસ છે. દા. ત., એશિયાટીક સમાજ અને એશિયાટીક સંશોધનોનો વિનિયોગ–તેમજ ડેવીસ, નોકસ, કેપ્ટન મેહોનિ, હોગસન, ડો. બ્યુયેનોને, પ્રાધ્યાપક વિલ્સન, ડેલામેઇન, ડો. જેકોબી અને ડો. બુહલટ અને બીજા સંબંધ જૈન ઇતિહાસકારો." [3]

ગુસ્તાવ ઓપ્પર્ટના જણાવ્યા પ્રમાણે જૈન ધર્માચાર્યો સ્થાનિક પ્રાચીન પ્રજાને વરેલા પ્રથમ પ્રચારકો અને ધર્મગુરૂઓ હતા. કદાચ એટલા માટે જ ખાસ કરીને જૈનોના મંદિરને પલ્લી કહેવામાં આવે છે. [1]

છેવટે એક વધારાના નિષ્ણાત પંડિત, સર સન્મુખમ્ચેટ્ટિની નોંધ કરીએ તો, "મને એ રીતનું ઐતિહાસિક ચિંતન ખૂબ જ રસપ્રદ લાગ્યું છે કે ભારતમાં આ મહાન ધર્મનો સાચો પ્રાદુર્ભાવ કેવી રીતે થયો હશે..... એ દૃષ્ટિ–બિંદુથી આ મહાન ધર્મ વિષે વિચાર કરતાં જ હું એ પ્રમાણે માનવા લલચાયો છું કે જૈન ધર્મ ઘણું કરીને ભારતમાં સૌથી પ્રાચીન પ્રવર્તમાન ધર્મ હતો, અને જ્યારે આર્યો પરદેશથી ભારતમાં પ્રવેશ્યા અને જ્યારે પંજાબમાં વૈદિક ધર્મમાં ઉત્ક્રાંતિ થઇ રહી હતી ત્યારે, એ ધર્મ, પૂર બહારમાં ખીલી રહ્યો હતો. હું ધારૂં છું કે ભગવાન મહાવીરે જે અઢળક સામર્થ્યથી ભરપૂર બળ પ્રગટાવ્યું હતું તેણે જ ખરેખર ભગવાન બુધ્ધનું સર્જન કરેલું. એ હકિકતમાં અત્યંત ઊંડો ભાવર્થ રહેલો છે કે ભગવાન મહાવીર અને બૌધ્ધ સમકાલિન હતા, મહાવીર સ્વામીએ સળગાવેલી ક્રાન્તિની જ્યોત ભગવાન બુધ્ધે ઉપાડી લીધેલી હોવી જોઇએ. મોટા મોટા હિંદુ સાધુઓને દક્ષિણ ભારતમાં હિંદુ ધર્મનો પુનરુધ્ધાર કરવા અરે જૈન ધર્મને

---

૩. જૈન ગેઝેટ, ૧/–૧૬, પા. ૭૩,

૧. જૈન ગેઝેટ, જુન ૧૯૭૩, પા. ૮૩–૮૫,

૨. પ્રાગ્ય ઐતિહાસિક જૈન ચિત્રો–જેએ, X, ૨ અને XI, ૧,

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

નિર્મૂળ કરવા, ઘાતકી રીત રસમો અખત્યાર કરવી પડેલી એ હકીકત જ સાબિત કરે છે કે જૈનધર્મએ દક્ષિણ ભારતની પ્રજા પર કેટલી જબરદસ્ત પકડ જમાવી હશે, અર્વાચીન ઐતિહાસિક સંશોધનો અને શિલ્પશાસ્ત્રને લગતી શોધખોળોને લીધે વિદ્વાનો એમ માનવા પ્રેરાયા છે કે પ્રાચીન આર્યોના સમયમાં ભારતમાં અત્યંત મહાન સંસ્કૃતિ વિસ્તરેલી. સગવડ ખાતર, હું એ સંસ્કૃતિને દ્રાવિડીય સંસ્કૃતિ કહીશ. હું આ શબ્દનો સગવડ પુરતો પ્રસંગોપાત ઉલ્લેખ કરું છું. કારણ કે આ દિવસોમાં "દ્રાવિડીયન સંસ્કૃતિ અને એવા બધા શબ્દ સમૂહનો ઉપયોગ થવાથી બિન જરૂરી કટૂતા ઊભી થાય છે, અને મારી પોતાની માન્યતા એવી છે કે જૈન ધર્મ દ્રાવિડીયન પ્રજાનો ધર્મ હતો, અને આ પ્રજા ભારતની આર્યોની પૂર્વગામી વસવાટ વાળી પ્રજા હતી. આર્યો વિધિ વિધાનો અને પશુઓના બલિદાન ઉપર રચાયેલા તેમના આગવા ખ્યાલો સાથે અહીં આવેલા અને મહાવીર પ્રભુના સમયમાં જૈન ધર્મના પુનરુત્થાન માટે જે અગ્રસ્થાન આપવામાં આવેલું તે દર્શાવે છે કે આ દેશમાં વસતો વિશાળ જનસમુદાય, જૈન ધર્મના સિધ્ધાંતોને અત્યંત પ્રતિકૂળ એવા આ નવા સંપ્રદાય અને તેના વિધિ વિધાનો સામે કેટલો ક્રાંતિકારી બન્યો હતો.[૧]

જુનામાં જુના ભારતની રહસ્યપૂર્ણ સંજ્ઞાઓ જેમકે સ્વસ્તિક, ત્રિદંડ (અથવા ત્રિરત્નનું પ્રતિનિધિત્વ સૂચક ત્રિશુલ), ધર્મચક્ર (સમય ચક્ર અને નીતિ ચક્ર), નંધ્યાવર્ત અને વર્ધમાનકય (અથવા નન્દીપદ), વૃક્ષ, સ્તૂપ, દ્વિતીયાનો ચંદ્ર, કમલ, આખલો, મકર, હાથી, સિંહ, કુર્મ સર્પ અને બીજા કેટલાક પશુઓ બ્રાહ્મણ ધર્મ અને બુધ્ધ ધર્મે અપનાવેલા તે પહેલા, મૂર્તપ્રથા પ્રચલિત બની તે પહેલાં ઘણાં પ્રાચીન સમયથી, જૈનોએ, તેમને સર્વ સાધારણ રીતે અપનાવેલા હોય તેમ જણાય છે. અને રાયગઢ રાજ્યમાં, સીગનપુર વગેરેની કેટલીક નિયોલીથીક ગુફાઓમાં આશરે દશ હજાર વર્ષો પૂર્વેના અમુક પ્રાગ

---

૧. રંગાચાર્ય–મુસલમાનો પહેલાંના ભારતનો ઇતિહાસ, પુસ્તક ૧, અને નવજીવન જી અને આઈ સંખ્યા ૨, ઓકટોબર ૨, ૧૯૪૯.

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

ઐતિહાસિક ચિત્રો શોધી કાઢવામાં આવ્યા છે. જેમાં, આ અતિ પ્રાચીન સમયમાં, જૈન ધર્મની અસરવાળી ભૂલ વગરની સ્પષ્ટ નિશાનીઓ જણાય છે. [૨] એટલે સુધી કે ભારતમાં પાલીઓલીથીક અને નિયોલીથીક મનુષ્યો વિષેના ધાર્મિક વિચારો જેટલે દરજ્જે જણાયા છે તેટલે દરજ્જે તેમનામાં અને જૈન તત્ત્વજ્ઞાનના મુખ્ય લક્ષણોમાં ગાઢ નિકટપણું જણાયું છે, દા. ત., જીવસિધ્ધાંત, મરણ પછી જીવન, આત્માનો સનાતન સ્વભાવ, કર્મ વિષેના જૈન સિધ્ધાંતને મળતા આવે એવા માનસિક પ્રક્રિયાં સૂચક કાર્ય અને કારણ વચ્ચેના સંબંધો વગેરે વગેરે. [૧]

વળી જુઓ પી. સી. મિત્રારચિત પ્રાગભારત. વળી એવો પુરાવો પણ પૂરતા પ્રમાણમાં જોવા મળે છે કે, માંસાહારી હિંસાત્મક પ્રકૃતિના લોકોની સાથે સાથે અહિંસા ધર્મમાં માનનારા, કેવળ વનસ્પતિ પર નિર્વાહ કરનારાઓ, પણ હંમેશાં વિદ્યમાન હતા. ઈજીપ્ત રાજ્યવંશો પૂર્વેનો અતિ પ્રાચીન ધર્મ લાખો વર્ષ પુરાણો છે, એ ધર્મ જૈનધર્મ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતો જણાય છે. હકીકતમાં, ફોરલોન્ગના શબ્દોમાં, જૈન ધર્મની શરૂઆત સમજવી મુશ્કેલ છે. ખુદ જૈનોના જણાવ્યા પ્રમાણે તેમનો ધર્મ સનાતન છે. ઋષભ પહેલાં તેનું અસ્તિત્વ હતું, અને ઋષભની તવારિખ પણ અસંખ્ય વર્ષો પૂર્વેની છે.

પરંતુ વૈજ્ઞાનિક ઇતિહાતના નક્કર સત્યો તરફ પાછા ફરીએ તો ભૂસ્તર શાસ્ત્રીઓ, માનવ નૃવંશીય ભૌગલિક નિષ્ણાતો અને બીજા પ્રાગ ઇતિહાસકારો પ્રમાણે, અદિ હિમયુગનો છેલ્લો તબક્કો ઈ.સ. પૂર્વે આઠથી દશ હજાર વર્ષો પૂર્વે પૂરો થયો, અને તેની સાથે હિમાચ્છાદિત યુગ પછીનો યુગ શરૂ થયો. આ સમય નિયોલીથીક યુગ (નવિન–પથ્થર યુગ) નો પાછલો તબક્કો સૂચવે છે. નવિન પથ્થર યુગ પૃથ્વીની વર્તમાન ભૂમિ સૂચવે છે. આશરે આ સમયમાંજ આ કહેવાતી આર્ય પ્રજાએ પોતાનું આર્કટિક ઘર છોડી ભ્રમણ કરવું શરૂ કર્યું. બરાબર ભારતમાં આ સમય પછી થોડા વખતમાં, ચાલકોલિથિક યુગ (તામ્ર-

---

૨. એસ. પી. રોય—માનવ જાતિની ખોરાકના પ્રશ્ન વિષે કેટલીક બાજુઓ –જે, જી; એપ્રીલ, ૧૯૧૧,

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

પથ્થર યુગ)ની શરૂઆત થઈ. આ પરિવર્તન આજની સમજ પ્રમાણે વિચારીએ તો સંસ્કૃતિની પ્રાથમિક શરૂઆત હતી.

આપણેને નવાઈ લાગે એ રીતે ભગવાન ઋષભદેવને લગતો એક રસપ્રદ પુરાવો જોવા મળે છે. સમ્રાટ ચંદ્રગુપ્તમૌર્યના દરબારમાં પાટલિપુત્ર મુકામે સેલ્યુસાઈડ એલચી મેગેસ્થિનિસ કેટલોક વખત રહેલો. આ ચંદ્રગુપ્ત મૌર્ય જૈન રાજા હતો એમ હવે સાર્વત્રિક રીતે સ્વીકારાયું છે. મેગેસ્થિનિસ્થ ઇ.સ. પૂર્વે, ૩૦૫માં વર્ષમાં નોંધે છે કે, એના સમય પૂર્વે, ૬૪૬૨ વર્ષ પૂર્વેના ભારતીય ઇતિહાસની શરૂઆતમાં એક પ્રચલિત વિશ્વસનિય દંતકથા પ્રવર્તતી હતી. એ દંતકથા પ્રમાણે, મહાન ભારતીય ડાયોનીસસ અને તેનો પુત્ર મહાન હરકયુલસ હતાં. તે ડાયોનીસસ અને મેરૂ પર્વત અને કૈલાસ (હિમોડોશ) સાથે સરખાવે છે. તે જણાવે છે કે વિવિધ પ્રકારના કળા કૌશલ્ય, નગરો બાંધવા, રાજ્યો સ્થાપવા વગેરે વગેરેના સંશોધનો અને શોધ-ખોળો તેને આભારી હતાં. તે તેને લેનાયસ તરીકે સંબોધે છે કારણ ફળ ભેગાં કરી પીસીને રસ કેવી રીતે કાઢવો એ એણે શોધેલું. તેના સમય પહેલાં ત્યાંના લોકો પૃથ્વીમાં સ્વાભાવિક રીતે જે ફળ ઉત્પન્ન થતાં તે તોડીને નિર્વાહ કરતા એમ જણાય છે. તેનો પુત્ર હરકોલસ મહાન યોધ્ધો અને વિજેતા હતો, તેને ઘણી સ્ત્રીઓ અને સંખ્યાબંધ બાળકો હતા, ડાયોનિસસ ૨૫૦ વર્ષ જેટલું દીર્ઘ જીવન જીવેલો.[૨]

હવે આ સર્વ વર્ણન બીજા કોઇને નહિ પરંતુ ઋષભદેવ અથવા

---

૩. ડો. રોબર્ટ ચર્ચવેલ "પોતાના ધર્મનું મૂળ અને ઉત્ક્રાંતિ" (લંડન, ૧૯૨૪માં વર્ણવ્યા પ્રમાણે જૈન ધર્મ અને પ્રાચીન ઈજીપ્તના ધર્મની સરખામણી કરે.

૪. મિલક—આર્યોનું આર્કટીક ઘર, વળી મિત્ર રંગાચાર્ય વગેરેના ગ્રંથો.

૧. સ્મીથ-ઇ.એચ.આઈ, થોમસ-અશોકની શરૂઆતની શ્રદ્ધા, એ-આર. એનર્જી—કયુ. એમ. એસ, XVI ૧૯૨૩, પા. ૫-૯ જયસ્વાલ-જે.બી.ઓ.આર. એસ-III, સી, ડી, ચેટરજી—બી. સી. લાં, પુસ્તક, વગેરે વગેરે,

૨. એમ. સી. ક્રીન્ડલ—પ્રાચીન ભારત, પા. ૩૫-૩૮ (મેગસ્થિનિસની ઇન્ડીકા).

CC-0. Agamnigam Digital Preservation Foundation, Chandigarh

આદિનાથ એટલે પ્રથમ ધર્મ પ્રવર્તક, પ્રથમ ધર્મ અને વ્યવસ્થાના સંસ્થાપક, કલા, ઉદ્યોગ અને સામાજિક વ્યવસ્થાના પ્રણેતા, અને ભોગભૂમિ (પ્રકૃતિનું અત્યંત સાદુ અને સરળ જીવન)ને અંતે કર્મ-ભુમિ (કર્મ અને બુધ્ધિ પ્રધાન યોગ)ની શરૂઆત કરનાર હતા.

તેમના પુત્ર ભરત ચક્રવર્તિ, પ્રથમ વિશ્વવિજેતા હતા તેમને ઘણી સ્ત્રીઓ અને સંખ્યાબંધ પુત્રો હતા, એટલે એ વિષે શંકા નથી કે આ બે હજાર વર્ષો કરતાં વધારે જુની પ્રણાલિકા, ભગવાન ઋષભ દેવને જ એટલી બધી નિશ્ચિતપણે દર્શાવે છે એના પ્રમાણે તે ઈ. સ. પૂર્વે ૬૭૬૫માં અથવા ૯૦૦૦ વર્ષો પૂર્વે થયેલા હોવા જોઇએ. ઈસ. પૂર્વે ત્રીજા–ચોથા સૈકામાં આ તારીખ પ્રણાલિકા મુજબ દર્શાવવામાં આવતી પરંતુ પ્રસંગોપાત, એ ઉપર જણાવેલી ભુસ્તરશાસ્ત્રને લગતી ધારણાની સાથે તદ્દન સુસંગત જણાય છે અને ઈ. સ. પૂર્વે ૩૦૦૦માં આર્યોનું આગમન થયું તે સંસ્કૃત ઇ. સ. પૂર્વે ૫૦૦૦ વર્ષો પહેલાં આદિ ઇજીપ્તની સંસ્કૃતિ અથવા ઇ. સ. પૂર્વે ૬૦૦૦ વર્ષોની સિંધુ નદીની ખીણની અત્યંત પ્રાચીન સંસ્કૃતિની પહેલાંનો સમય હોવો જોઇએ, આમ જૈન ધર્મ પ્રાગૂ ઐતિહાસિક (જે સમયમાં લેખન ન હતું) અર્ધ ઐતિહાસિક અને ઐતિહાસિક સમયમાં અસ્તિતત્વમાં રહેલો જણાય છે. માનવજાતિના આ સૌથી પુરાણા ધર્મને કેવળ ધર્મ અથવા માનવધર્મ અથવા મગ્ગ (માર્ગ અથવા પથ), સિંધુ નદીની

---

૧. મનુસ્મૃતિ મહાભારત અને પુરાણો (ઇ.સ. પૂર્વે ૧૦૦ વર્ષથી ઈ.સ પછીના હજાર વર્ષ સુધી) ના ગ્રંથકર્તાઓએ પોતાની પ્રણાલિકાના સમયો અને યુગોના તબક્કાઓને ન કલ્પી શકાય એટલી લંબાઇ પૂર્વક લંબાવ્યા છે. આ જોઈને જૈન લેખકો, જેઓ નિશ્ચિત પણે તેમની પ્રણાલિકાઓને બ્રાહ્મણોની પ્રાણલિકા, પૂર્વેની જાણતા હતા, તેમણે પણ પોતાની તવારીખો સારી રીતે લંબાવી અને બ્રાહ્મણોની તવારિખો કરતા એટલે સુધી દૂર નીકળી ગયા કે એ પણ કાલ્પનિક અને ગણનાબાહ્ય નિવડી,

૨. મગ્ગ શબ્દના અતિ પ્રાચીન લક્ષણ અને તેના જૈન ધર્મને લગતા મૂળ વ્યવહાર વિષે જુઓ—"પ્રાચીન જૈન ધર્મ વિષે નવપ્રકાશ"—જે એ; XIV, I પા. ૨૨.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

ખીણની સંસ્કૃતિના દિવસોમાં ઋષભ સંપ્રદાય, અથવા જૈન ધર્મ વૈદિક પ્રજામાં વ્રાત્ય ધર્મ, અથવા અહિંસા ધર્મ, ઉપનિષદોના સમયમાં આર્હત ધર્મ, અથવા આત્મધર્મ, બુધ્ધોના સમયમાં નિગંઠ ધર્મ, ઇન્ડો-ગ્રીક અને ઇન્ડો-સીથીયન સમયમાં શ્રમણ ધર્મ, કહેવાતા હિંદુ સમયમાં જૈન ધર્મ, સ્યાદવાદમત અથવા અનેકાંતમત ભક્તિ પ્રવૃત્તિના દિવસોમા, ખાસ કરીને, દક્ષિણમાં ભાવ્ય ધર્મ, રાજપુતાનામાં શ્રાવક ધર્મ, પંજાબમાં ભાવદાસ ધર્મ વગેરે વગેરે નામે ઓળખાયો છે. એ સુસંસ્કૃત માનવ જાતિની સૌથી પુરાણી ધાર્મિક પદ્ધતિ અને શુધ્ધ રીતે અસલી સ્વરૂપ હોવા ઉપરાંત એ એકજ ધર્મ એવો છે જે અત્યંત આશ્ચર્યજનક રીતે આટલો વખત થયા છતા ટકી રહ્યો છે, અને આજે પણ પોતાનું મહત્વ ગૌરવ જાળવી રહ્યો છે.

તેની શરૂઆતથી માંડીને તેના સંપર્કમાં આવેલી સર્વ ધાર્મિક પ્રવૃત્તિઓ વિષે તે સક્રિય અસર અને પરિણામો નીપજાવી રહી છે, અને માનવીય વિચાર અને સંસ્કૃતિ પર અસર કરી રહી છે; સંસ્કૃતિના સર્વ ક્ષેત્રોમાં પણ તેનો ફાળો નાનો સૂનો કે અર્થ શુન્ય નથી. તેનો શાંતિ, શુભેચ્છા, સાર્વત્રિક બંધુભાવ દર્શાવતો મંગલમય આશીર્વાદાત્મક સંદેશો કેવળ પોતાની જન્મભૂમિ પૂરતો જ નહિ પરંતુ સમગ્ર સમષ્ટિ માટે, કેવળ વ્યક્તિ માટે નહિ પરંતુ સમગ્ર માનવજાતિના કલ્યાણ અર્થે આપવામાં આવ્યો છે," ડો. નાગે કહ્યું છે "જૈન ધર્મ, એ કોઇ અમુક ચોક્કસ જાતિ કે સંપ્રદાયનો ધર્મ નથી. એ તો જીવમાત્રનો ધર્મ છે. એ આંતરરાષ્ટ્રીય અને સમગ્ર વિશ્વનો ધર્મ છે."

ખ્રિસ્તી ધર્મ પ્રચારક એ. જે. ડુબોઇસના શબ્દોમાં, "હા ! જિનનો ધર્મ આ પૃથ્વી પરનો સર્વ માનવજાતિનો આદિ ધર્મ છે, સત્યધર્મ છે."

જિન ધર્મ યશસ્વી હજો, વિજયી હજો ! ! !

જૈનો ધર્મોસ્તુ મંગલમ્.....

જૈનો ધર્મોસ્તુ મંગલમ્.....

જૈનો ધર્મોસ્તુ મંગલમ્.....

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

સરનામું

તા.....૧૯૭૯

શ્રી સી. એમ. શાહ એન્ડ ફેમીલી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ
૪૭, 'ચંદ્રાલય' સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા. અમદાવાદ–૩૮૦૦૦૯

આપના તરફથી **"જૈનધર્મ સહુથી વધુ પ્રાચીન અને જીવંત ધર્મ"** નામની ગુજરાતીમાં કરવામાં આવેલ અનુવાદની પુસ્તિકા અમોને ભેટ તરીકે મલી. તે પુસ્તિકા અમોએ ઝીણવટથી વાંચી છે. તે પુસ્તિકા અંગે અમારો અભિપ્રાય નીચે પ્રમાણે છે.

અભિપ્રાય :–

સહી.....

અહીંથી કાપીને આપનો અભિપ્રાય આજ કાગળમાં મોકલી આપવો.

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

CC-0. Agamnigam Digital Presevation Foundation, Chandigarh

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ–૩૮૦૦૦૧